CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા　　૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૪　　શનિવાર તા.૦૪-૦૭-૨૦૨૬　　અંક : ૧૨ વર્ષ : ૨૨　　email :rajkot@aaspassindia.com　　કિંમત રૂા. ૨-૫૦　　પાના - ૮

# બલુચિસ્તાનમાં કોસ્ટગાર્ડ કેમ્પ ઉપર હુમલો : ૩૦ સુરક્ષાકર્મીના મોત

## પ્રતિબંધિત સંગઠન બલૂચ લિબરેશન આર્મીએ ફિદાઈન હુમલો કર્યો હોવાનો દાવો કર્યો : બલુચિસ્તાનને મુક્ત કરવા કરી માંગ

ગ્વાદર

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાંથી એક અત્યંત ભયાનક આતંકી હુમલાના સમાચાર સામે આવી રહ્યા છે. પ્રતિબંધિત સંગઠન બલૂચ લિબરેશન આર્મીએ દાવો કર્યો છે કે તેના લડવૈયાઓએ ગ્વાદર જિલ્લાના જીવાની વિસ્તારમાં પાકિસ્તાની કોસ્ટ ગાર્ડ્સના એક મોટા કેમ્પ પર આત્મઘાતી હુમલો કર્યો છે. સંગઠનનો દાવો છે કે આ ભીષણ હુમલામાં પાકિસ્તાનના ૩૦ થી વધુ સુરક્ષાકર્મીઓ ઘટનાસ્થળે જ માર્યા ગયા છે અને અનેક સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ હુમલાને કારણે સમગ્ર પાકિસ્તાની સૈન્ય અને સરકારી તંત્રમાં દોડધામ મચી ગઈ છે.



'ધ બલૂચિસ્તાન પોસ્ટ' ના અહેવાલ મુજબ, આ હુમલાની જવાબદારી સ્વીકારતા બીએલએના પ્રવક્તા જીયંદ બલોચે જણાવ્યું છે કે, આ ઓપરેશનને સંગઠનની સૌથી ઘાતક અને ખાસ આત્મઘાતી યુનિટ 'માજિદ બ્રિગેડ' દ્વારા અંજામ આપવામાં આવ્યો છે. આ હુમલો જીવાનીના પનવાન વિસ્તારમાં આવેલા કોસ્ટ ગાર્ડ્સના વ્યૂહાત્મક કેમ્પ પર થયો હતો. સંગઠને આને 'ફિદાયીન' હુમલો ગણાવતા કહ્યું કે તેમના લડવૈયાઓ ભારે હથિયારો સાથે પહેલા સુરક્ષા વ્યવસ્થા ભેદીને કેમ્પની અંદર ઘૂસી ગયા હતા અને ત્યારબાદ અંધાધૂંધ ગોળીબાર અને બ્લાસ્ટ કરીને આખા કેમ્પને નિશાન બનાવ્યો હતો.આ હુમલો જે ગ્વાદર જિલ્લામાં થયો છે તે ભૌગોલિક અને આર્થિક દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ છે. ગ્વાદરમાં ચીનના આર્થિક સહયોગ અને રોકાણથી પાકિસ્તાનનો સૌથી મોટો પોર્ટ પ્રોજેક્ટ અને સીપેક સંબંધિત કામો ચાલી રહ્યા છે. ચીની નાગરિકો અને પ્રોજેક્ટ્સની સુરક્ષા માટે પાકિસ્તાને હજારો સૈનિકો તૈનાત રાખ્યા છે, તેમ છતાં આટલો મોટો આત્મઘાતી હુમલો થવો એ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓની મોટી નિષ્ફળતા દર્શાવે છે. જોકે, પાકિસ્તાની સત્તાવાળાઓ કે સેના દ્વારા હજુ સુધી આ હુમલામાં માર્યા ગયેલા સૈનિકોના આંકડાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. બલૂચિસ્તાન એ પાકિસ્તાનનો વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો પરંતુ વસ્તીની દ્રષ્ટિએ સૌથી નાનો પ્રાંત છે, જ્યાં દાયકાઓથી અલગતાવાદી આંદોલન ચાલી રહ્યું છે. બીએલએનું કહેવું છે કે આ હુમલો પાકિસ્તાની સુરક્ષા દળો સામે ચાલી રહેલા તેમના લાંબા સશસ્ત્ર સંગ્રામનો જ એક ભાગ છે. બલૂચ સંગઠનોની માંગ છે કે બલૂચિસ્તાનને પાકિસ્તાનથી મુક્તિ અથવા વધુ સ્વાયત્તતા મળે અને પ્રાંતના ગેસ, તેલ અને ખનિજ જેવા કુદરતી સંસાધનો પર ત્યાંના સ્થાનિક બલૂચ લોકોનો અધિકાર રહે.ઉલ્લેખનીય છે કે, બલૂચ લિબરેશન આર્મીને પાકિસ્તાન ઉપરાંત અમેરિકા અને યુકે જેવા અનેક દેશોએ આતંકવાદી સંગઠન જાહેર કરેલું છે. આ સંગઠન ભૂતકાળમાં પણ પાકિસ્તાની આર્મીના હેડક્વાર્ટર્સ, અર્ધલશ્કરી દળોની ચોકીઓ, સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખાસ કરીને ચીની એન્જિનિયરો પર અનેક મોટા આત્મઘાતી હુમલા કરી ચૂક્યું છે. હાલમાં આ ભયાનક હુમલા બાદ પાકિસ્તાની સેનાએ આખા ગ્વાદર અને જીવાની વિસ્તારને કોર્ડન કરીને મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.



માયાનગરી મુંબઈમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદના કારણે મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાયા છે.મહાનાયક અમિતાભ બચ્ચન અને અજય દેવગણના બંગલામાં પણ પાણી ભરાઈ ગયા હતા.

# રામ મંદિર દાન ચોરી કેસમાં ચંપત રાય અને અનિલ મિશ્રાને જેલમાં જવાની શક્યતા, વિનય કટિયાર

## અમે તે સ્થાન માટે બલિદાન આપ્યું છે, અમારા ૭-૮ લોકો ત્યાં શહીદ થયા હતા

નવીદિલ્હી,

બજરંગ દળના સ્થાપક અને ભાજપ નેતા વિનય કટિયારે અયોધ્યામાં રામ મંદિર માટે મળેલા દાનમાં થયેલી અનિયમિતતાઓ પર મોટું નિવેદન આપ્યું છે. શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ચઢાવેલા પ્રસાદની ચોરીના સંદર્ભમાં વિનય કટિયારે જણાવ્યું હતું કે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાય, પ્રશાસક ગોપાલ રાવ અને ભૂતપૂર્વ ટ્રસ્ટી અનિલ મિશ્રા સહિત ત્રણેયને આગામી દિવસોમાં જેલની સજા થઈ શકે છે.

વિનય કટિયારે કહ્યું, "એ સ્પષ્ટ છે કે પૈસાની ઉચાપત થઈ છે. મેં આ કેસ વિશે પીએમ મોદી સાથે વાત કરી હતી, અને તેમણે પૂછ્યું હતું કે ભવિષ્યમાં શું થશે. મેં તેમને કહ્યું હતું કે બધું સારું થઈ જશે. પરંતુ શક્ય છે કે ચંપત રાય, ગોપાલ રાવ અને અનિલ મિશ્રા આગામી દિવસોમાં જેલમાં જઈ શકે છે."ભાજપ નેતા વિનય કટિયારે કહ્યું હતું કે અમે તે સ્થાન માટે બલિદાન આપ્યું છે. અમારા ૭-૮ લોકો ત્યાં શહીદ થયા હતા. તેમણે વધુમાં કહ્યું કે કલ્યાણ સિંહે એકવાર મને પૂછ્યું હતું, "તમે શું કરી રહ્યા છો?" મેં જવાબ આપ્યો, "કંઈ થઈ રહ્યું નથી; ગમે તે થાય, ભગવાન તેનું ધ્યાન રાખશે.

# જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાતથી ચીન નારાજ

ટોક્યો

જાપાનના વડાપ્રધાન સાનાઈ તાકાઈચીની ભારત મુલાકાતથી ચીને નારાજગી વ્યક્ત કરી છે. જે અંગે ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બે રાષ્ટ્ર વચ્ચે સહયોગનો હેતુ ત્રીજા દેશને નીચું દેખાડવાનો કે નુકશાન પહોંચાડવાનો ન હોવો જોઈએ. જ્યારે ભારત અને જાપાને અનેક મુદ્દાઓ પણ એમઓયુ પણ કર્યા છે. પીએમ મોદીએ જાપાનના વડાપ્રધાન સાનાઈ તાકાઈચીને નાની બહેન ગણાવ્યા હતા. તેમજ જાપાન સાથેના સંબંધોને પ્રાથમિકતા આપી છે.

આ દરમિયાન ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, બે દેશો વચ્ચે સહયોગ એવો હોવો જોઈએ કે તે ક્ષેત્રીય રાષ્ટ્રો વચ્ચે સમજણ અને વિશ્વાસ વધારે અને ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખે.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુ ભારત અને જાપાન વચ્ચે ખનિજો પર સહયોગ અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. તેમણે કહ્યું કે આવા સહયોગનો હેતુ કોઈ તૃતીય પક્ષને લક્ષ્ય બનાવવાનો કે તેના હિતોને નુકસાન પહોંચાડવાનો ન હોવો જોઈએ. તેનો ઉપયોગ વિશિષ્ટ જૂથો બનાવીને વિભાજન અને સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે ન થવો જોઈએ.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક ઔદ્યોગિક અને સપ્લાય ચેનને સુરક્ષિત અને સ્થિર રાખવી એ બધા દેશોની સહિયારી જવાબદારી છે. તેમજ બધા પક્ષોએ સહયોગને પ્રોત્સાહન આપવું જોઈએ અને આ પ્રક્રિયામાં રચનાત્મક ભૂમિકા ભજવવી જોઈએ.

### વૈશ્વિક ઔદ્યોગિક અને સપ્લાય ચેનને સુરક્ષિત અને સ્થિર રાખવી એ બધા દેશોની સહિયારી જવાબદારી : ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા

પીએમ મોદી અને તાકાઈચી વચ્ચે શિખર-સ્તરની વાટાઘાટો બાદ ભારત અને જાપાને ગુરુવારે અનેક મુખ્ય પહેલોની જાહેરાત કરી હતી. જેમાં આર્થિક ભાગીદારી માળખું, લશ્કરી હાર્ડવેરના સંયુક્ત ઉત્પાદન માટે સંરક્ષણ કરાર અને ક્રૂડના ભાવમાં અચાનક વધઘટને પહોંચી વળવા માટે ઊર્જા સંબંધોને મજબૂત કરવાના પગલાંનો સમાવેશ થાય છે.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પૂર્વ ચીન સમુદ્ર અને દક્ષિણ ચીન સમુદ્રની પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે એકપક્ષીય કાર્યવાહીનો વિરોધ કર્યો જે નેવિગેશનની સ્વતંત્રતાને જોખમમાં મૂકે છે અને શક્તિના ઉપયોગ દ્વારા વર્તમાન સ્થિતીને બદલવાના પ્રયાસો કરે છે.

# યુક્રેન સામે યુદ્ધ શરૂ રહેશે : પુતિન

## યુક્રેન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ રશિયાએ યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી યુક્રેન સામે લડાઈનું એલાન કર્યું

મોસ્કો

યુક્રેન દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ હુમલાઓને કારણે રશિયાની ઓઈલ રિફાઈનરીઓ અને સપ્લાય સિસ્ટમ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. પોતાની ઘરેલું બજારમાં પેટ્રોલ-ડીઝલની માંગને પહોંચી વળવા માટે રશિયાને હવે ભારત સહિત અન્ય દેશો પાસેથી ઈંધણ ખરીદવાની ફરજ પડી રહી છે. આમ છતાં, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન યુદ્ધના મેદાનમાંથી પીછેહઠ કરવા જરાય મૂડમાં નથી. યુક્રેન દ્વારા રજૂ કરવામાં આવેલા યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી કાઢતા પુતિને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, રશિયાએ નક્કી કરેલા તમામ લક્ષ્યાંકો પૂરા ન થાય ત્યાં સુધી આ લડાઈ ચાલુ જ રહેશે.

બીજી તરફ, રશિયા દ્વારા ગુરુવારે યુક્રેનની રાજધાની કીવ પર કરવામાં આવેલા ભયાનક હુમલામાં જાનમાલનું મોટું નુકસાન થયું છે અને મૃત્યુઆંક વધીને ૩૦ પર પહોંચી ગયો છે. રાષ્ટ્રપતિ પુતિને આ અંગે દાવો કર્યો છે કે, યુક્રેન રશિયાના ઊર્જા પ્લાન્ટ્સ (એનર્જી સેક્ટર્સ) પર હુમલા કરીને યુદ્ધના મોરચે થઈ રહેલી પોતાની હાર પરથી વિશ્વનું ધ્યાન ભટકાવવા માંગે છે. જોકે, વૈશ્વિક સંરક્ષણ વિશ્લેષકોનું માનવું છે કે, છેલ્લા કેટલાક મહિનાઓથી યુદ્ધના મેદાનમાં રશિયન સેનાની આગળ વધવાની ગતિ નોંધપાત્ર રીતે ધીમી પડી ગઈ છે.

વ્લાદિમીર પુતિને સ્વીકાર્યું છે કે હાલનો સમય રશિયા માટે ખૂબ જ પડકારજનક છે, પરંતુ તેમણે આશા વ્યક્ત કરી છે કે તેલ અને ગેસની આ કટોકટી પર ટૂંક સમયમાં કાબૂ મેળવી લેવાશે. ઉલ્લેખનીય છે કે, યુક્રેને તાજેતરના મહિનાઓમાં રશિયાના ઓઈલ અને ગેસ સ્ટેશનો પર ૫૦ થી વધુ મોટા હુમલા કર્યા છે.

# હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પર ઈરાન એક મિલિયન ડોલર ટોલ વસૂલશે : અમેરિકા ચિંતિત

## તેહરાનનો હોર્મુઝ સ્ટ્રેટ પર વાર્ષિક ૪૩ બિલિયન ડોલર ટોલ વસૂલવાનો લક્ષ્યાંક

તહેરાન,

હોર્મુઝમાં જહાજો પર ટોલનો મુદ્દો ઉકેલાઈ ગયો છે. ઈરાન દરેક જહાજ પાસેથી આશરે ઈં૧ મિલિયન ટોલ વસૂલશે. કતારમાં થયેલી બેઠક દરમિયાન અમેરિકાને આ વાતની જાણ કરવામાં આવી હતી. જોકે, અમેરિકાએ ઈરાનને બેઠકના અંતિમ ક્ષણો સુધી ટોલ યોજનાને ટાળવા વિનંતી કરી હતી. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે, દૈનિક ઈં૧૧૭ મિલિયનનો ટોલ વસૂલવામાં આવશે. સામાન્ય દિવસોમાં, ૧૨૦ જહાજો હોર્મુઝમાંથી પસાર થાય છે. આનો અર્થ એ છે કે, ઈરાન પ્રતિ જહાજ ઈં૧ મિલિયન વસૂલશે.

ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાં ટોલ દ્વારા વાર્ષિક ઈં૪૩ બિલિયન એકત્રિત કરવા માંગે છે. તેણે તેના પડોશીઓને આ વિશે જાણ કરી છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે, હોર્મુઝ સ્ટ્રેટ પર તેની સાર્વભૌમત્વ છે અને તે પનામાની જેમ ત્યાં ટોલ એકત્રિત કરશે. યુદ્ધ પહેલા, દરરોજ ૧૨૦ જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા હતા. ઈરાનને આશા છે કે શાંતિ સ્થાપિત થયા પછી ૧૨૦ જહાજો ફરી એકવાર આ માર્ગ પરથી પસાર થશે. ઈરાને આ ૧૨૦ જહાજોમાંથી ૪૩ અબજ ડોલરનો ટોલ વસૂલવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. દૈનિક ધોરણે, ઈરાનને ટોલ વસૂલાત દ્વારા હોર્મુઝથી દરરોજ ૧૧૭.૮ મિલિયન ડોલરની કમાણી થવાનો અંદાજ છે. ઈરાન આમાંથી કેટલાક પૈસા ઓમાનને પણ આપશે.

ઈરાન હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પર ચીની અથવા રશિયન ચલણમાં ટોલ વસૂલવા માંગે છે.

# વડાપ્રધાન મોદી આજે ગુજરાતમાં સેમી કંન્ડકટર યુનિટનું કરશે ઉદ્ઘાટન

અમદાવાદ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ રાજસ્થાન અને ગુજરાતની મુલાકાત લેશે. આશરે ૧૦:૪૫ વાગ્યે પ્રધાનમંત્રી જોધપુર એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે અને જોધપુરમાં મોડિફાઇડ યુડીએએન યોજનાનો શુભારંભ કરાવશે.

ત્યારબાદ આશરે ૧૨:૧૫ વાગ્યે તેઓ આશરે ૧.૦૬ લાખ કરોડના મૂલ્યના વિકાસ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરવા, ઉદ્ઘાટન કરવા અને શિલાન્યાસ કરવા માટે બાલોત્રા જશે. તેઓ આ પ્રસંગે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી ગુજરાતના પ્રવાસે આવશે આશરે ૪:૩૦ વાગ્યે પ્રધાનમંત્રી સાણંદ, અમદાવાદ ખાતે સીજી એસઈએમઆઈ આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ ફેસિલિટીનું ઉદ્ઘાટન કરશે. તેઓ આ પ્રસંગે ઉપસ્થિત જનસભાને પણ સંબોધિત કરશે.

નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને મોટો વેગ આપવા માટે, પ્રાદેશિક કનેક્ટિવિટી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, પ્રધાનમંત્રી જોધપુરમાં મોડિફાઇડ યુડીએએન યોજનાનો શુભારંભ કરાવશે. આ ભારતની સિવિલ એવિએશન ક્ષિતિજમાં એક નોંધપાત્ર આગેકૂચ દર્શાવે છે અને "ઉડે દેશ કા આમ નાગરિક"ના વિઝનને વધુ આગળ ધપાવશે. આગામી ૧૦ વર્ષોમાં



૨૮,૮૪૦ કરોડની ફાળવણી સાથે આ યોજનાનો ઉદ્દેશ્ય એવિએશન-આધારિત વિકાસના આગામી તબક્કાને વેગ આપવાનો છે. તે વ્યાપક અને ટકાઉ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા માટે રચાયેલા બહુવિધ વ્યૂહાત્મક ઘટકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમગ્ર દેશમાં એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવા માટે ૧૨,૦૦૦ કરોડથી વધુના ખર્ચના સમર્થન સાથે હાલની સેવાવિહીન એરસ્ટ્રિપ્સમાંથી ૧૦૦ એરોડ્રોમ્સના વિકાસ પર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત પ્રાદેશિક એરપોર્ટની કામગીરીના પ્રારંભિક વર્ષો દરમિયાન તેમની સદ્ધરતા સુનિશ્ચિત કરવા માટે ઓપરેશન્સ એન્ડ મેઈન્ટેનન્સ સપોર્ટ માટે ૨,૫૦૦ કરોડથી વધુની રકમ અલગ રાખવામાં આવી છે. અંતરિયાળ અને મુશ્કેલ ભૂપ્રદેશોમાં સુલભતાના પડકારોને પહોંચી વળવા માટે આ યોજના ૨૦૦ આધુનિક હેલિપેડ્સના વિકાસની પણ દરખાસ્ત કરે છે.

આ યોજના એરલાઈન્સ માટે ૧૦,૦૦૦ કરોડથી વધુના વાયેબિલિટી ગેપ ફંડિંગ સપોર્ટને પણ ચાલુ રાખે છે, જે ક્રમિક વ્યાપારી સદ્ધરતાને પ્રોત્સાહિત કરવાની સાથે ટકાઉ પ્રાદેશિક કામગીરી સુનિશ્ચિત કરે છે. આત્મનિર્ભર ભારતના વિઝનને વધુ મજબૂત બનાવતા, આ પહેલમાં અલ્પસેવા ધરાવતા પ્રદેશોમાં કનેક્ટિવિટી અને કામગીરી વધારવા માટે એચએએલ ધ્રુવ અને ડોર્નિયર પ્લેટફોર્મ જેવા સ્વદેશી એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરની ખરીદીનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી જોધપુર એરપોર્ટ ખાતે ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગનું પણ ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ ૪૮૦ કરોડના કુલ ખર્ચે વિકસાવવામાં આવ્યો છે. ૨૩,૦૦૦ ચોરસ મીટરથી વધુના વિસ્તારમાં ફેલાયેલું આ ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગ વાર્ષિક ૨૦ લાખ મુસાફરોને સંભાળવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

તે સીમલેસ અને આરામદાયક પ્રવાસનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે આધુનિક પેસેન્જર સુવિધાઓથી સજ્જ છે.

રાજસ્થાનની શાહી વારસાથી પ્રેરિત આ ટર્મિનલમાં પરંપરાગત સ્થાપત્ય તત્ત્વો, જેમ કે કમાનો અને ઝરોખાને આધુનિક ડિઝાઈન સાથે સુંદર રીતે સંકલિત કરવામાં આવ્યા છે. ટર્મિનલની રચનામાં ટકાઉ વિકાસને મહત્વ આપવામાં આવ્યું છે.




CMYK CMYK

# ગુજરાત સરકારનો ઐતિહાસિક ખેડૂતલક્ષી નિર્ણય વીજ ટાવર અને લાઈન વળતરમાં માતબર વધારો

## જંત્રીને બદલે હવે બજાર ભાવના બમણા દરે વળતર ચૂકવાશે :ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં ચારેય બાજુ વધારાના એક મીટરનો ઉમેરો કરાયો,૭૬૫ કે.વી.લાઈનમાં ૬૨૫ ચોમીના બદલે ૭૨૯ ચોમીનુ વળતર ચુકવાશે

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી, ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ અને ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિક ભાઇ વેકરીયાએ ખેડૂતો સાથે ચર્ચા, વિચાર વિમર્શ અને પરામર્શ કરીને તેમજ ખેડૂતોના આર્થિક હિતને સર્વોપરી રાખીને એક મહત્વપૂર્ણ અને ઉદાર નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન, વીજ ટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે. આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે.

ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજ લાઈન માટે અત્યાર સુધી ખેતરમાં વીજ પોલ કે લાઇન નાખવા માટે ખેડૂતોને જંત્રીના બમણા દર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. તે પરત્વે વિવિધ ખેડુત સંગઠનો તરફથી મળતી રજુઆતો અન્વયે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મોટો સુધારો કરીને, જંત્રી આધારિત નહીં પરંતુ જમીનના પ્રવર્તમાન બજાર ભાવ (સ્ક્રીીં ઈઙ્ઘી)ના બમણા ભાવ ચૂકવવાનો ખેડૂત હીત લક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત અત્યાર સુધી ખેતરમાં નંખાતા વીજ ટાવરના બેઝ (પાયા) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. હવેથી ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરીને વધુ વળતર ચૂકવવામાં આવશે. ઉદાહરણ તરીકે; ૭૬૫ કે.વી. લાઇનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતું હતું, જેમાં હવેથી દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ ચોરસ મીટર લેખે ચૂકવવામાં આવશે.

અગાઉ જમીનમાલિકોને વળતર અંગે, ફાઉન્ડેશન તબક્કે ૪૦%, ઈરેક્શન વખતે ૪૦% તથા વાયર લગાડ્યા બાદ ૨૦% રકમ મુજબની ચુકવણી થતી હતી, તેના બદલે જમીનમાલિકોને એક સાથે અને અગાઉથી વળતર ચૂકવવાનું નિર્ધારિત થયેલ છે.

ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ અને પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એમ.આર.સી. (સ્ક્રીીં ઈઙ્ઘી ર્ઝદ્બદ્બૈં)ની રચના કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ સમિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડુતોના ઓથોરાઈઝ્ડ માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે, જેથી ખેડૂતોને અન્યાય ન થાય.

# સુરતઃ રોડ પર રમતાં-રમતાં વરસાદી પાણી ભરેલા ખાડામાં પડી જવાથી બાળકીનું મોત

## કડોદરા વિસ્તારની ઘટનાના પગલે સ્થાનિકોમાં ભારે આક્રોશ

સુરત,

ચોમાસાની શરૂઆતમાં જ વરસાદી માહોલ વચ્ચે રોડ પર આવેલા ખાડાને કારણે માસૂમ બાળકીના મોતની હૃદયદ્રાવક અને કાળજું કંપાવી દેનારી ઘટના હાલ સુરત શહેરના કડોદરા વિસ્તારમાંથી સામે આવી છે. ઘર નજીક રોડ પર રમતાં-રમતાં એક નાની માસૂમ બાળકી અચાનક વરસાદી પાણીથી ભરેલા મસમોટા ખાડામાં પડી ગઈ હતી. જે બાદ ડૂબી જવાથી બાળકીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જેને પગલે સ્થાનિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

મળતી માહિતી મુજબ, આ ચકચારી ઘટના સુરતના કડોદરામાં આવેલા શ્રીનિવાસથી શિવમ નગર જતા રોડ પર સર્જાઈ હતી. સોસાયટી બહાર મુખ્ય માર્ગ પર લાંબા સમયથી એક મોટો જોખમી ખાડો પડેલો હતો. જેમાં તાજેતરમાં થયેલા વરસાદના કારણે આ ખાડામાં મોટી માત્રામાં વરસાદી પાણી ભરાઈ ગયું હતું, જે વસરાદી પાણી ભરેલો ખાડો રમતાં-રમતાં આવી ચઢેલી માસૂમ બાળકી માટે કાળ સાબિત થયો છે.

મૃતક બાળકીની ઓળખ વૈશાલી તરીકે થઈ છે, જે શ્રીનિવાસની બાજુમાં જ આવેલી શિવમ નગર સોસાયટીના મકાન નંબર ૧૭૭માં પોતાના પરિવાર સાથે રહેતી હતી. તે ઘર નજીક રસ્તા પર રમી રહી હતી, ત્યારે અચાનક આ પાણીથી લબાલબ ભરેલા ઊંડા ખાડામાં ખાબકી ગઈ હતી. બાળકીને ખાડામાં ખાબકતા જોઈને આજુબાજુના સ્થાનિક લોકો તાત્કાલિક તેને બચાવવા માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

સ્થાનિક રહીશોએ ભારે જહેમત બાદ બાળકીને પાણીના ખાડામાંથી બહાર કાઢી હતી અને સમય ગુમાવ્યા વિના તેને તાબડતોબ સારવાર અર્થે નજીકમાં આવેલી સંજીવની હોસ્પિટલ ખાતે ખસેડી હતી. જો કે, હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ફરજ પરના ડોક્ટરોએ બાળકીને તપાસીને મૃત જાહેર કરી હતી, જેના કારણે પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે.

# ૪૦ જેટલા ગુનાઓ આચરનાર ‘શૈતાન ગેંગ’ના મુખ્ય સૂત્રધાર સહિત ૩ શખ્સો ઝડપાયા

બનાસકાંઠા,

ગુજરાત સહિત મુંબઈ, રાજસ્થાન અને વિવિધ રાજ્યોમાં ૪૦ જેટલા ગુનાઓ આચરનાર ‘શૈતાન ગેંગ’ના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ શખ્સોને બનાસકાંઠા પોલીસની એલસીબી ટીમે ઝડપી પાડી મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

બનાસકાંઠા એલસીબી પોલીસની ટીમે પાલનપુરના ગુરુનાનક ચોકમાં ૨૬ જૂને રાત્રે ૬ આંગડિયા પેઢીઓ સહિત ૭ દુકાનોના તાળા તોડી ચોરી કરનાર ‘શૈતાન ગેંગ’ના મુખ્ય સાગરિત સહિત ત્રણ આરોપીઓને મુંબઈથી ઝડપી લીધા છે. આ શાતિર ચોરો અલગ-?લગ રાજ્યોમાં ધાડ અને ચોરીના ગુનાઓને અંજામ આપતા હતા.

૨૬ જૂનની રાત્રે પાલનપુર શહેરના ગુરુનાનક ચોક નજીક આવેલી પી. શૈલેષ એન્ટરપ્રાઇઝ, અંબાલાલ હરગોવનદાસ, માધવલાલ મગનલાલ સહિતની ૬ આંગડિયા પેઢીઓ અને આઈડી કાર્ડ મેકરની એક દુકાન સહિત કુલ ૭ દુકાનોના તાળા તોડી આરોપીઓએ રૂપિયા ૩.૯૫ લાખની ચોરી કરી હતી. આ બાબતે પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. પોલીસે અલગ-અલગ ટીમોનું ગઠન કરીને તપાસ હાથ ધરી હતી. ઝઝ્ર્ફ કેમેરા, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી આગળ વધતી તપાસમાં આ ગુનો રાજસ્થાનના સાંચોર વિસ્તારની ‘શૈતાન ગેંગ’ દ્વારા અંજામ આપવામાં આવ્યો હોવાનું સામે આવ્યું. ચોરી કરીને આરોપીઓ મુંબઈ તરફ ભાગી ગયા હોવાની માહિતી મળતા પોલીસ ટીમે મુંબઈના કમાટીબાગ વિસ્તારમાંથી ત્રણેયને ઝડપી લીધા.

# રથયાત્રા પૂર્વે જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા આઠ ખતરનાક આતંકવાદીઓની ધરપકડ

## ગુજરાત અને મધ્યપ્રદેશના અલગ-અલગ જિલ્લાઓમાંથી આતંકીઓને દબોચી લેવામાં આવ્યા

અમદાવાદ,

રથયાત્રા પહેલાં ગુજરાત છ્જીને એક સૌથી મોટી સફળતા મેળવી છે. પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ’જૈશ-એ-મોહમ્મદ’ સાથે સંકળાયેલા ૮ ખતરનાક આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ દ્વારા કરવામાં આવેલી આ સંયુક્ત કાર્યવાહીમાં ગુજરાત અને મધ્યપ્રદેશના અલગ-અલગ જિલ્લાઓમાંથી આ આતંકીઓને દબોચી લેવામાં આવ્યા છે. ગુજરાતમાં જૈશ-એ મોહમ્મદનું નેટવર્ક સક્રિય કરવા માટે આતંકવાદીઓ કામગીરી કરી રહ્યા હતાં. ગુજરાત એટીએસ દ્વારા પૂછપરછ દરમિયાન જૈશ-એ મોહમ્મદનું નેટવર્ક સક્રિય કરવા માટે આતંકવાદીઓ કામગીરી કરી રહ્યા હોવાનો ખુલાસો થયો છે..

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, પકડાયેલા આ તમામ ૮ આરોપીઓ ગુજરાત રાજયમાં આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે સક્રિયપણે પોતાનું નેટવર્ક મજબૂત કરી રહ્યા હતા. તેઓ રાજ્યમાં શાંતિ અને સુરક્ષાને ડહોળવાનું મોટું કાવતરું ઘડી રહ્યા હતા. જોકે, ગુજરાત છ્જીની સતર્કતાને કારણે આ આતંકીઓના મનસૂબા પર પાણી ફરી વળ્યું છે. સમયસર થયેલી આ ધરપકડને કારણે રાજ્યમાં થનારા સંભવિત મોટા આતંકવાદી હુમલા કે દુર્ઘટનાની આશંકા ટળી ગઈ છે.

આ તમામ શખ્સો સામે દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકવાદી નેટવર્ક સાથે જોડાયેલા હોવાના ગંભીર આરોપો હેઠળ એટીએસ દ્વારા આગળની કાયદેસરની તપાસ અને સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે. તપાસ દરમિયાન સુરક્ષા એજન્સીઓને આરોપીઓ પાસેથી મોટી માત્રામાં દેશ વિરોધી સાહિત્ય અને અન્ય સંદિગ્ધ સામગ્રી મળી આવી છે. આ સામગ્રીઓ પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ કયા પ્રકારના આતંકવાદી ષડયંત્રને અંજામ આપવાની તૈયારીમાં હતા. હાલમાં છ્જી આ જપ્ત કરાયેલી સામગ્રીનું ઝીણવટભર્યું વિશ્લેષણ કરી રહી છે.

એટીએસ હવે આ આરોપીઓના નેટવર્કને તોડવા માટે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. મુખ્યત્વે એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે આ આતંકીઓ દેશ-વિદેશમાં કોના કોના સંપર્કમાં હતા.

# સેમિકન્ડક્ટર ક્ષેત્રે આધુનિક સંશોધન અને તાલીમ માટે IIT ગાંધીનગરમાં શરૂ થશે ‘સમર્થ’

## એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ, પ્રોફેસર્સ તેમજ ઔદ્યોગિક પ્રોફેશનલ્સ માટે સંશોધન અને તાલીમની વ્યવસ્થા

ગાંધીનગર,

ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રના વિકાસ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન અનુસાર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રના વિકાસ માટે ખૂબ ઝડપથી કામગીરી થઈ રહી છે. ગુજરાતને સેમિકન્ડક્ટર ક્ષેત્રનું હબ બનાવવા માટે, ઔદ્યોગિક રોકાણ સાથે આ ક્ષેત્રમાં કામ કરવા માંગતા વિદ્યાર્થીઓ, પ્રોફેશનલ્સ અને એન્જિનિયરિંગ પ્રોફેસર્સને આધુનિક તાલીમ અને અનુભવ મળે તે દિશામાં પણ કામ કરવું મહત્વપૂર્ણ છે. આ ઉદ્દેશને સાકાર કરવા માટે, ટૂંક સમયમાં IIT ગાંધીનગર ખાતે સિલિકોન એન્ડ એડવાન્સ્ડ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ હબ (SAMARTH) શરૂ થશે.

સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે આ તાલીમ અને સંશોધન કેન્દ્રની સ્થાપના થવા જઈ રહી છે. તેના માટે ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલય, ગુજરાત સરકાર તરફથી વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અને ૈં્ ગાંધીનગર દ્વારા કુલ ?૧૯૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. IIT ગાંધીનગર દ્વારા આ કેન્દ્રના સંચાલન માટે જરૂરી સાધનોની ખરીદી અને બાંધકામ માટે કન્સલ્ટન્ટ્સની નિમણૂક કરવા માટેની જરૂરી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

# મૈત્રી કરાર તૂટ્યા બાદ પૈસાની લેતી-દેતીના બહાને મહિલાને ઘરે બોલાવી દુષ્કર્મ



## પોલીસે શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,

શહેરના ઈસનપુર વિસ્તારમાં મૈત્રી કરાર તોડી નાખ્યા બાદ પણ વિધવા મહિલાને ઘરે બોલાવી તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. આ મામલે પીડિતાએ હિંમત દાખવીને ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી આરોપી ભુવા અર્પિત દેસાઈની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

મળતી વિગતો અનુસાર, આજથી આશરે સાત વર્ષ પહેલાં એક વિધવા મહિલા પોતાની વ્યક્તિગત સમસ્યાઓના નિવારણ માટે ઈસનપુર વિસ્તારમાં રહેતા ભુવાજી અર્પિત દેસાઈ (ઉંમર વર્ષ ૩૦) પાસે આવી હતી. આ મુલાકાત બાદ બંને વચ્ચે સામાન્ય મિત્રતા થઈ હતી, જે સમય જતાં પ્રેમ સંબંધમાં પરિણમી હતી. ત્યારબાદ બંનેએ પરસ્પર સંમતિથી વર્ષ ૨૦૨૧માં મૈત્રી કરાર કર્યા હતા અને સાથે રહેવા લાગ્યા હતા.

આ સમયગાળા દરમિયાન ભુવાજી મહિલાને પોતાના ઘરે તેમજ અલગ-અલગ હોટલોમાં લઈ જઈને તેની સાથે શારીરિક સંબંધો બાંધતો હતો. મૈત્રી કરારના ચાર વર્ષ વીત્યા બાદ મહિલાને જાણવા મળ્યું હતું કે ભુવાજી અર્પિત દેસાઈના અન્ય સ્ત્રીઓ સાથે પણ સંબંધો છે. આ બાબત સામે આવતા વિધવા મહિલાએ તેની સાથેનો મૈત્રી કરાર કાયદેસર રીતે તોડી નાખ્યો હતો અને અલગ થઈ ગઈ હતી.

સંબંધો ચાલુ હતા તે દરમિયાન મહિલાએ ભુવાજીને આર્થિક જરૂરિયાત હોવાથી ટુકડે-ટુકડે કુલ રૂ. ૩ લાખ આપ્યા હતા, જેની સામે અર્પિત ૧૫,૦૦૦ રૂપિયા કરીને મહિલાને પરત પણ ચૂકવતો હતો.

# પાલનપુરની ૬ આંગડિયા પેઢીમાં ચોરી કરનાર ૩ શખ્સ મુંબઈમાંથી ઝડપાયા

## પોલીસે હથિયારો સહિત રૂ. ૨.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યા



પાલનપુર,

પાલનપુરના ગુરુનાનક ચોક નજીક આવેલી ૬ આંગડીયા પેઢીઓ તથા આઈડી કાર્ડ મેકર નામની દુકાનોનાં તાળાં તોડી ચોરી કરનાર શૈતાન ગેન્ગના મુખ્ય સૂત્રધાર સહિત કુખ્યાત ૩ આરોપીઓને બનાસકાંઠા ન્ઝ્રમ્એ મુંબઈથી ઝડપી પાડી તેમની પાસેથી રોકડ તેમજ ગુનામાં વપરાયેલા હથિયારો સહિત રૂ. ૨,૩૨,૩૦૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરના ગુરુનાનક ચોક વિસ્તારમાં આવેલી પી.શૈલેષ એન્ટરપ્રાઇઝ, અંબાલાલ હરગોવનદાસ, માધવલાલ મગનલાલ નામની અલગ અલગ ૬ આંગડીયા પેઢીઓ તથા આઈડી કાર્ડ મેકર નામની દુકાનોના તાળાં તોડી તેમાંથી કુલ રૂ. ૩.૯૫ લાખની ચોરી થઈ હતી. આ ગુનો શોધી કાઢવા એલસીબીની અલગ-અલગ ટીમો બનાવી નેત્રમ કમાન્ડ કંન્ટ્રોલના સીસીટીવી, પાલનપુર શહેર આજુબાજુ ૨૦ થી ૨૫ કિ.મી.ના વિસ્તારમાં આવેલા ૨૦૦થી વધારે સીસીટીવી તથા હોટેલ ધાબા, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન વગેરે ચેક કરી લીડ મેળવતા ચોરી ત્રણ જણાએ કરી હોવાનું જણાયું હતું.

# અમદાવાદમાં પ્રેમી ઉપર એસિડ ફેંકનાર મહિલાને ૧૦ વર્ષની જેલ અને ૧ લાખનો દંડ

## પાંચ વર્ષ જૂના પ્રેમ સંબંધનો અંત આવતા મહિલાએ કર્યો હતો હુમલો

અમદાવાદ,

અમદાવાદમાં પ્રેમ સંબંધનો કરુણ અને ભયાનક અંજામ લાવનારી એક ઘટનામાં અમદાવાદની સિટી સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. પાંચ વર્ષ જૂના પ્રેમ સંબંધનો અંત આવતા ઉશ્કેરાઈને પ્રેમી પર એસિડ હુમલો કરનાર ૩૯ વર્ષીય મહિલાને કોર્ટે ગુનેગાર ઠેરવી છે. આરોપી મહિલાને ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧ લાખનો આકરો દંડ ફટકાર્યો છે.

કેસની વિગત અનુસાર,એએમટીએસમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા ૫૧ વર્ષીય વ્યક્તિને બસમાં જ મુસાફરી કરતી ૩૯ વર્ષીય મહેજબીનબાનું છુવારા નામની મહિલા સાથે ઓળખાણ થઈ હતી. સમય જતાં આ ઓળખાણ મિત્રતા અને ત્યારબાદ પ્રેમ સંબંધમાં પરિણમી હતી. જોકે, ફરિયાદી કંડક્ટર પરિણીત હોવાથી તેમના પરિવારને આ આડા સંબંધની જાણ થઈ ગઈ હતી.

કૌટુંબિક શાંતિ ખાતર કંડક્ટરે મહિલા સાથેના તમામ સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દીધું હતું અને છેલ્લા એક વર્ષથી તેની સાથે વાતચીત બંધ કરી દીધી હતી. પોતાની સાથે સંબંધ તોડી નાખવાના આ નિર્ણયથી નારાજ થયેલી મહેજબીનબાનુંએ બદલો લેવાનું નક્કી કર્યું હતું. વર્ષ ૨૦૨૪માં કાલુપુર રેલ્વે સ્ટેશન નજીક આવેલા એએમટીએસ બસ સ્ટેન્ડ પર ફરિયાદી કંડક્ટર જ્યારે ફરજ પર હતા, ત્યારે મહિલા બુરખો પહેરીને તેના એક મિત્ર સાથે ત્યાં પહોંચી હતી.

’તેં મારી સાથે સંબંધ કેમ તોડી નાખ્યો?’ તેમ કહી તકરાર કર્યા બાદ, મહિલાએ પોતાની પાસે રાખેલું ઘાતક એસિડ ફરિયાદી પર ફેંકી દીધું હતું. આ ભયાનક હુમલામાં ફરિયાદીની આંખ, પીઠ અને ગુપ્ત ભાગો ગંભીર રીતે દાઝી ગયા હતા, અને લાંબી સારવાર બાદ પણ તેમની એક આંખની દ્રષ્ટિ નબળી પડી ગઈ હતી. આ અંગે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

કાર્યવાહી દરમિયાન બચાવ પક્ષે એવી દલીલ કરી હતી કે, હુમલાખોર મહિલા બુરખામાં હોવાથી તેની ઓળખ સ્પષ્ટ થતી નથી અને ગુનાના સમયે તેનું ફોન લોકેશન પણ ત્યાંનું નથી.

# ગિફ્ટ સિટીમાં વિદેશી દારૂ સસ્તો થતા માંગમાં વધારો ટેક્સ ઘટાડા બાદ વાઈન એન્ડ ડાઈન સ્થળોએ વધી ભીડ

## હવે દેશની જાણીતી ફૂડ એન્ડ બેવરેજ બ્રાન્ડ્સ પણ ગિફ્ટ સિટીમાં મળશે

ગાંધીનગર,

ગુજરાત સરકાર દ્વારા ગિફ્ટ સિટીમાં આપવવામાં આવતા વિદેશી દારૂ પરનો ટેક્સ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યા બાદ તેની સીધી અસર હવે જોવા મળી રહી છે. સરકારના નિર્ણય પછી ૈંંહ્લ સિટીમાં કાર્યરત બે માન્ય વાઈન એન્ડ ડાઈન સુવિધાઓમાં ગ્રાહકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ઉદ્યોગ સાથે જોડાયેલા નિષ્ણાતો અને આ વિકાસ પર નજર રાખી રહેલા અધિકારીઓનું માનવુંછે કે વધતી માંગને કારણે હવે દેશની જાણીતી ફૂડ એન્ડ બેવરેજ બ્રાન્ડ્સ પણ ગિફ્ટ સિટીમાં પોતાની હાજરી નોંધાવવા માટે યોજના બનાવી રહી છે. આગામી કેટલાક મહિનાઓમાં આ ક્ષેત્રમાં વધુ રોકાણ અને નવા આઉટલેટ્સ શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગત સપ્તાહે ગુજરાત સરકારે બે અલગ-અલગ નોટિફિકેશન જાહેર કરીને ગિફ્ટ સિટીમાં આપતા વિદેશી દારૂ પરનો વેટ ૬૫ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કર્યો છે. આ ઉપરાંત દરેક ૩૦ મિલી સર્વિંગ પર વસૂલવામાં આવતી અંદાજે ૨૪૦ની વિશેષ ફી પણ સંપૂર્ણપણે દૂર કરવામાં આવી છે. આ બંને નિર્ણયોની સંયુક્ત અસરના કારણે વિદેશી દારૂની કિંમતોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પરિણામે ગ્રાહકો માટે ખર્ચ ઓછો થતાં વાઈન એન્ડ ડાઈન સ્થળોએ ફૂટફોલમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

હૉસ્પિટાલિટી અને ફૂડ એન્ડ બેવરેજ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે કિંમતોમાં ઘટાડો થતાં હવે ગિફ્ટ સિટી માત્ર નાણાકીય કેન્દ્ર તરીકે નહીં પરંતુ પ્રીમિયમ લાઈફસ્ટાઈલ અને ડાઈનિંગ ડેસ્ટિનેશન તરીકે પણ વિકસી શકે છે. વધતા ગ્રાહકોને ધ્યાનમાં રાખીને અનેક જાણીતી રાષ્ટ્રીય એફએન્ડબી બ્રાન્ડ્સ અહીં નવા આઉટલેટ્સ શરૂ કરવાની સંભાવનાઓ પર કામ કરી રહી છે. જો આ યોજનાઓ સફળ થશે તો ગિફ્ટ સિટીમાં ખાણી-પીણી અને મનોરંજન સંબંધિત સેવાઓનો વ્યાપ વધુ વિસ્તરશે.

સરકારના તાજેતરના નિર્ણય બાદ ગિફ્ટ સિટીના હૉસ્પિટાલિટી સેક્ટરમાં નવી ગતિ જોવા મળી રહી છે. ટેક્સમાં ઘટાડો અને વિશેષ ફી દૂર કરવાના પગલાંથી ગ્રાહકોને સીધો લાભ મળ્યો છે, જ્યારે વ્યવસાયિક દૃષ્ટિએ પણ નવા રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું થયું છે. જો આગામી મહિનાઓમાં મોટી એફએન્ડબી બ્રાન્ડ્સ અહીં પ્રવેશ કરશે તો ગિફ્ટ સિટીનો વિકાસ માત્ર આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ તે પ્રીમિયમ ડાઈનિંગ, બિઝનેસ અને લાઈફસ્ટાઈલ હબ તરીકે પણ વધુ મજબૂત ઓળખ બનાવી શકે છે.

# ધંધામાં ૫૦ ટકા નફાની લાલચમાં ૧.૫૫ કરોડની ઠગાઈ : ઓફિસના મેનેજરે વેપારીને ચૂનો લગાવ્યો

## મશીન ખરીદવાના નામે બનાવટી બિલ, ખોટાં ક્વોટેશન અને ફેક બેંક સ્ટેટમેન્ટ રજૂ કરી રોકાણની રકમ ઓળવી ગયા




અમદાવાદ,

અમદાવાદમાં રિયલ એસ્ટેટનો વ્યવસાય કરતા વૃદ્ધ વેપારીને પાણીની બોટલ બનાવવાનો નવો ધંધો શરૂ કરાવી તેમાં ૫૦ ટકા નફાની ભાગીદારી આપવાની લાલચ આપી ૧.૫૫ કરોડની છેતરપિંડી કરવામાં આવી હોવાની પોલીસ ફરિયાદ થઇ છે. ચોંકાવનારી વાત એ છે કે આ છેતરપિંડી અન્ય કોઈએ નહીં, પરંતુ વેપારીની ઓફિસમાં છેલ્લા ૧૦ વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવતા શખ્સે પોતાના પુત્ર અને પુત્રવધૂ સાથે મળીને આચરી હતી. આરોપીઓએ મશીન ખરીદવાના નામે બનાવટી બિલ, ખોટાં ક્વોટેશન અને ફેક બેંક સ્ટેટમેન્ટ રજૂ કરી રોકાણની રકમ કંપનીને ચૂકવવાના બદલે પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. વેપારીએ નફાનો હિસાબ માંગતાં આરોપીઓ ગલ્લાંતલ્લાં કરવા લાગ્યા હતા અને બાદમાં રાતોરાત મશીનરી ખસેડવાનોપ્રયાસ કરતાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

અમદાવાદના શેલા વિસ્તારમાં રહેતા અને રિયલ એસ્ટેટનો વ્યવસાય કરતા ૬૦ વર્ષીય પરેશભાઈ પ્રમુખભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની સીજી રોડ ખાતેની ઓફિસ જે કોમ્પલેક્સમાં આવી છે તેમાં છેલ્લા ૧૦ વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવતા સંદીપભાઈ ચંદ્રકાંતભાઈ પરીખ, તેમના પુત્ર ઉજાસ સંદીપભાઈ પરીખ તથા પુત્રવધૂ અમીબેન પરીખે તેમને ચૂનો લગાવ્યો છે.

ફરિયાદ મુજબ, સંદીપભાઈ અને તેમના પુત્ર ઉજાસે પરેશભાઈને ‘સારસ ફૂડ એન્ડ બેવરેજીસ’ નામે પાણીની બોટલના ઉત્પાદનનો ધંધો શરૂ કરવાની અને તેમાં ૫૦ ટકા નફાની ભાગીદારી આપવાની લાલચ આપી હતી. આ માટે સિડેલ કંપનીનું ૧૧.૪૪ કરોડનું નવું પીઈટી બ્લોઈંગ મશીન ખરીદવાનું હોવાનું જણાવ્યું હતું. એપ્રિલ-૨૦૨૩થી જુલાઈ-૨૦૨૪ દરમિયાન પરેશભાઈ અને તેમની પત્ની પાસેથી ચેક તથા બેંક ટ્રાન્સફર મારફતે ૧.૪૭ કરોડ તેમજ ફેક્ટરીના મેન્ટેનન્સના ખર્ચ પેટે રોકડ ૮,૧૨,૩૯૪ મેળવી કુલ ૧.૫૫ કરોડથી વધુની રકમ પડાવી લેવામાં આવી હતી.

# ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા ગોંડલ નગરપાલિકા સજ્જ

## ૨૪★૭ કંટ્રોલ રૂમ કાર્યરત : ગોંડલવાસીઓ ૦૨૮૨૫-૨૨૦૧૦૧ ઉપર સાધી શકે છે સંપર્ક

રાજકોટ:

ચોમાસાની ઋતુમાં નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા અને ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા માટે રાજકોટ ઝોનની તમામ નગરપાલિકાઓ સજ્જ છે. રાજકોટ પ્રાદેશિક નગરપાલિકાઓની કચેરી દ્વારા મળેલી માહિતી અનુસાર, ગોંડલ નગરપાલિકાની વાત કરીએ તો, ચોમાસા દરમિયાન ગોંડલ નગરપાલિકા દ્વારા રાઉન્ડ ધ ક્લોક કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો છે. જેના નંબર ૦૨૮૨૫-૨૨૦૧૦૧ છે.

ઉપરાંત ભારે વરસાદની સ્થિતિમાં ગોંડલ નગરપાલિકા દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ૬૨૦૦થી વધુ નાગરિકો માટે વોર્ડ વાઈઝ આશ્રયસ્થાનો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં વોર્ડ નં. ૧માં રેલવે સ્ટેશન પાછળ, ગોકુલપુરા, મફતીયાપરા, ગુલાબનગર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ૧૨૦૦ જેટલા લોકો માટે સીદીભાઈ બાળમંદિર અને શ્રી રાજપૂત સમાજ વાડી નક્કી કરાયા છે. વોર્ડ નં. ૨માં આશાપુરા ચોકડી પાસે ચુનારાવાડ, સાધુ સોસાયટી, જજ કોલોની પાસે નીચાણવાળા વિસ્તારમાં રહેતા ૩૦૦ જેટલા લોકો માટે સ્વામીનારાયણ મંદિર, સ્વામીનારાયણ ગુરુકુળ, પટેલ વિદ્યાર્થી ભવન, દીપક હોલ અને રાધેશ્યામ વાડી આશ્રયસ્થાન તરીકે નક્કી કરાયા છે. વોર્ડ નં. ૩ અને ૪માં બાલાશ્રમ પાસે, નદીકાંઠાનો વિસ્તાર, વી.કે. બિલ્ડિંગની સામેનો વિસ્તાર તેમજ કંટોલીયા રોડ સુધીના નદીકાંઠાના નીચાણવાળા વિસ્તારમાં રહેતા ૧૫૦૦ લોકો માટે શાળા નં. ૫, બાલાશ્રમ, સગરજ્ઞાતિની વાડી, પટેલ વાડી, શાળા નં. ૧૨ અને શ્રી માંધાતા કોળી સમાજની વાડી તૈયાર રખાઈ છે.

આ ઉપરાંત વોર્ડ નં. ૫ના મોટીબજાર બાવાબારીના નીચાણવાળા વિસ્તારમાં રહેતા ૧૦૦ જેટલા લોકો માટે ખત્રી જ્ઞાતિની વાડી આશ્રય સ્થાન તરીકે નક્કી કરાયું છે. વોર્ડ નં. ૭ના ઉમવાડા રોડ વાલ્મિકીવાસ વિસ્તાર માટે હેમવાડી, સોની જ્ઞાતિની વાડી અને શિશુ મંદિર તેમજ વોર્ડ નં. ૧૧ ના વોરા કોટડા રોડ વિસ્તારના ૧૫૦૦ જેટલા લોકો માટે શાળા નં. ૧૬, બાલ ગોકુલ વ્યાસ વાડી, પાર્થ સ્કૂલ અને જૈન સંસ્કાર સ્કૂલને આશ્રયસ્થાન તરીકે નક્કી કરાયા છે. તેમજ મુક્તેશ્વર મેઈન રોડ પર સ્થિત રેન બસેરા સેન્ટર પણ ૧૫૦૦ લોકોની ક્ષમતા સાથે તૈયાર છે.

વધુમાં, ફાયર અને ઈમરજન્સી ટીમ ૨૪ કલાક એલર્ટ મોડ પર રહેશે. સાથોસાથ ચાલુ વરસાદ દરમિયાન ગોંડલ શહેરમાં કોઈ પણ જગ્યાએ વરસાદી પાણી ન ભરાય તે માટે ઈમરજન્સી મેન્યુઅલ ટીમ, આધુનિક ડ્રેનેજ મશીનરી તેમજ ૨ જેટિંગ મશીન પણ તૈનાત કરાયા છે.

આ સાથે જ ઈમરજન્સી તબીબી સેવા માટે ૩ એમ્બ્યુલન્સ, ૧ શબવાહિની, ૧ રેસ્ક્યુ વાહન તેમજ પીવાના પાણી માટે ૨ મીની અને ૩ મોટા વોટર ટેન્કરની વ્યવસ્થા કરાઈ છે. તંત્ર દ્વારા નાગરિકોને ભારે વરસાદ કે પૂર જેવી સ્થિતિમાં ગભરાવાને બદલે સતર્ક રહીને નગરપાલિકાના કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# ફૂડ શાખા દ્વારા ખાણીપીણીની વધુ ૯૦ પેઢી પર દરોડા : પાંચ સીલ : ૧૦૯૪ કિલો ફૂડનો નાશ

## મવડીના બેકર્સ એન્ડ કેટરર્સમાંથી જીવાત, મકોડાવાળા વાસી આઈસ્ક્રીમ, બ્રાઉની, ચોકલેટ, કપ કેક, બટર, ચીઝ સહિત ૧૮૬ કિલો માલ મળ્યો : ભીલવાસનું નકલંક દુગ્ધાલય સીલ કરાયું



રાજકોટ:મ્યુનિ. કોર્પોરેશનની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા ભેળસેળ સામે ચાલતી કડક કાર્યવાહીના ભાગરૂપે છેલ્લા બે દિવસમાં વધુ ૯૦ હોટલ-રેસ્ટોરન્ટ-દુકાનોમાં ચેકીંગ કરવામાં આવતા ૧૦૯૪ કિલો અખાદ્ય માલ મળી આવતા તેનો નાશ કરવામાં આવ્યો છે. ૨૬ ધંધાર્થીને સ્ટોરેજ, લાયસન્સ અને હાઈજેનીક કંડીશન બાબતે નોટીસ આપીને કુલ રૂા.૧.૨૪ લાખનો દંડ કરીને ડેરી, રેસ્ટોરન્ટ સહિત પાંચ પેઢીને સીલ પણ મારવામાં આવ્યા છે. ફૂડ વિભાગે જાહેર કરેલી વિગત મુજબ ખોડીયાર ઈન્ડસ્ટ્રીયલ એરીયા શેરી નં-૩ મવડી ગામ બાયપાસ, મવડી વન બિલ્ડીગ ની પાછળ આવેલ 'રજેશન ફૂડ પ્લાનેટ (બેકર્સ એન્ડ કેટરર્સ)' પેઢીને સીલ મરાયા છે.

અહીંથી અનહાઈજેનિક કન્ડિશનમાં વાસી, એક્સપાયર્ડ, જીવાત, મંકોડા, ફૂગ વાળો ખોરાક, આઈસ્ક્રીમ, બેકરી રોમટીરીયલ, બ્રાઉની, ચોકલેટ, કપ કેક, મીઠાઈ, બટર, ચીઝ વિગેરે કુલ મળીને અંદાજિત ૧૮૬ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરી રૂ.૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો છે તો વેનીલા આઈસ્ક્રીમ(લૂઝ) તથા કેક ક્રીમ પાઈનેપલ નો નમૂનો લીધો છે. સાધુ વાસવાણી રોડ, અવધ કોમ્પ્લેક્સ સામે આવેલ 'ઓમ ફેમિલી રેસ્ટોરન્ટ'માં વાસી અખાદ્ય મંચૂરિયન, બાંધેલો વાસી લોટ, ગ્રેવી, લેબલ વગરના બટર પનીર કુલ મળીને અંદાજિત ૨૦ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરી સીલ મરાયા છે. અહીંથી રૂા. પાંચ હજારનો દંડ લઈ પનીરનો નમુનો લેવાયો હતો. જ્યારે ભિલવાસ ચોક,જનસતા પ્રેસ, સદરના 'નકલંક દુગ્ધાલય' પેઢીને બિનઆરોગ્યપ્રદ હાલત બદલ સીલ કરી રૂ.૧૦,૦૦૦નો ચાર્જ લઈ પનીરનું સેમ્પલ લેવાયું હતું.

પૂર્વ ઝોનમાં મોરબી રોડ,પુલ નીચે, સેટેલાઈટ ચોક પાસે આવેલ 'પ્રકાશભાઈ પ્રવીણભાઈ હરસોડા' પેઢીને અનહાઈજેનિક કંડીશન બદલ સીલ મારી પનીરનો નમુનો લઈ રૂ.૧૦,૦૦૦નો ચાર્જ લેવાયો હતો જ્યારે ૧૩/૫ પોપટપરામાં આવેલ 'રાધિકા ડેરીફાર્મ'માં અનહાઈજેનિક કન્ડિશનમાં સ્ટોરેજ તથા ઉત્પાદન થતું જોવા મળ્યું હતું. અહીંથી પડતર પડેલ, વાસી માવો, વનસ્પતિ ફેટ, કુલ મળીને અંદાજિત ૧૬૦ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરી રૂ.૫,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો. તો અનહાઈજેનિક સ્ટોરેજ તેમજ અયોગ્ય લેબલિંગ ધ્યાને લઈ આશરે ૪૫૦ કિલો મીઠો માવો સ્થળ પર કોલ્ડ સ્ટોરેજ સીલ કરી સ્થગિત કરીને મીઠો માવો લૂઝ અને પનીરના સેમ્પલ લેવાયા છે.

મોરબી રોડના સેટેલાઈટ ચોક પાસે આવેલ રામ પાર્કના શ્રીજી ડેરીફાર્મ માંથી ૨૩ કિલો મીક્સ વાસી મીઠાઈનો નાશ કરી રૂ.૩,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલી નોટીસ આપવા સાથે મીઠો માવો, મોળો માવો લૂઝના નમૂના લેવામાં આવેલ છે. તો ખોડિયાર ડેરી માંથી ૧૨ કિલો એક્સપાયર વાસી ફરસાણનો નાશ કરી રૂ.૧,૦૦૦નો વહીવટી ચાર્જ તથા પનીરનું સેમ્પલીગ અને શ્રી ગેલમાં ડેરીફાર્મમાંથી ૪ કિલો એક્સપાયર વાસી ફરસાણનો નાશ કરી રૂ.૧,૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરીને પનીર લૂઝ તથા કેસરપીસતા શ્રીખંડનો નમૂનો લેવાયો છે.

જંકશન રેલ્વે સ્ટેશનની સામે હોટલ એમબોયમાંથી ૩૧ કિલો ડુંગળી, બટેટા, ટમેટા, લીંબુનો નાશ નાશ કરી રૂ.૫,૦૦૦, શ્રી ગુરુનાનક હોટલ માંથી ૫ કિલો ચટણીનો નાશ, શીવ શક્તિ રેસ્ટોરન્ટમાંથી પ્રિપેર્ડ શાક, મમતા રેસ્ટોરન્ટમાંથી બ્રેડના પેકેટનો નાશ કરી, કેએનજી નોનવેજ માંથી લોલિપોપ ચિકનનો નાશ, નાગોર ચોળાફરીમાંથી ૯ કિલો અખાદ્ય ચટણી, રોઝી પાણિપુરીમાંથી અખાદ્ય પાણી, બાપા સીતારામ પાઉંભાજીમાંથી ૯ કિલો અખાદ્ય ચટણી, ક્રિશ ફાસ્ટફૂડમાંથી ૬ કિલો અખાદ્ય મંચૂરિયનનો નાશ કરી જૈન પાણીપુરી, જય ખોડિયાર રેસ્ટોરન્ટ, શ્રી બાલાજી રેસ્ટોરન્ટ, રાજસ્થાન રગડા પેટીસ ભેળ, શ્રી બાલાજી રેસ્ટોરન્ટ પાઉંભાજી, સદગુરુ મોમોઝ નાસ્તા, સીતારામ વડાપાઉં દાબેલી, સીતારામ ફૂડ ઝોનને લાઈસન્સ બાબતે સૂચના અપાઈ હતી.

મન્નત નોનવેજ ચાઈનીઝને રૂ.૫૦૦, શ્રી રામ પરોઠા હાઉસને રૂ.૨૦૦, પર્વના રેસ્ટોરન્ટને રૂ.૨,૦૦૦, માં શક્તિ હોટલ ને રૂ.૫૦૦, બજરંગ હોટલને રૂ.૫૦૦, સોનું નાસ્તા સેન્ટરને રૂ.૫૦૦નો દંડ કરાયો હતો.

મવડી ચોકડીએ આવેલ વરુડી ડેરીમાંથી ૭ કિલો લેબલ વગરના વાસી અખાદ્ય ફરસાણનો નાશ કરી રૂ.૨,૦૦૦નો વહીવટી ચાર્જ તથા કાવ્યા પનીર લો ફેટનું સેમ્પલીંગ અને રાધેશ્યામ ડેરી માંથી પનીર (લૂઝ)નો નમૂનો લેવાયો હતો. જ્યારે પ્રેમ મંદિર પાસેના ઢોસા-પોડી પોઈન્ટ પેઢીને હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપી રૂ.૧,૦૦૦નો વહીવટી ચાર્જ તથા રાણી ટાવર નીચે, કાલાવડ રોડના હોટ સ્પાઈસી પેઢીમાંથી માંથી ૩ કિલો વાસી અખાદ્ય બ્રેડ નો નાશ કરી રૂ.૫,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરી પેઢીઓને નોટીસ અપાઈ હતી.

મનપાની ફૂડ શાખા દ્વારા આજી વસાહત, આજી ઈન્ડસ્ટ્રીયલ એ-૨/૫માં આવેલ કવીન્સ ફૂડ્સ બેવરેજીસ પેઢીને નોટીસ આપી પનીર તેમજ ચીઝ (લૂઝ)નો નમૂનો લેવામાં આવેલ છે. તો મિલપરા શેરી નં. ૨૬માં આવેલ જય શ્રી ખોડિયાર દુગ્ધાલય પેઢીને નોટિસ આપી પનીર (લૂઝ)નો નમૂનો લેવામાં આવ્યો છે.

# કમિશનરે પણ વધુ તટસ્થ તપાસના પગલા ભર્યા

## ડિમોલીશન ખર્ચની તપાસ સમિતિના વડા હવે IAS કેતન જોશી : કુલ છ સભ્યો તપાસ કરશે



રાજકોટ:વોર્ડ નં.૧૬ના જંગલેશ્વર વિસ્તારમાં ૧૫ મીટરના ટીપી રોડ અને નદી પટમાં દોઢ હજાર જેટલા ગેરકાયદે બાંધકામોના કરવામાં આવેલા ડિમોલીશન બાદ બુધવારે રૂા. ૨૭ લાખથી વધુના ભોજન ખર્ચની દરખાસ્ત ભાજપ શાસકોએ ફગાવી દીધી હતી. હવે પુરા વહીવટી તંત્ર વતી કમિશનર તુષાર સુમેરાએ પણ વધુ નિષ્પક્ષ અને તટસ્થ તપાસ માટે આ સમિતિના અધ્યક્ષ કોર્પો.ના ડે.કમિશનરના બદલે ઈન્ચાર્જ નાયબ કમિશનર અને પીજીવીસીએલના વડા કેતન જોશીને સમિતિના અધ્યક્ષ બનાવવા નિર્ણય લીધો છે. આમ હવે કુલ છ સભ્યો તપાસ કરશે.આ વિવાદ વચ્ચે તપાસ સમિતિ બનાવવામાં આવી ત્યારે બે મોટા ચાર્જ ધરાવતા સરકારના આઈએસ અધિકારીનું કામનું ભારણ જોતા ડે.કમિશનર ચેતન નંદાણીને સમિતિ અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. હવે આજે કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, આ વિવાદી ખર્ચની સ્વતંત્ર અને સંપૂર્ણ તટસ્થ તપાસ માટે પીજીવીસીએલના એમ.ડી. એવા ઈ.નાયબ કમિશનર કેતન જોશીને તપાસ સમિતિના અધ્યક્ષ બનાવાયા છે. મનપા તંત્ર તપાસમાં જે કંઈ પણ બહાર આવે તેના પરથી જરૂર લાગ્યે કાર્યવાહી કરવાનો ઈરાદો ધરાવે છે. કમીટીનો રીપોર્ટ આવે એટલે આગળની કાર્યવાહી નકકી કરવામાં આવશે.

ચાર દિવસ પહેલા મેયર ડો. નેહલ શુકલએ કમિશનરને પત્ર લખીને તટસ્થ તપાસ કરાવવા ભલામણ કરતા કમિશનર તુષાર સુમેરાએ તત્કાલ તપાસ કમીટીની રચના કરી હતી. ડિમોલીશન વખતે અનિવાર્ય રહેલા ખર્ચમાં પણ કોઈ પણ પ્રકારની અનિયમિતતા હોય તો તે અંગે પણ તપાસ રીપોર્ટના આધારે કાર્યવાહી કરવામાં આવશે તેમ મેયર અને સ્ટે.ચેરમેન પરેશ પીપળીયાએ જાહેર કર્યુ હતું.

જંગલેશ્વર ડિમોલીશન સાથેના ભોજન, નાસ્તા, ફોટોગ્રાફી, પાણી સહિતના ખર્ચ બાબતે જે પ્રશ્નનો ઉભા થયા છે તેને સમગ્ર તંત્રએ ગંભીરતાથી લીધુ છે. આ બાબતમાં શાસકો કોઈ ઢીલ રાખવા માંગતા નથી અને તે કારણે જ સ્ટે.કમીટીમાં આ દરખાસ્ત ફગાવી દેવામાં આવી છે. આ કમીટી વિસ્તૃત રીપોર્ટ આપે એટલે જરૂર પડયે પગલા પણ લેવામાં આવશે. સમિતિ તપાસ અહેવાલ આપે તે બાદ સ્ટે.કમીટી અંતિમ નિર્ણય લેશે.

મેયરે તમામ બિલો, ખર્ચની પ્રક્રિયા, મંજૂરીની પદ્ધતિ અને જવાબદાર અધિકારીઓની ભૂમિકા અંગે વિગતવાર તપાસ કરીને અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું. તપાસમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ, બેદરકારી અથવા નાણાકીય અનિયમિતતા સામે આવશે તો જવાબદાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આ કમીટીમાં હવે કેતન જોશીના અધ્યક્ષ સ્થાને અન્ય ડે.કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ, આસી. કમિશનર ભરત કાથરોટીયા, ચીફ એકા. અમીત સવજીયાણી, ટેકનીકલ સીટી ઈજનેર પરેશ અઢીયા મળી કુલ છ સભ્યોનો સમાવેશ થાય છે.બીજી તરફ ૨૭ લાખના ભોજન ખર્ચના વિવાદના મુળમાં ટેન્ડર વગરના ખર્ચ હોય, હવેથી દરેક પ્રકારના રેટ કોન્ટ્રાકટ માટે દરેક શાખાના વર્તમાન રેટ કોન્ટ્રાકટનો રીવ્યુ કરવા અને મુદ્દત પૂર્ણ થઈ હોય તેમાં સત્વરે નવા ટેન્ડર બહાર પાડવાના વહીવટી સુધારા સાથેનો ઠરાવ કરીને કમિશનરને મોકલ્યો હતો. ખુબ ઉંચા ભાવ હોય તેવા ટેન્ડર રદ કરવાના છે. તો નવા ભાવો સ્પર્ધાત્મક આવે તે રીતના ટેન્ડર બનાવવા સૂચના આપવામાં આવી છે. આ રીતે ભાજપ શાસકોએ વિવાદી ફૂડ બીલ ફગાવીને કડક કાર્યવાહીનો સંદેશો આપ્યો છે તો કમિશનરે તપાસ સમિતિ રચ્યા બાદ હવે આઈએએસ અધિકારી જ સમિતિના વડા રહે તેવો પ્રમાણીક અને પારદર્શક અભિગમ આજે પણ જાહેર કર્યો છે.

# PGVCLની કોર્પોરેટ ઓફિસમાં જ શોટ સર્કિટ ; ધુમાડાના ગોટેગોટા

રાજકોટ,

તાજેતરના સમયમાં છત્રઝ માં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાના બનાવોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. રહેણાંક મકાનોથી લઈને સરકારી કચેરીઓ સુધી આવી ઘટનાઓ ચિંતાનો વિષય બની રહી છે. ત્યારે આજરોજ શહેરના રાજનગર ચોક નજીક આવેલી PGVCL ની કોર્પોરેટ ઓફિસમાં જ ACમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગવાની ઘટના બનતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

જોકે ફાયર વિભાગ અને હાજર કર્મચારીઓની સમયસૂચકતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. મળતી માહિતી મુજબ, શહેરના રાજનગર ચોક, લક્ષ્મીનગર મેઈન રોડ પાસે આવેલી PGVCL કોર્પોરેટ ઓફિસમાં સવારે આશરે ૯ વાગ્યે અચાનક આગ ભભૂકી ઊઠી હતી.

આગ લાગતા ઓફિસમાં હાજર કર્મચારીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો અને ધુમાડાના ગોટેગોટા જોવા મળતા તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં મવડી ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.



આગ PGVCL ના મેનેજિંગ ડિરેક્ટરની ઓફિસની બહાર આવેલા બેઠક ખંડમાં રાખવામાં આવેલા છત્રઝ માં લાગી હતી. બનાવ સમયે ઓફિસમાં અંદાજે ૧૫ થી ૨૦ લોકો હાજર હતા.

પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું સામે આવ્યું છે. સદનસીબે ફાયર બ્રિગેડની ઝડપી કામગીરી અને હાજર કર્મચારીઓની સમયસૂચકતાના કારણે કોઈ જાનહાનિ કે મોટી નુકશાની થયેલ નથી. આ તકે ફાયર વિભાગના નરેન્દ્રસિંહ ઝાલા, ધવલભાઈ સોઢા, વિજયભાઈ ચોસલા, ધ્રુવિલસિંહ ચુડાસમા, કિશનભાઈ ડાભી અને હરવિજયસિંહ ચુડાસમા દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ ખાતે ૧૮૨મી બોર્ડ બેઠક યોજાઈ



રાજકોટ:

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તા.૦૩-૦૭-૨૦૨૬ના રોજ ૧૮૨મી બોર્ડ બેઠક ચેરમેનશ્રી તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ. બોર્ડ બેઠકમાં નીચેના મુદાઓને બહાલી આપવામાં આવી.

સત્તામંડળ વિસ્તારમાં સૂચિત કરાયેલ નગર રચના યોજના નં.૩૯/૧(બેડી) અને સૂચિત કરાયેલ નગર રચના યોજના નં.૪૦/૧આણંદપર (નવાગામ)-સોખડાની નક્કી થયેલ હદમાં સુધારો કરવા મંજૂરી આપી.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૧) હેઠળ સત્તામંડળની સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૦/૨ આણંદપર(નવાગામ)-સોખડાબનાવવાનો ઈરાદો જાહેર કરવા અંગે મંજૂરી આપવામાં આવી.

તરઘડી ગામ થી બાઘીગામના રોડની બાકી રહેતી આશરે ૨.૫૦ કી.મી. લંબાઈમાં અંદાજીત રૂ.૬.૮૪ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવા મંજૂરી આપવામાં આવેલ.

ચેરમેનશ્રી તથા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તુષાર સુમેરા, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી સંજયભાઇ પીપળીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટીના પ્રતિનિધિ તરીકે શ્રી આઈ.એસ.આહીર, રૂડાના સી.ઈ.એ.શ્રી જી.વી.મિયાણી, કલેક્ટરશ્રીના પ્રતિનિધિ તરીકેશ્રી એ.એસ.ઝાંપડા, મુખ્ય નગર નિયોજકશ્રીના પ્રતિનિધિ તરીકે શ્રી આર.ડી.પરમાર તથા ઈસ્ઝના સીટી એન્જી.શ્રી કે.કે.મહેતા હાજર રહેલ હતા.

# ભારે વરસાદના પગલે સૌરાષ્ટ્રના પાંચ ડેમ ૭૦ ટકાથી વધુ ભરાતા એલર્ટ જારી

## રાજકોટ જિલ્લામાં એસ.ટી. બસ સેવાના તમામ રૂટ યથાવત

રાજકોટ:

ભારે વરસાદને કારણે પાણીની સતત આવકને પગલે સૌરાષ્ટ્રના વિવિધ ડેમોમાં જળસપાટી વધી રહી છે. જેના પગલે વિવિધ ડેમો માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના વેણુ-૨ ડેમ ૭૮.૪૮ ટકા, સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાનો વંસલ ડેમ ૭૭.૦૮ ટકા, ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાનો રંઘોળા ડેમ ૭૫.૬ ટકા, પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાનો સારણ ડેમ ૭૩.૩૭ ટકા, જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાનો બાટવા-ખારો ડેમ ૭૦.૯૬ ટકા ભરાયો છે. જેના પગલે આ ડેમના કેચમેન્ટ એરિયામાં એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.

વરસાદના પગલે રાજકોટ જિલ્લામાં રાજ્ય માર્ગ મકાન વિભાગ હસ્તકના બે હાઈવે ૩ જુલાઈએ સવારે ૯ વાગ્યાની સ્થિતિએ બંધ રહ્યા હતા.

ભારે વરસાદ છતાં રાજકોટ જિલ્લામાં એસ.ટી.નો વાહનવ્યવહાર રાબેતા મુજબ જ શરૂ છે. જિલ્લામાં કુલ ૩૮૨ રૂટ પર ૧૦૭૧ ટ્રીપ રાબેતા મુજબ સંચાલિત થઈ છે. રાજકોટ જિલ્લાને સંલગ્ન મોરબી જિલ્લાના ૧૭૬ રૂટ પર ૫૭૩ ટ્રીપ અને સુરેન્દ્રનગર જિલ્લાના ૩૬૯ રૂટ પર ૯૩૮ ટ્રીપ સંચાલિત થઈ છે.

# કોઠારીયા રોડ પર કોર્ટનાં આદેશ અનુસાર ઝુંપડાના દબાણ હટાવાયા



રાજકોટ:રાજકોટ શહેરનાં કોઠારીયા રોડ ઉપર સિંદુરીયા ખાણ નજીક આજરોજ એક કાનૂની વિવાદ ગ્રસ્ત જમીનમાંથી વહીવટી તંત્રએ કોર્ટ કમિશ્નરની ઉપસ્થિતિમાં ૧૫ થી ૨૦ જેટલા ઝુપડાના દબાણો હટાવી દીધા હતા. આ અંગેની વહીવટી તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કોઠારીયા રોડ ઉપર સિંદુરીયા ખાણ પાસે આવેલી જમીન કે જેમાં સરકાર અને ખાનગી માલિક વચ્ચેનો કાનૂની વિવાદ લાંબા સમયથી ચાલી રહ્યો હતો.

ત્યાં આજરોજ કોર્ટનાં આદેશ મુજબ કોર્ટ કમિશ્નરની હાજરીમાં આ જમીન પરથી ૧૫૨૦ જેટલા ઝુપડાના દબાણ દૂર કરાયા હતા. આ તકે કોર્ટનાં આદેશ અનુસાર દક્ષિણ મામલતદાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના અડધાથી વધુ કરદાતાઓએ એડવાન્સ વેરો ભરી દીધો

રાજકોટ:મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે એડવાન્સ મિલ્કતવેરા તથા પાણી વેરાની વસુલાતની વળતર સ્કીમમાં ૩.૪૪ લાખ થી વધુ કરદાતાઓએ ફરજ બજાવી છે. જેમનો મનપાએ આભાર માન્યો છે. કોર્પો.ના રેકર્ડ મુજબ રાજકોટના અડધાથી વધુ મિલ્કતધારકોએ ત્રણ મહિનામાં કોર્પો.ની તિજોરીને મોટો ઓકસીજન આપી દીધો છે.

શહેરના કરદાતાઓએ સમયસર વેરાની ભરપાઈ કરીને મહાનગરપાલિકાની આવકમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. કરદાતાઓના સકારાત્મક સહકારને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં વસુલાતને ખૂબ જ ઉત્સાહજનક પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. તા. ૩૦-૬ સુધીમાં કુલ ૩,૪૪,૨૫૫ કરદાતાઓ દ્વારા અંદાજે રૂ. ૨૪૫.૪૫ કરોડની માતબર વેરાની રકમ જમા કરાવાઈ છે. આ વસુલાતમાં ડિજિટલ સેવાઓનો વ્યાપક સ્વીકાર પણ નોંધાયો છે.

એડવાન્સ વેરો ભરપાઈ કરનાર કરદાતાઓને રૂ. ૨૭.૧૨ કરોડ જેટલી ડિસ્કાઉન્ટની રકમ વળતરમાં અપાઈ છે. તે સામે કોર્પો.ની તિજોરી પણ ઈમાનદાર કરદાતાઓએ છલકાવી છે. કોર્પો. દ્વારા ઓનલાઈન વેરા ભરપાઈ, વિવિધ નાગરિક સુવિધા કેન્દ્રો, બેન્કિંગ વ્યવસ્થા સહિત સરળ અને પારદર્શક વસુલાત વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સુશાસન અને સમૃદ્ધિ : ભારતની વિકાસગાથાનો નવો અધ્યાય

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં જ્યાં અનેક અર્થવ્યવસ્થાઓ મંદીના દબાણ સાથે સંઘર્ષ કરી રહી છે, ત્યાં ભારત એક સ્થિર અને આશાસ્પદ દ્વીપ જેવું દૃશ્ય પ્રસ્તુત કરે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓથી લઈને જાણીતા અર્થશાસ્ત્રીઓ સુધી, બધાની નજર ભારતીય અર્થતંત્રના સતત વધતા ગ્રાફ પર ટકેલી છે. ઉત્પાદન, ડિજિટલ ટેકનોલોજી, લોજિસ્ટિક્સ અને નવીનીકરણીય ઊર્જા જેવા ક્ષેત્રોમાં થયેલા સીમાચિહ્નરૂપ સુધારાઓ આ વૃદ્ધિની કરોડરજ્જુ છે. દેશ હાલમાં વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ચૂક્યો છે, અને નિષ્ણાતોના મતે, સતત સુધારણાવાળી નીતિઓ અને યુવાન કાર્યબળની તાકાતને કારણે આવનારા વર્ષોમાં ભારત ત્રીજા સ્થાને પહોંચી શકે તેવી સંભાવના છે.કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિનો ખરો ખ્યાલ તેના સ્થૂળ આર્થિક આંકડાઓ નહીં, પરંતુ તેની નીતિઓ સામાન્ય માણસના જીવનમાં કેટલો ઠોસ ફેરફાર લાવે છે તેના પરથી આવે છે. આ જ ધ્યેયને કેન્દ્રમાં રાખીને, ભારતમાં વિગતવાર વહીવટી સુધારાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જાહેર સેવાઓમાં ટેકનોલોજીનું વ્યાપકીકરણ, નિર્ણય-પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદારીની સંસ્કૃતિને મૂળમાં પ્રસ્થાપિત કરવાના પ્રયત્નોએ પ્રશાસનિક તંત્રને વધુ ચપળ બનાવ્યું છે. ડિજિટલ ઈન્ડિયાના વ્યાપક અમલીકરણથી લાભાર્થીઓને સીધું નાણાં ટ્રાન્સફર, ઓનલાઈન મંજૂરીઓ અને આધાર-આધારિત સેવાઓ સુલભ થઈ છે, જેનાથી સરકાર અને નાગરિક વચ્ચેનું અંતર નોંધપાત્ર રીતે ઘટ્યું છે.અર્થતંત્રને મજબૂત બનાવતા બીજા મહત્વના પાસા છે સંસ્થાકીય માળખામાં થયેલા ફેરફારો. વિશ્વના વિકસિત દેશોએ ફક્ત ઔદ્યોગિક ઉત્પાદનથી જ નહીં, પરંતુ સશક્ત કાયદાકીય ચોકઠું, ઝડપી અને સુલભ ન્યાયવ્યવસ્થા, અને કાર્યક્ષમ પ્રશાસનના કારણે લાંબા ગાળાની પ્રગતિ હાંસલ કરી છે. ભારત પણ હવે આ જ દિશામાં વેગપૂર્વક આગળ વધી રહ્યો છે. 'મેક ઇન ઇન્ડિયા', 'ગતિ શક્તિ' અને 'પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ' યોજનાઓ જેવી પહેલોએ ઉદ્યોગપતિઓનો વિશ્વાસ વધાર્યો છે અને વિદેશી રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કર્યું છે.



# ૧૨-હરભાઈ ત્રિવેદી : મોન્ટેસરી અને સ્વાધ્યાય પદ્ધતિનો પ્રયોગ

- શિક્ષણપ્રયોગ ભારતીય શિક્ષણ ઇતિહાસમાં નોંધપાત્ર બની ગયો.
- માતાના ગર્ભથી જ બાળકના ચિત્ત પર સંસ્કારો અને વાતાવરણની અસર પડે છે.
- બાળક નિર્ભય ન હોય તો તેનો સાચો વિકાસ શક્ય નથી.
- પરંપરાગત વર્ગપદ્ધતિને બદલે વિષયખંડો અથવા પ્રયોગમંદિરો બનાવવાની યોજના ઘડાઈ.

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં ચાલતા બાલમંદિરમાં મોન્ટેસોરી પદ્ધતિનો સતત વિકાસ થઈ રહ્યો હતો. ગિજુભાઈ બધેકા બાળકોના વ્યક્તિત્વ નિર્માણના કાર્યમાં સંપૂર્ણ તલ્લીન હતા. તેમના પ્રયોગોની સફળતાથી પ્રેરાઈ ભાવનગરના વાલીઓ પોતાના બાળકોને આ નવીન કેળવણીનો લાભ મળે તે માટે બાલમંદિરમાં દાખલ કરવા ઉત્સુક બન્યા. મોન્ટેસોરી પદ્ધતિનો પ્રભાવ ધીમે ધીમે સમગ્ર ગુજરાતમાં પ્રસરી રહ્યો હતો.

ગિજુભાઈ અને હરભાઈ પશ્ચિમના દેશોમાં ચાલી રહેલા મોન્ટેસોરી બાલમંદિરોનો અભ્યાસ કરવા આતુર હતા. હરભાઈ વિશેષ પ્રયોગશીલ હતા. તેઓ દરેક વિચારને પોતાના બાલમંદિરમાં અમલમાં મૂકી તેનું મૂલ્યાંકન કરતા. ગિજુભાઈ પણ આ પ્રયોગોમાં સહભાગી રહેતા. પ્રયોગો દરમિયાન ઊભી થતી મુશ્કેલીઓના ઉકેલ માટે બંને દિવસ-રાત પ્રયત્નશીલ રહેતા. દક્ષિણામૂર્તિના આંગણે ચાલતો આ શિક્ષણપ્રયોગ માત્ર ગુજરાત પૂરતો મર્યાદિત ન રહ્યો, પરંતુ ભારતીય શિક્ષણ ઈતિહાસમાં નોંધપાત્ર બની ગયો. શરૂઆતમાં ચાર-પાંચ વર્ષની ઉંમરના બાળકોને પ્રવેશ અપાતો, પરંતુ પછી અઢી વર્ષ સુધીના નાના બાળકોને પણ સામેલ કરવામાં આવ્યા. આથી સ્પષ્ટ થયું કે નાનાં બાળકોનું ચિત્ત પણ અત્યંત સંવેદનશીલ અને ઘડતરયોગ્ય હોય છે. ગિજુભાઈ આ વિચારને શિક્ષણની ફિલસૂફી તરીકે વિકસાવી રહ્યા હતા, જ્યારે હરભાઈ તેને માનસશાસ્ત્રીય આધાર આપી રહ્યા હતા. તેઓ બાળકના વર્તન, વિકાસ અને મનોદશાનો ઊંડો અભ્યાસ કરતા. માતાના ગર્ભથી જ બાળકના ચિત્ત પર સંસ્કારો અને વાતાવરણની અસર પડે છે, એવો વિચાર તેઓ શિક્ષકો અને વાલીઓ સુધી સફળતાપૂર્વક પહોંચાડતા. પરિણામે બાળકેન્દ્રિત શિક્ષણ અને બાલમનોવિજ્ઞાનને સમજનારો એક પ્રભાવશાળી વર્ગ ઉભો થયો.

મોન્ટેસોરી પદ્ધતિના બે મુખ્ય સિદ્ધાંતો સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુર્ણા હરભાઈના વિચારોના કેન્દ્રમાં હતા. પરંતુ તેઓ માત્ર સ્વાતંત્ર્ય પૂરતું માનતા નહોતા; તેઓ તેમાં જવાબદારી અને સહકારની ભાવના પણ જોડવા માંગતા હતા. બાળક માત્ર વ્યક્તિ તરીકે નહી, પરંતુ સમાજના જવાબદાર અંગ તરીકે વિકસે તે જરૂરી છે, એવો તેમનો મત હતો. આ વિચારોથી પ્રેરાઈ હરભાઈએ વિનય મંદિરમાં વિદ્યાર્થીઓને જવાબદારીઓ સોંપવાના પ્રયોગો શરૂ કર્યા. જોકે એક મુશ્કેલી હતી બધા વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય આપી શકાય, પરંતુ જવાબદારી થોડાકને જ સોંપી શકાય. સમૂહશિક્ષણમાં વ્યક્તિગત બેદરકારી પણ વધતી હતી. તેથી શિક્ષણમાં સ્વાતંત્ર્ય અને શિસ્ત વચ્ચે સંતુલન સાધવાની જરૂરિયાત હરભાઈને સતત અનુભવાતી. તે સમયના શિક્ષણક્ષેત્રમાં ભય અને શિસ્તનું પ્રભુત્વ હતું. શાળાઓમાં કડક નિયમો, મૌન અને સજાની પદ્ધતિ સામાન્ય હતી. આવા સમયમાં હરભાઈએ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો આદર, નિર્ભયતા અને સ્વતંત્ર વિકાસને મહત્વ આપ્યું. તેઓ માનતા હતા કે બાળક નિર્ભય ન હોય તો તેનો સાચો વિકાસ શક્ય નથી.ઈ.સ. ૧૯૨૪ આસપાસ હરભાઈએ ઈંગ્લેન્ડના "એજ્યુકેશનલ સપ્લિમેન્ટ"માં અમેરિકાના એક શિક્ષણપ્રયોગ વિષે વાંચ્યું. વધુ માહિતી મેળવતાં તેમને ખબર પડી કે અમેરિકન શિક્ષણવિદ્ મિસ પાર્કહર્સ્ટે મોન્ટેસોરીના સિદ્ધાંતો પરથી "ડોલ્ટન પ્લાન" વિકસાવ્યો હતો. તેમાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાય દ્વારા અભ્યાસ કરવાની સ્વતંત્રતા આપવામાં આવતી હતી. હરભાઈએ આ યોજનાનો ઊંડો અભ્યાસ કરીને તેને વિનય મંદિરમાં અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો. લગભગ છ મહિના સુધી શિક્ષકો સાથે ચર્ચા કરીને આયોજન તૈયાર થયું. પરંપરાગત વર્ગપદ્ધતિને બદલે વિષયખંડો અથવા પ્રયોગમંદિરો બનાવવાની યોજના ઘડાઈ. તેમાં જુદા જુદા ધોરણના વિદ્યાર્થીઓ એક જ વિષયખંડમાં પોતાની ક્ષમતા પ્રમાણે કાર્ય કરી શકતા. ડોલ્ટન પ્લાનનું સૌથી મહત્વનું અંગ હતું સમયતાસ અને ઘંટની નાબૂદી. વિદ્યાર્થીઓ પોતાની ગતિ, રુચિ અને ક્ષમતા પ્રમાણે અભ્યાસ કરતા. આથી સમયપત્રકની બાંધછોડ ઓછી થઈ અને શિક્ષણ વધુ જીવંત બન્યું. શરૂઆતમાં ગુજરાતી અને ગણિત વિષયોમાં સ્વાધ્યાય પદ્ધતિ શરૂ કરવામાં આવી. હરભાઈએ ગુજરાતી વિભાગની જવાબદારી જાતે સંભાળી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેમાં આ પ્રયોગ પ્રત્યે વિશેષ ઉત્સાહ જોવા મળ્યો. ઘણા વિદ્યાર્થીઓ સાંજ સુધી પ્રયોગમંદિરમાં રહી અભ્યાસ કરતા. શિક્ષકોનું કાર્ય પણ માત્ર ભણાવવાનું ન રહી માર્ગદર્શન અને સહયોગ આપવાનું બની ગયું. આથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, પરિશ્રમ, સહકાર અને સર્જનશક્તિનો વિકાસ થવા લાગ્યો. થોડા સમયમાં તમામ વિષયોના શિક્ષકો આ પદ્ધતિ તરફ આકર્ષાયા. તેમણે પોતાના વિષયોના સ્વાધ્યાય તૈયાર કર્યા. વેકેશન દરમિયાન પણ શિક્ષકો સ્વાધ્યાય, મૂલ્યાંકન પદ્ધતિ અને પ્રયોગમંદિરોના વિકાસમાં વ્યસ્ત રહેતા. આ રીતે ભારતનો પ્રથમ સફળ ડોલ્ટન પ્લાન પ્રયોગ દક્ષિણામૂર્તિમાં વિકસ્યો.હરભાઈએ સ્વાધ્યાય પદ્ધતિને ભારતીય પરિસ્થિતિ પ્રમાણે ઢાળી. સમગ્ર અભ્યાસક્રમને અઠવાડિયાવાર એકમોમાં વહેંચવામાં આવતો. દરેક એકમ માટે સમય નક્કી થતો. વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની છૂટ હતી, પરંતુ તેમની પ્રગતિની નોંધ પણ રાખવામાં આવતી. મૂલ્યાંકન માટે વિવિધ પ્રકારના ગ્રાફ, કાર્ડ અને આંકડાકીય નોંધો તૈયાર કરવામાં આવતી. દરેક વિદ્યાર્થીની પ્રગતિ, સમય અને કાર્યક્ષમતાનું નિયમિત મૂલ્યાંકન થતું. આથી શિક્ષકોને સમજ પડતી કે કયો સ્વાધ્યાય સરળ છે, કયો અઘરો છે અને ક્યાં સુધારાની જરૂર છે. શરૂઆતમાં આ કાર્ય શિક્ષકોને ભારરૂપ લાગ્યું, પરંતુ પછી તેઓ સમજ્યા કે આ પદ્ધતિ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત ઉપયોગી છે. સ્વાધ્યાય તૈયાર કરવું પણ એક સર્જનાત્મક પ્રક્રિયા હતી. દરેક સ્વાધ્યાયમાં પૂર્વજ્ઞાન સાથેનો સંબંધ, માર્ગદર્શક પ્રશ્નો અને રસપ્રદ પ્રવૃત્તિઓ સામેલ કરવામાં આવતી. બુલેટિન બોર્ડ, નકશા, આલેખો અને પુસ્તકો જેવી અભ્યાસસામગ્રી વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી. આથી શિક્ષણ વધુ જીવંત અને સ્વપ્રેરિત બન્યું.હરભાઈના પ્રયોગની ચર્ચા સમગ્ર ગુજરાતમાં થવા લાગી. કેટલાક લોકોએ તેની ટીકા કરી કે આ પદ્ધતિથી શિસ્ત અને ગુરુ-શિષ્ય પરંપરા નષ્ટ થશે. પરંતુ ઘણા શિક્ષણવિદોએ તેને ક્રાંતિકારી અને ઉપયોગી ગણાવ્યો. વડોદરાની મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલની અમેરિકન મહિલા મિસ નીડહામ પણ હરભાઈના પ્રયોગથી પ્રભાવિત થયા હતા. દક્ષિણામૂર્તિમાં નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ અને હરભાઈ ત્રણે મહાન શિક્ષણકારો સાથે કાર્ય કરતા હતા. છતાં તેમની કાર્યપદ્ધતિ અલગ હતી. નાનાભાઈ શિસ્ત અને નિયંત્રણમાં માનતા, જ્યારે હરભાઈ સ્વાતંત્ર્ય અને જવાબદારીને મહત્વ આપતા. પરિણામે કેટલાક મતભેદો ઊભા થયા. નાનાભાઈને ભય હતો કે વધુ સ્વાતંત્ર્યથી વિદ્યાર્થીઓ અભ્યાસમાં ઢીલા પડશે. એક સમયે નાનાભાઈએ સ્વાધ્યાય પ્રયોગને નિયંત્રિત કરવાની જરૂર જણાવી. હરભાઈએ પ્રયોગની જવાબદારી તેમને સોંપી. થોડા સમય માટે ફરી શિક્ષકકેન્દ્રિત પદ્ધતિ શરૂ થઈ, પરંતુ ટૂંક સમયમાં જ નાનાભાઈને સમજાયું કે હરભાઈનો પ્રયોગ વૈજ્ઞાનિક અને સફળ હતો. ત્યારબાદ તેમણે કદી આ પ્રયોગમાં દખલગીરી કરી નહી.દક્ષિણામૂર્તિ બંધ થયા પછી પણ હરભાઈએ ઘરશાળામાં આ પદ્ધતિ ચાલુ રાખી. તેમણે ડોલ્ટન પ્લાનને ભારતીય જરૂરિયાતો અનુસાર ઢાળીને નવી દિશા આપી. આ કારણે તેઓ ભારતમાં "ડોલ્ટન પ્લાનના મશાલચી" તરીકે ઓળખાયા.આ રીતે હરભાઈ, ગિજુભાઈ અને નાનાભાઈએ શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તક પૂરતું ન રાખી, પરંતુ બાળકના વ્યક્તિત્વ, સ્વાતંત્ર્ય, જવાબદારી અને સર્જનાત્મકતાના વિકાસ સાથે જોડ્યું. દક્ષિણામૂર્તિનો આ પ્રયોગ ભારતીય શિક્ષણ ઈતિહાસમાં એક અનોખું અને પ્રેરણાદાયક પ્રકરણ બની રહ્યો છે.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** તમારી ચંદ્ર રાશિના બારમા ભાવમાં શનિદેવ બિરાજમાન હશે અને આવી સ્થિતિમાં, આ સપ્તાહ દરમિયાન તમારે તમારી થાળીમાં લીલા પાંદડાવાળા શાકભાજીનો સમાવેશ કરવાની જરૂર પડશે. આ માટે તમે કાકડી અથવા સલાડથી શરૂઆત કરી શકો છો. સાથે જ દિવસમાં ઓછામાં ઓછું એક સફરજન અથવા અન્ય કોઈ ફળનું સેવન જરૂર કરો, કારણ કે આનાથી જ તમે તમારી જાતને ઘણી નાની-મોટી બીમારીઓથી દૂર રાખવામાં સફળ રહેશો. ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના ચોથા ભાવમાં બેઠા હશે અને તેના પરિણામે, તમારા કોઈ જૂના રોકાણ જેમ કે પૈતૃક સંપત્તિ, જમીન, પ્રોપર્ટી, પોલિસી વગેરેના કારણે આ સપ્તાહમાં તમારી આવકમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં તમે તે ધન પ્રાપ્ત કરીને, તેને ફરીથી કોઈ સારી યોજનામાં રોકાણ કરવાનો નિર્ણય પણ લઈ શકો છો. આ સપ્તાહે ઘણા ગ્રહોનું ગોચર થવાથી તમારા પારિવારિક જીવનમાં ખુશીઓ પાછી આવશે. જો કે તે પહેલાં તમારા પરિવારમાં સભ્યોની સંખ્યામાં વધારો થવાની પણ સંભાવના રહેશે. આ વધારો કોઈ વ્યક્તિના લગ્ન અથવા કોઈ બાળકના જન્મના કારણે સંભવ છે. તેથી આ ખુશીઓને પરિવાર સાથે મળીને ઉજવો. કાર્યક્ષેત્રમાં દરેક કાર્ય અને લક્ષ્યોની પ્રાપ્તિ માટે, તમારા દ્વારા બનાવવામાં આવેલી ભૂતકાળની દરેક રણનીતિ અને યોજનામાં ઓફિસની કોઈ વ્યક્તિ અડચણ ઊભી કરી શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)** ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં ઉપસ્થિત હશે અને તેના પરિણામે, આ સપ્તાહે તમારા મનમાં નકારાત્મક વિચારો હાવી રહેશે. જેના કારણે જો તમારી સાથે કંઈક સારું પણ થશે, તો પણ તમે તેને નકારાત્મક દ્રષ્ટિથી જ જોતા નજરે પડશો. આના પરિણામે, તમે તમારી જાતને ઘણા સારા અને લાભદાયી અવસરોથી વંચિત રાખી શકો છો. તેથી તમારા આ સ્વભાવમાં સુધારો કરો. આ માટે તમે યોગ અને ધ્યાનનો સહારો પણ લઈ શકો છો. આ સપ્તાહે વેપારી જાતકોએ ધ્યાન રાખવું પડશે કે, જે લોકો તમારી પાસે ઉધાર માંગવા આવે તેમને નજરઅંદાજ જ કરો. કારણ કે જો તમે ઉધાર આપતા રહેશો તો, તમને ટૂંક સમયમાં જ ધનની અછત વર્તાવવા લાગશે, જેનાથી તમે ઘણા સારા અવસરોનો લાભ ઉઠાવવાથી વંચિત રહી શકો છો. આ સપ્તાહે તમને તમારા પિતાજી અથવા તમારા મોટા ભાઈ સાથે સારા સંબંધો સ્થાપિત કરવાના ઘણા અવસરો મળવાની સંભાવના છે. આ દરમિયાન તમારા માટે પણ એ જરૂરી છે કે તમે તેમનું સન્માન કરો અને તેમની વાતો તથા સલાહને યોગ્ય મહત્વ આપીને ઘરની પરિસ્થિતિઓને વધુ સારી બનાવો. આપણે ઘણીવાર આપણી મહેનત કરતાં ભાગ્ય પર વધુ નિર્ભર થઈને, વસ્તુઓ આપમેળે થવાની રાહ જોવા લાગીએ છીએ. જો કે આ સપ્તાહે તમારે આવું કરવા કે વિચારવાથી બચવું પડશે. તેથી જો કરિયરમાં સિદ્ધિ મેળવવા ઈચ્છતા હોવ તો ભાગ્યના ભરોસે બેસી ન રહેતા, બહાર નીકળો અને નવી તકોની શોધ કરો.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ સપ્તાહે તમે તમારી વ્યસ્ત દિનચર્યામાંથી થોડી સુકૂનભરી પળો કાઢીને, પોતાની જાતને પૂરતો સમય આપી શકશો. આવી સ્થિતિમાં આ સારી તકનો લાભ ઉઠાવો અને સારા સ્વાસ્થ્ય માટે દરરોજ પગપાળા જ ચાલવા (મૉર્નિંગ વોક પર) જાઓ. આ દરમિયાન તમારે ચપ્પલને બદલે પગમાં રનિંગ શૂઝ (દોડવાના જૂતા) પહેરવાની જરૂર રહેશે. આ સપ્તાહ દરમિયાન કોઈ પણ આર્થિક નિર્ણય લેવામાં તમને ભૂતકાળમાં જે પરેશાની આવી રહી હતી, તે આ સમયે સંપૂર્ણપણે દૂર થવાની સંભાવના છે. જેની મદદથી તમે રોકાણ સંબંધિત કોઈ પણ નિર્ણય લેવામાં સક્ષમ બનશો અને સંભવ છે કે આનાથી તમને ધનલાભ પણ થશે. ઘરના કોઈ વડીલ જે સ્વાસ્થ્ય બગડવાને કારણે લાંબા સમયથી પરેશાન હતા, તેમના માટે આ સપ્તાહ વિશેષ ઉત્તમ રહેવાનું છે. કારણ કે સંભવ છે કે તેમને સ્વાસ્થ્ય સંબંધિત કોઈ ગંભીર સમસ્યામાંથી લાંબા સમય પછી મુક્તિ મળી શકશે. આનાથી ઘર-પરિવારનું વાતાવરણ પણ વધુ સારું બનશે. સાથે જ ઘરના સભ્યો એકસાથે બેસીને રાત્રિના ભોજનની મજા માણતા અને જૂની સુંદર યાદોને તાજી કરતા જોવા મળશે.

**કર્ક - (ડ, હ) :-** બૃહસ્પતિ દેવ (ગુરુ) તમારી ચંદ્ર રાશિના પહેલા/લગ્ન ભાવમાં હાજર હશે અને આવી સ્થિતિમાં, આ સપ્તાહે તમે એ વાતને સારી રીતે સમજી શકશો કે જો તમે યોગને તમારી દિનચર્યામાં સામેલ કરો છો, તો તમારી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ દૂર થઈ જશે. કારણ કે આ સપ્તાહ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ તમને આત્મચિંતન કરવાની ઘણી તકો આપશે. આ સપ્તાહે શનિદેવ તમારા નવમા ભાવમાં બેઠા હોવાને કારણે તમને અચાનક ધન લાભ થશે. જેનાથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત બનાવવામાં સફળ રહેશો અને તેના પરિણામે તમે તમારા ઘરના કોઈ સભ્યની આર્થિક મદદ કરવાનો નિર્ણય પણ લઈ શકો છો. તમે અવારનવાર તમારી ક્ષમતા કરતાં વધુ વચન બીજા લોકોને આપી બેસો છો, જેનાથી તમે ન ઈચ્છવા છતાં પણ તમારી જાતને મુશ્કેલીમાં મૂકી દો છો. પરંતુ આ સપ્તાહે તમારે એવું કરવાથી બચવું પડશે, અન્યથા તમે તમારી વિશ્વસનીયતા ગુમાવી શકો છો. તેથી માત્ર એ જ કામનું વચન આપો, જેને પૂરું કરવાની તમારી ક્ષમતા હોય. કરિયર રાશિફળના સંકેત મુજબ, જો તમે વ્યાવસાયિક ક્ષેત્ર (પ્રોફેશનલ ફિલ્ડ) સાથે જોડાયેલા છો અને કોઈ સારી નોકરીમાં કાર્યરત છો, તો આ સપ્તાહ તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેવાનું છે.

**સિંહ - (મ, ટ) :-** તમે હંમેશાં તમારી સુખ-સુવિધાઓ પૂરી કરવા માટે દરેક સંભવ પ્રયાસ કરતા જોવા મળો છો અને આ સપ્તાહે તમારું આ વલણ તમારા સ્વાસ્થ્ય માટે નુકસાનકારક સાબિત થવાની આશંકા રહેશે. કારણ કે આ દરમિયાન તમારું મનમોજી વર્તન સ્વાસ્થ્ય માટે પરેશાની તો ઊભી કરશે જ, સાથે જ તમારા અંગત જીવનને પણ કષ્ટદાયક બનાવી શકે છે. આ સપ્તાહે તમારી લગન અને મહેનત પર લોકો ધ્યાન આપશે અને તેના કારણે જ તમને થોડો આર્થિક લાભ મળવાની સંભાવના બનશે, કારણ કે શનિ ગ્રહ તમારી ચંદ્ર રાશિના આઠમા ભાવમાં બિરાજમાન હશે. જો કે આ દરમિયાન એવી સંભાવના વધારે છે કે તમારા જીવનસાથી તમને આર્થિક મદદ કરીને કોઈ મુશ્કેલીમાંથી બહાર નીકળવામાં તમારી મદદ કરે. આ સપ્તાહે ઘરના સભ્યો સાથે બહાર જમવા જવું કે ફિલ્મ જોવી તમને સુકૂન આપશે અને ખુશમિજાજ રાખશે. સાથે જ તમે જેમને પ્રેમ કરો છો, તેમની સાથે આ દરમિયાન ભેટ-સોગાદોની લેવડદેવડ કરવા માટે પણ આ સપ્તાહ વિશેષ સારું રહેવાનું છે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** રાહુ દેવ તમારી ચંદ્ર રાશિના છઠ્ઠા ભાવમાં ઉપસ્થિત હશે અને આવી સ્થિતિમાં, આ સપ્તાહે તમે એ વાતને સારી રીતે સમજી શકશો કે જો તમે યોગને તમારી દિનચર્યામાં સામેલ કરો છો, તો તમારી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ દૂર થઈ જશે. કારણ કે આ સપ્તાહ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ તમને આત્મચિંતન કરવાની ઘણી તકો આપશે. ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ સપ્તાહના બીજા ભાગમાં તમને આર્થિક રીતે કોઈ મોટો ફાયદો થશે. જેના કારણે તમે નવું ઘર કે વાહન ખરીદવાનું પ્લાનિંગ કરી શકો છો. નવી વસ્તુઓની ખરીદીથી ઘરના સભ્યો તમારાથી ખૂબ જ ખુશ જોવા મળશે. તમારી અસ્વચ્છ (બેદરકાર) જીવનશૈલી આ સપ્તાહે ઘરના લોકોને અણગમતી લાગી શકે છે. આ કારણે પારિવારિક વાતાવરણમાં તણાવ પેદા થશે. તેથી તમારા માટે વધુ સારું એ જ રહેશે કે તમે તમારી આ આદતમાં જરૂરી ફેરફારો લાવો અને તમારી શારીરિક સાફ-સફાઈનું ધ્યાન રાખો. આ રાશિના જે જાતકો ભાગીદારીમાં (પાર્ટનરશિપમાં) વ્યવસાય કરે છે, તેમને આ દરમિયાન ભૂતકાળના દરેક પ્રકારના નુકસાનમાંથી બહાર આવવામાં મદદ મળશે.

**તુલા - (ર, ત) :-** તમે હંમેશાં તમારી સુખ-સુવિધાઓ પૂરી કરવા માટે દરેક સંભવ પ્રયાસ કરતા જોવા મળો છો અને આ સપ્તાહે તમારું આ વલણ તમારા સ્વાસ્થ્ય માટે નુકસાનકારક સાબિત થવાની આશંકા રહેશે. કારણ કે આ દરમિયાન તમારું મનમોજી વર્તન સ્વાસ્થ્ય માટે પરેશાની તો ઊભી કરશે જ, સાથે જ તમારા અંગત જીવનને પણ કષ્ટદાયક બનાવી શકે છે. આ સપ્તાહે શનિ મહારાજ તમારા છઠ્ઠા ભાવમાં હાજર હોવાને કારણે તમારામાં સર્જનાત્મક (ક્રિએટિવ) વિચારોનો વધારો થશે, જેનાથી તમે પૈસા કમાવવાની ઘણી નવી તકો શોધીને સારો નફો કમાઈ શકશો. જો કે આ દરમિયાન કોઈ પણ દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) પર હસ્તાક્ષર કરતા પહેલાં, તેને શાંતિપૂર્વક અને આરામથી વાંચી લેવાની સલાહ પણ તમને આપવામાં આવે છે. આ સપ્તાહે પરિવારનો કોઈ સભ્ય તમને થોડો વધારે તણાવ આપી શકે છે. આવી સ્થિતિમાં તેમની સાથે વિવાદ કરવાને બદલે, પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે તેની એક મર્યાદા (સીમા) નક્કી કરવી જ તમારા માટે એકમાત્ર અને શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થશે.

**વૃશ્ચિક - (ન, ય) :-** આ સપ્તાહ તમારા માટે ભાગદોડથી ભરેલું રહેશે, જેના કારણે તમે ચીડચીડા (તુનકમિઝાજ) બની શકો છો. આ કારણથી તમારા સ્વભાવમાં આક્રમકતા જોવા મળશે અને તમે કોઈની પણ સાથે સીધી રીતે વાત કરવામાં પોતાની જાતને બિલકુલ અસમર્થ અનુભવશો. ગુરુ દેવ તમારી ચંદ્ર રાશિના નવમા ભાવમાં બેઠા હોવાને કારણે આ સપ્તાહે તમારી કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં આવશે, જે તમને સારો અને નવો આર્થિક નફો કરાવશે. આવી સ્થિતિમાં તમને તમારું ધન એકઠું (બચત) કરવામાં મદદ મળશે અને તમે તમારા ભવિષ્ય માટે તેમાંથી કંઈક ધન બેંક બેલેન્સ તરીકે જોડી શકો છો. આ સપ્તાહે ઘરના કોઈ સભ્યની ધૂમ્રપાનની ખરાબ આદત તમને પરેશાન કરશે, જેના કારણે આશંકા છે કે તમારો તેમની સાથે કોઈ મોટો વિવાદ કે ઝઘડો થાય. આવી સ્થિતિમાં ગુસ્સામાં આવીને ભાન ગુમાવવાને બદલે, તેમને પ્રેમથી અને યોગ્ય રીતે સમજાવવાનો પ્રયાસ કરો. જો તમે નોકરી કરો છો, તો આ સપ્તાહે તમારે કાર્યક્ષમતા/કાર્યક્ષેત્ર પર ખૂબ જ વિચારીને ચાલવાની જરૂર છે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સપ્તાહે તમારું સ્વાસ્થ્ય જીવન ઘણું ઉત્તમ રહેવાની અપેક્ષા છે, કારણ કે તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં રાહુ દેવ બિરાજમાન હશે. આ દરમિયાન તમે એવા લોકો સાથે વધારે ભળવાનું પસંદ નહીં કરો જેઓ તમને નકામી ચિંતા આપે છે. જેના કારણે તમારું માનસિક સ્વાસ્થ્ય પણ ઘણું સારું રહેશે. આર્થિક બાબતોની દ્રષ્ટિએ આ રાશિના જાતકો માટે આ સપ્તાહ ઘણું સારું રહેવાની સંભાવના છે, કારણ કે આ દરમિયાન ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના આઠમા ભાવમાં બેઠા હશે. વળી, ઘણા ગ્રહોની દ્રષ્ટિ તમારી આવક વધારવા અને તમારા સંચિત ધન (બચત) માં ઉમેરો કરવા માટે તમને અનેક તકો પ્રદાન કરવાનું કામ કરશે. આ સપ્તાહે તમને તમારા પારિવારિક જીવનમાં દરેક પ્રકારના ઉતાર-ચઢાવમાંથી સંપૂર્ણપણે મુક્તિ મળી શકશે, જેનાથી ઘર-પરિવારમાં સકારાત્મક વાતાવરણ જોવા મળશે. વિશેષ કરીને જો તમારા પિતાજીને સ્વાસ્થ્ય સંબંધી તકલીફ હતી, તો તેમાં સુધારો થવાના યોગ બનશે. તેના પરિણામે, તમને તેમની સાથે સમય વિતાવવાની અને તેમનો સહયોગ મેળવવાની તક મળશે. આ સપ્તાહે તમે તમારા દ્વારા ભૂતકાળમાં કરાયેલા રોકાણોને મજબૂત કરવા અને તમારા આવનારા ભવિષ્ય માટે યોગ્ય યોજના તથા રણનીતિ બનાવવામાં પ્રયાસ કરતા જોવા મળશો.

**મકર - (ખ, જ) :-** માનસિક શાંતિ માટે તણાવના કારણોનો ઉકેલ લાવો. કારણ કે આનાથી જ તમે તમારી જાતને સ્વસ્થ રાખતાં ઊર્જાવાન બનાવવામાં સફળ રહેશો. આ ઊર્જાની તમને આ સપ્તાહે સૌથી વધુ જરૂર પડવાની છે, કારણ કે ગુરુ દેવ તમારી ચંદ્ર રાશિના સાતમા ભાવમાં ઉપસ્થિત હશે. આ સપ્તાહે ચોક્કસપણે તમારી પ્રતિકૂળ આર્થિક સ્થિતિમાં સુધારો થવાના યોગ બનશે. પરંતુ આ દરમિયાન તમે એવા ખર્ચ પણ કરી શકશો, જે કરવામાં તમે ભૂતકાળમાં અસમર્થ હતા. આનાથી તમારા ખર્ચાઓમાં પણ વધારો થવાની આશંકા રહેશે. આવી સ્થિતિમાં ધન પ્રત્યે સહેજ પણ બેદરકારી તમારા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ સપ્તાહની શરૂઆતથી અંત સુધી તમે તમારા ઉત્તમ પારિવારિક જીવનનો આનંદ માણશો. આનાથી તમને સુખ-શાંતિ પૂર્વક તમારું જીવન વિતાવવામાં મદદ મળશે. ઘરના નાના સભ્યો તમારાથી પ્રભાવિત થશે, સાથે જ મોટા સભ્યો વચ્ચે પણ તમે આ સમયે તમારી સારી છબી સ્થાપિત કરવામાં સફળ રહેશો. જેના કારણે તમને ઘણી હદ સુધી તમારા માનસિક તણાવમાંથી હંમેશા માટે છુટકારો મળી શકશે. બધી પરિસ્થિતિઓ હંમેશાં આપણી ઈચ્છા અનુસાર જ કામ કરે તે જરૂરી નથી હોતું, અને બરાબર એવું જ આ સપ્તાહે તમને પણ અનુભવાશે, જ્યારે તમારી દરેક રણનીતિ અને યોજના નિષ્ફળ થતી જોવા મળશે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** આ સપ્તાહે તમે તમારી વ્યસ્ત દિનચર્યામાંથી થોડી સુકૂનભરી પળો કાઢીને, પોતાની જાતને પૂરતો સમય આપી શકશો. આવી સ્થિતિમાં આ સારી તકનો લાભ ઉઠાવો અને સારા સ્વાસ્થ્ય માટે દરરોજ પગપાળા જ ચાલવા (મૉર્નિંગ વોક પર) જાઓ. આ દરમિયાન તમારે ચપ્પલને બદલે પગમાં રનિંગ શૂઝ (દોડવાના જૂતા) પહેરવાની જરૂર રહેશે. આ સપ્તાહે શનિદેવ તમારી ચંદ્ર રાશિના બીજા ભાવમાં ઉપસ્થિત હશે અને આવી સ્થિતિમાં, તમને આર્થિક જીવનમાં ભાગ્યનો સાથ તો મળશે, પરંતુ આ દરમિયાન જો તમારે કોઈ પણ રોકાણ કરવું હોય તો પહેલાં વાસ્તવિકતાઓનું આકલન કરી લો અને ત્યાર પછી જ રોકાણ કરો. અન્યથા તમારું ધન અટવાઈ શકે છે. આ સપ્તાહે પરિવારના સભ્યોનું તમારા જીવનમાં વિશેષ મહત્વ રહેશે. જેના કારણે તમે તેમના જીવનના ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોમાં તેમની સાથે સલાહ-મશવરો કરતા જોવા મળશો. સાથે જ તમારામાંથી કેટલાક જાતકો ઘરેણાં અથવા ઘરવખરીના સામાનની ખરીદી પણ કરી શકે છે. આ રાશિના જે લોકો પહેલાથી જ વિદેશી કંપનીમાં કાર્યરત છે, તેમને આ સપ્તાહે કોઈ મોટી પ્રમોશન (પદોન્નતિ) અથવા લાભ મળવાની પ્રબળ સંભાવના દેખાઈ રહી છે. જેના કારણે કાર્યસ્થળ પર તમારા વરિષ્ઠ અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે અને તમારા સહકર્મીઓ પણ આ દરમિયાન તમને પૂરો સાથ આપતા જોવા મળશે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** જો તમે કોઈ મોટી બીમારીથી પીડિત હતા તો, આ સપ્તાહે ડોક્ટરની મહેનત અને તમારા ઘરના સભ્યોની યોગ્ય સંભાળ તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવશે. આ કારણે તમે તમારી આ બીમારીમાંથી હંમેશને માટે મુક્તિ મેળવી શકશો. આ સપ્તાહે અચાનક ધન પ્રાપ્ત થવાથી તમે થોડા મૂંઝવણમાં અથવા ઉત્સાહમાં આવી શકો છો. જેના કારણે તમે રોકાણ અને ખર્ચ સાથે જોડાયેલા દરેક નિર્ણયો ઉતાવળમાં લેતા જોવા મળશો. આવી સ્થિતિમાં તમારી આ આદતમાં સુધારો કરો, અને ખાસ કરીને મહત્વના આર્થિક સોદાઓ કરતી વખતે અથવા મોલભાવ (સોદાબાજી) કરતી વખતે કોઈ વડીલની સલાહ ચોક્કસ લો. સાપ્તાહિક રાશિફળ મુજબ, તમારી રાશિના પાંચમા ભાવમાં ગુરુ દેવ બિરાજમાન હશે અને આવી સ્થિતિમાં, આ અઠવાડિયે તમને તમારા પારિવારિક જીવનમાં અપાર સુખ મળવાના યોગ બનશે. આ સમયે તમે પરિવારના સભ્યો વચ્ચે ભૂતકાળના તમામ પ્રકારના મતભેદોને પણ દૂર કરવામાં સફળ રહેશો. આનાથી તમારા માતા-પિતાને તમારા પર ગર્વની અનુભૂતિ થશે. આ સપ્તાહે કાર્યક્ષેત્ર પર તમારો મોભો અને રૂઆબ સ્પષ્ટપણે જોવા મળશે, જેના કારણે ઓફિસમાં તમારા દુશ્મનો પણ તમારા મિત્રો બની જશે. કારણ કે તમારા માત્ર એક નાના અને સારા કામના લીધે તમને કોઈ મોટી પ્રગતિ (પ્રમોશન) મળી શકે છે, જેની ચર્ચા દરેક વ્યક્તિ કરશે.

# ગરમી માત્ર યુરોપ અને અમેરિકાને નહી, વિશ્વના મોટા ભાગના દેશોને દઝાડશે

## યુરોપ અને અમેરિકા જેવા પ્રદેશોમાં પડેલી કાળઝાળ ગરમી વિશ્વ માટે ખતરાની ઘંટડી સમાન ગણી શકાય. હજુ પણ માનવજાત જાગૃત નહી થાય તો વિશ્વના મોટા ભાગના દેશો ગરમીથી શેકાશે તેમાં કોઈ શંકા નથી



**વાત અને વિચાર**

છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક આબોહવા પરિવર્તનના કારણે સમગ્ર વિશ્વમાં તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. ખાસ કરીને યુરોપ અને અમેરિકા જેવા પશ્ચિમી દેશો, જે સામાન્ય રીતે ઠંડી અથવા ખુશનુમા આબોહવા માટે જાણીતા છે, તેઓ અત્યારે રેકોર્ડબ્રેક હીટવેવનો સામનો કરી રહ્યા છે. લંડન, પેરિસ, ન્યૂયોર્ક અને કેલિફોર્નિયા જેવા શહેરોમાં તાપમાન ૪૦ઝ થી ૪૫ઝ ને પાર પહોંચી રહ્યું છે, જે એક ગંભીર ચિંતાનો વિષય છે.

યુરોપ અને અમેરિકામાં આકરી ગરમી પડવા પાછળ કોઈ એક પરિબળ નથી, પરંતુ પ્રકૃતિ સાથેની છેડછાડ અને ભૌગોલિક ફેરફારો જવાબદાર છે.ઔદ્યોગિક ક્રાંતિ પછી ફેક્ટરીઓ અને વાહનોમાંથી નીકળતા કાર્બન ડાયોક્સાઇડ અને મિથેન જેવા વાયુઓએ પૃથ્વીની આસપાસ એક એવું આવરણ બનાવી દીધું છે, જે સૂર્યની ગરમીને બહાર જવા દેતું નથી. મોટા શહેરોમાં બનેલા કોંક્રીટના મકાનો, ડામરના રસ્તા અને વૃક્ષોની અછત ગરમીને શોષી લે છે. આ કારણે ગ્રામીણ વિસ્તારો કરતાં શહેરો રાત્રે પણ ઠંડા થતા નથી.ગરમ અને ઠંડી હવાને નિયંત્રિત કરતી પવનની કડીઓ નબળી પડવાને કારણે પશ્ચિમી દેશોમાં ગરમ હવા એક જ જગ્યાએ લાંબો સમય સુધી સ્થિર થઈ જાય છે, જેને 'હીટ ડોમ' કહેવાય છે. અમેરિકાના કેલિફોર્નિયા અને યુરોપના ગ્રીસ કે સ્પેન જેવા દેશોમાં ઉનાળામાં લાગતી ભયાનક આગ વાતાવરણને વધુ ગરમ બનાવે છે.

આ દેશોની ભૌગોલિક રચના અને જીવનશૈલી ગરમીનો સામનો કરવા માટે બનેલી નથી. મોટાભાગના યુરોપિયન ઘરોમાં એર કંડિશનર હોતા નથી, જેના કારણે હીટ સ્ટ્રોકથી હજારો લોકોના મોત થાય છે. નદીઓ સુકાઈ જવાથી પાણીની કટોકટી અને વીજળીનો વપરાશ વધવાથી પાવર ગ્રીડ ફેલ થવાના કિસ્સાઓ પણ વધી રહ્યા છે.આ વૈશ્વિક સંકટમાંથી બચવા માટે તાત્કાલિક અને લાંબાગાળાના પગલાં લેવા અનિવાર્ય છે.આ પગલાંઓમાં

કોલસો અને પેટ્રોલિયમ જેવા અશ્મિભૂત ઈંધણનો વપરાશ ઘટાડીને સૌર ઊર્જા, પવન ઊર્જા અને ઈલેક્ટ્રિક વાહનો તરફ વળવું જોઈએ. શહેરોમાં મોટા પાયે વૃક્ષારોપણ કરવું જરૂરી છે. 'મીયાવુકી' પદ્ધતિથી શહેરોની વચ્ચે નાના જંગલો ઉગાડીને તાપમાન ૨ઝ થી ૩ઝ સુધી નીચું લાવી શકાય છે.આ ઉપરાંત મકાનોની છત પર સફેદ રંગ અથવા ગરમીને પરાવર્તિત કરે તેવા મટીરિયલનો ઉપયોગ કરવો જોઈએ, જેથી ઘરો અંદરથી ઠંડા રહે. વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને જળાશયોને પુનર્જીવિત કરવા, જેથી ભૂગર્ભ જળનું સ્તર જળવાઈ રહે અને આસપાસનું વાતાવરણ ઠંડું રહે.

ગરમીની અસરોને ખાળવા માટે પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટ જેવા આંતરરાષ્ટ્રીય કરારોનું ચુસ્તપણે પાલન કરી કાર્બન ઉત્સર્જન શૂન્ય કરવા પર ભાર મૂકવો પડશે.

યુરોપ અને અમેરિકાની આ સ્થિતિ માત્ર તેમના પૂરતી સીમિત નથી, પરંતુ સમગ્ર પૃથ્વી માટે એક ચેતવણી સમાન છે. જો હજુ પણ માનવજાત જાગૃત નહી થાય, તો આગામી સમયમાં ઉનાળો વધુ આકરો અને વિનાશક બનશે. પ્રકૃતિનું સંતુલન પુનઃસ્થાપિત કરવું એ જ હવે એકમાત્ર વિકલ્પ છે.માનવીની વિકાસ પાછળની આંધળી દોટ અંતે તો વિનાશ તરફ જ દોરી જશે.

# વિકસિત રાજ્યમાં ખેડૂતનો ટકી રહેવા સંઘર્ષ

ગુજરાત હંમેશાથી દેશનું એક મોડેલ સ્ટેટ રહ્યું છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતો અને સરકાર સામસામે આવી ગયા છે. આ સંઘર્ષનું મુખ્ય કેન્દ્રબિંદુ છે – ખેડૂતોના ખેતરોમાંથી પસાર થતી હાઈ-ટેન્શન વીજ લાઈનો અને તેના માટે નંખાતા મોટા વીજપોલ (ટાવર્સ). વિકાસની અનિવાર્યતા અને ખેડૂતોના હકો વચ્ચેનો આ વિવાદ હવે માત્ર આર્થિક કે કાનૂની મુદ્દો નથી રહ્યો, પરંતુ તેણે તીવ્ર રાજકીય સ્વરૂપ ધારણ કરી લીધું છે.

ખેડૂતોના આક્રોશ પાછળ કોઈ એક કારણ નથી, પરંતુ વર્ષોથી એકઠો થયેલો અસંતોષ છે.આ કારણોમાં ખેતરમાં જ્યારે મોટો વીજપોલ ઊભો કરવામાં આવે છે, ત્યારે તેની આસપાસની જમીન ખેડવા લાયક રહેતી નથી. ખેડૂતોનો આરોપ છે કે સરકાર કે ખાનગી કંપનીઓ દ્વારા અપાતું વળતર જમીનની બજારકિંમત કરતાં ખૂબ ઓછું હોય છે.હાઈ-ટેન્શન લાઈનો નીચે મોટા વૃક્ષો ઉગાડી શકાતા નથી કે કોઈ પાકનું યોગ્ય વાવેતર થઈ શકતું નથી. વળી, ભવિષ્યમાં જમીનની કિંમત શૂન્ય થઈ જાય છે અને ખેડૂત તે જમીન વેચી પણ શકતો નથી.

રાજ્યના ઘણા જિલ્લાઓમાં ખેડૂતોની સંમતિ વિના, પોલીસ બંદોબસ્ત સાથે રાખીને ખેતરોમાં વીજપોલ ઊભા કરી દેવાની ઘટનાઓ સામે આવી છે, જેણે આંદોલનમાં ઘી હોમવાનું કામ કર્યું છે.

ગુજરાતના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના અનેક જિલ્લાઓમાં ખેડૂતો સંગઠિત થઈને 'વીજપોલ હટાવો' અથવા 'યોગ્ય વળતર આપો' ના નારા સાથે રસ્તા પર ઉતરી આવ્યા છે.

**ગુજરાતમાં ખેડૂતોની માલિકીની જમીનમાં જોહુકમીથી વીજલાઇન નાંખવામાં આવી રહી છે,ખેડૂતોએ આ પ્રશ્ને આંદોલન શરૂ કર્યું છે.દરેક પાસાઓને વિકાસ સાથે જોડી ન શકાય,જનતાનો સાથ અને સંતોષ પણ મુખ્ય પરિબળ છે,આ બાબત ગુજરાતની સરકાર ભૂલી છે અને તેના કારણે જ ખેડૂતો લાચાર બન્યા છે**



**રાજકારણ**

સત્તાધારી પક્ષ માટે આ આંદોલન એક મોટી કસોટી સમાન છે. એક તરફ સરકાર પર ઉદ્યોગો અને શહેરોને અવિરત વીજળી આપવા માટે ગ્રીડ મજબૂત કરવાનું દબાણ છે, તો બીજી તરફ મતબેંક સમાન ખેડૂતોને નારાજ કરવાનું તે પરવડે તેમ નથી.સત્તાપક્ષનો તર્ક છે કે અક્ષય ઊર્જા (સોલાર અને વિન્ડ એનર્જી) ના વહન માટે અને 'ગુજરાત મોડેલ'ને આગળ ધપાવવા માટે આ પાવર ગ્રીડ અનિવાર્ય છે. સરકાર આ પ્રક્રિયાને કાયદાકીય માળખા હેઠળ યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરે છે.

જ્યારે પણ આંદોલન ઉગ્ર બને છે, ત્યારે સત્તાપક્ષના નેતાઓ અને મંત્રીઓ ખેડૂત સંગઠનો સાથે બેઠકો યોજીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કરે છે. કેટલીક જગ્યાએ વળતરની રકમમાં નજીવો વધારો કરીને આંદોલનની ધાર બોદી કરવાનો રાજકીય વ્યૂહ પણ અપનાવવામાં આવે છે.

સત્તાપક્ષ ઘણીવાર આ આંદોલનોને 'રાજકીય પ્રેરિત' ગણાવીને વિપક્ષ પર ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કરે છે, જેથી જનતાની સહાનુભૂતિ તૂટી જાય.

આ આંદોલન સ્પષ્ટ કરે છે કે "વિકાસ" ની વ્યાખ્યામાં જ્યાં સુધી પાયાના માણસ એટલે કે ખેડૂતનો સ્વીકાર નહીં થાય, ત્યાં સુધી આવા સંઘર્ષો ચાલુ રહેશે.

સત્તાપક્ષે માત્ર કાયદા અને પોલીસના જોરે પ્રોજેક્ટ્સ પૂરા કરવાના બદલે ખેડૂતોને વિશ્વાસમાં લેવા પડશે. જમીનની કિંમતના આધારે યોગ્ય વાર્ષિક ભાડું અથવા બજારભાવ મુજબનું એકસાથે વળતર આપવાની નીતિ ઘડવી જરૂરી છે. જો સત્તાપક્ષ આ વિવાદનો કાયમી અને સંવેદનશીલ ઉકેલ નહીં લાવે, તો આગામી ચૂંટણીઓમાં આ 'વીજપોલ' શાસક પક્ષ માટે મોટો રાજકીય શૉક સાબિત થઈ શકે છે.

# ચોરી કરવા પિતરાઈ બહેનના ઘરમાં ઘૂસ્યો, બહેન જાગી જતા છરી ઝીંકી કરી હત્યા



## મેરઠના રામનગરમાં ઘરેણાની લાલચમાં લાલુસિંહ બન્યો હત્યારો : હત્યા કર્યા બાદ સ્નાન કરીને સૂઈ ગયો પરંતુ પોલીસે ગણતરીની કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો

**ક્રાઈમ સ્ટોરી**

મેરઠના પરિક્ષિતગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના રામનગર, જેને સૈદીપુર તરીકે પણ ઓળખવામાં આવે છે, ત્યાં મંગળવારે મોડી રાત્રે એક વૃદ્ધ મહિલા ફૂલ સમુંદરીની તેના ઘરમાં એકલી સૂતી હતી ત્યારે છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. તપાસ બાદ પોલીસે શંકાસ્પદ લીલુ સિંહની ધરપકડ કરી, જે મહિલાના પડોશમાં રહેતો હતો અને તેનો પિતરાઈ ભાઈ હોવાનું જણાતું હતું. તે મહિલાના ઘરમાં ઘરેણાં ચોરવા માટે ઘૂસ્યો હતો. તેને ઓળખી જતાં તેણે તેની હત્યા કરી દીધી.

મજૂર રામ સિંહની પત્ની ફૂલ સમુંદરી મંગળવારે રાત્રે ઘરની છત પર સૂતી હતી. વરસાદ પછી, તે નીચે સૂવા ગઈ. બુધવારે સવારે, જ્યારે પાડોશી મોની સમુંદરીને ફોન કરવા ગઈ, ત્યારે તેણીએ કોઈ જવાબ સાંભળ્યો નહીં. ઘરમાં પ્રવેશતાં તેણીએ ફૂલ સમુંદરીનો લોહીથી લથપથ, અર્ધ નગ્ન મૃતદેહ ખાટલા પર પડેલો જોયો. તેના સોનાના કાનની બુટ્ટી અને લોકેટ ગાયબ હતા. ઘરમાં એક છાતી ખુલ્લી મળી આવી હતી. માહિતી મળતાં, પોલીસ અધિક્ષક (દેહાત) અભિજીત સિંહ, પોલીસ અધિક્ષક (દેહાત) સુધીર સિંહ, ફોરેન્સિક ટીમ અને ડોગ સ્કવોડ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને પુરાવા એકત્રિત કર્યા. પોલીસે નજીકના રહેવાસીઓની પૂછપરછ કરી. જ્યારે પોલીસ અધિક્ષક એ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવાનો પ્રયાસ કર્યો, ત્યારે પરિવારે મૃતદેહને લઈ જવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો. પરિવારે આરોપીની તાત્કાલિક ધરપકડનો આગ્રહ રાખ્યો. મહિલાનો નાનો પુત્ર, વિપિન, યુપી પોલીસમાં કોન્સ્ટેબલ છે અને સંભલમાં તૈનાત છે. મોટો પુત્ર, મનવીર, મવાનામાં દરજી તરીકે કામ કરે છે અને મવાનામાં તેના પરિવાર સાથે રહે છે. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, મહિલા બુધવારે રાત્રે ખટકી ગામમાં તેની ભત્રીજીના લગ્નમાં હાજરી આપવાના હતા.

એસએસપી અવિનાશ પાંડેએ જણાવ્યું કે કેસ ઉકેલવા માટે ક્રાઈમ બ્રાન્ચ, સર્વેલન્સ વિભાગ અને સ્થાનિક પોલીસની પાંચ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ચાર કલાક પછી આરોપી, લીલુ સિંહની ધરપકડ કરી. આરોપીએ જણાવ્યું કે તે રાત્રે લગભગ ૧ વાગ્યે દાગીના ચોરવા માટે દારૂ પીધા પછી ફૂલ સમંદરીના ઘરમાં ઘૂસ્યો હતો.

જ્યારે તેણે સમંદરીના દાગીના કાઢવાનું શરૂ કર્યું, ત્યારે તે જાગી ગઈ. તેને ઓળખી જતાં તેણે છરીથી તેનું ગળું કાપી નાખ્યું અને તેની હત્યા કરી દીધી. ત્યારબાદ તે તેના દાગીના અને મોબાઈલ ફોન લઈને ભાગી ગયો. આરોપીના કબજામાંથી ચોરાયેલા દાગીના અને મોબાઈલ ફોન મળી આવ્યો. પોલીસને શાંત પાડ્યા પછી, તેમને ખાતરી આપવામાં આવી કે ગુનો ટૂંક સમયમાં ઉકેલવામાં આવશે અને હત્યારાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે. એસએસપીના આશ્વાસન બાદ, પરિવારે મૃતદેહ લઈ જવાની મંજૂરી આપી. ગામના વડા પ્રમોદ કુમાર દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે, પરિક્ષિતગઢ પોલીસે એફઆઈઆર નોંધી. મેરઠના પરિક્ષિતગઢના રામનગર ગામમાં ફૂલ સમંદરીની હત્યા કરનાર લીલુ સિંહ માનતો હતો કે પોલીસ તેને પકડી શકશે નહીં, તેથી તે ભાગી ગયો નહીં. જોકે, સંઘર્ષ દરમિયાન ફૂલ સમંદરીના હાથ પર મળી આવેલા સફેદ વાળથી લીલુ સિંહનો પર્દાફાશ થયો. પોલીસ તપાસ દરમિયાન મળેલો આ પહેલો મહત્વપૂર્ણ સંકેત હતો, જેના કારણે પોલીસ તેના પર શંકા કરવા લાગી.

તપાસ અધિકારી, સ્ટેશન હાઉસ ઓફિસર સુદીશ સિંહે જણાવ્યું હતું કે પોલીસે ગુના સ્થળ અને ગામમાં લગાવેલા ૨૫ સીસીટીવી કેમેરાના રાત્રિના ફૂટેજની તપાસ કરી હતી, પરંતુ તેમને ગામમાં કોઈ પ્રવેશતું કે બહાર જતું દેખાતું નહોતું. ઘટનાસ્થળે હાજર ગ્રામજનોમાં, ફક્ત લીલુ સિંહના માથા, હાથ અને દાઢી પર સફેદ વાળ હતા. સમુંદરીના હાથ અને શરીરના અન્ય ભાગો પર પણ આવા જ વાળ જોવા મળ્યા હતા. મૃતક મહિલાના પુત્રો અને પુત્રીની શંકાથી પોલીસની શંકા વધુ મજબૂત બની હતી. તેમને લીલુ પર પણ શંકા હતી કારણ કે તેણે લગભગ પાંચ વર્ષ પહેલાં તેમના ઘરમાં લૂંટનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે પાડોશી હોવાથી તે સમયે કોઈ રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો ન હતો. જ્યારે પોલીસે લીલુની અટકાયત કરી અને તેની પૂછપરછ કરી, ત્યારે તે ભાંગી પડ્યો અને ગુનો કબૂલ્યો. તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં હત્યા સિવાય કોઈ ગુનાની પુષ્ટિ થઈ નથી. વૃદ્ધ મહિલાએ લીલુ સાથે ઝઘડો કર્યો હતો, અને ઘટના દરમિયાન તેના કપડાં ફાટી ગયા હતા. હત્યા અને લૂંટના કેસને હત્યા સિવાયના ગુનામાં ફેરવવા માટે લીલુ તે કપડાં પોતાની સાથે લઈ ગઈ હતી.

સીઓ સદર દેહાત સુધીર સિંહે જણાવ્યું કે પોલીસ પૂછપરછ દરમિયાન લીલુએ તેમને કહ્યું કે ફૂલ સમુંદરીની હત્યા અને લૂંટ કર્યા પછી, તે નજીકના તેના ખેતરમાં ગયો હતો. તેણે ચોરેલા દાગીના, સમુંદરીના લોહીથી ખરડાયેલા કપડાં અને તેનો મોબાઈલ ફોન ઘાસમાં છુપાવી દીધો હતો. તે સ્નાન કરીને સૂઈ ગયો. સવારે જ્યારે તે લોકોના ટોળાને જોઈને જાગ્યો, ત્યારે તે સમુંદરીના ઘરે ગયો અને ભીડમાં જોડાઈ ગયો અને ખુલાસો માંગ્યો. લીલુ સિંહ પરિણીત છે અને તેને બે બાળકો છે. આ ઘટનાની તપાસ માટે પાંચ ટીમો તૈનાત કરવામાં આવી હતી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઔ | ન | શિ | અઃ | મા | ઉ | ખ | કા | હા | સા | ધ |
| ઔ | લ | ક્ષ | મા | રી | ધ | ક | ક્ષ | ફ | ર | કી | ફ |
| ઔ | ક | સ | મ | દ | વિ | ઊ | ર | મા | બં | પ્રા | લ |
| પ્રા | ગં | લા | બા | ઈ | જ્ઞા | ગ | દ | ણ | ધ | કી | ઊ |
| લી | ભ | ઓ | ક | ર | ન | અ | ઓ | બ | ળ | વિ | જ્ઞા |
| કા | રો | લ | લ | ર | સા | સા | ત | ફુ | લ | આ | હા |
| ધ | ઈ | ક | અઃ | ર | બ | ખ | બૂ | કા | મો | ર | લા |
| ભા | દા | વિ | ણ | તી | ભો | મો | વિ | ર | ભો | બ | ક |
| ગી | ગ | કા | વિ | એ | મ | ક | આ | લ | પ્ર | બિ | સ |
| કા | ર | ળ | ચા | ન | ભો | ઐ | બ | જ | રી | ર | બ |
| ર | ડો | ળ | ર | ર | બ | ણે | ડો | ક્ષ | વા | જ | મા |
| રી | દ | કા | ણા | એ | ભો | બા | સ | ળો | શિ | ક્ષ | ણ |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# કળિયુગના તાપથી બચવા ભગવાન શ્રીરામનું નામ જ શ્રેષ્ઠ ઔષધ

**ભગવાન શ્રીરામનું નામ જ સંસારને તારવાવાળું છે.રામ નામનો મહિમા અનોખો છે.પરમાત્મા ભગવાન શિવ પણ રામનામનો મહિમા વર્ણવે છે,ચિત્તમાં સદાય રામ નામનું રટણ કરે છે**

**ધર્મ દર્શન**

ભગવાન શ્રીવિષ્ણુના દસ અવતારો પૈકી સાતમો અવતાર એટલે ભગવાન શ્રીરામ.અયોધ્યામાં રાજા દશરથના પુત્ર તરીકે પ્રગટ થયેલા ભગવાન શ્રીરામના જીવન ચરિત્રનો રામાયણ ગ્રંથમાં સવિસ્તાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.ભગવાન શ્રીહરિવિષ્ણુના દરેક અવતારોનું એક આગવું પ્રયોજન હોય છે.આજ સુધીના નવ અવતારો પૈકી ભગવાન શ્રીરામ તથા શ્રીકૃષ્ણનું ચરિત્ર ઉત્તમ મનાય છે.પરમાત્માના આ બન્ને પ્રગટ સ્વરૂપો એ ચાર પુરુષાર્થ ( ધર્મ,અર્થ,કામ અને મોક્ષ ) ને યથાર્થ રીતે પ્રગટ કરે છે.ખરા અર્થમાં સમાજ અને સામાજિક જીવનનું સાચું સ્વરૂપ પ્રગટ કરે છે.ભગવાન શ્રીરામ પૂર્ણ જ હતા,છતાં એક મનુષ્યના સ્વરૂપમાં તમામ મર્યાદાઓનું પાલન કરીને માનવ ધર્મનું પાલન કર્યું અને દૈત્યોનો સંહાર પણ કર્યો.આ કારણથી પરમાત્માના આ અવતારને મર્યાદા પુરુષોત્તમ ગણી શકાય.

શ્રીમદ ભગવત ગીતામાં ભગવાનની વિભૂતિરૂપમાં રાજાની ગણના કરવામાં આવી છે.રાજાઓમાં ભગવાન શ્રીરામને શ્રેષ્ઠ રાજવી ગણવામાં આવ્યા છે.રીતિ અને નીતિમાં અયોધ્યાના રઘુકુલ રાજવીઓને ઉત્તમ ગણવામાં આવ્યા છે.આથી જ ભગવાન શ્રીરામ ઈશ્વર સ્વરૂપ હોવા છતાં રાજારામ તરીકે ઓળખાય છે.ભગવાન શ્રીરામ જેવા રાજવી કોઈ થયા નથી કે થશે નહીં.ભગવાને અયોધ્યાની ગાદી સંભાળીને રામ રાજ્યની સ્થાપના કરી હતી.પ્રભુ શ્રીરામના રાજ્ય વ્યવસ્થાની આજે પણ નોંધ લેવાય છે. ( રઘુકુલ રીત સદા ચલી આઈ...) વચન પાલન માટે પ્રાણની આહુતિ આપવી પડે તો પણ તૈયાર રહેવું,આ પરંપરા હતી.દશરથ રાજાએ વચન પાળવા માટે પ્રાણ ત્યાગ સુધીની યાતના ભોગવી,ભગવાન શ્રીરામે પિતાની આજ્ઞાન પાલન માટે રાજગાદી છોડીને વનવાસ સ્વીકાર્યો,સમર્થ હોવા છતાં વનમાં ઝુંપડી બાંધીને રહ્યા.અનેક લીલાઓ કરી છતાં ક્યારેય મનુષ્ય તરીકેની મર્યાદાઓનું ઉલ્લંઘન ન કર્યું.આથી જ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ એવા નામથી પ્રસિદ્ધ થયા.

ભગવાન શ્રીરામનું નામ જ સંસારને તારવાવાળું છે.રામ નામનો મહિમા અનોખો છે.પરમાત્મા ભગવાન શિવ પણ રામનામનો મહિમા વર્ણવે છે,ચિત્તમાં સદાય રામ નામનું રટણ કરે છે.ભગવાન શ્રીરામનું નામ અન્ય ભગવાનના એક હજાર નામની સમકક્ષ છે.( સહસ્ત્ર નામ તતુલ્ય શ્રીરામ નામ ) ભગવાન શ્રીરામનું ભજન,રામનામનો જાપ માનવીના સઘળા કષ્ટ, રોગ,દોષનું નિવારણ કરે છે.આજે સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી ફેલાઈ છે,અનેક લોકો આ બીમારીથી પીડાઈ રહ્યા છે,લોકો ટપોટપ મરી રહ્યા છે ત્યારે ભગવાન શ્રીરામનું નામ જ આ મહામારીરૂપી સંકટને દૂર કરવા સક્ષમ છે.કળિયુગમાં રામનામનો જ મોટો મહિમા હોવાનું શાસ્ત્રો વર્ણવે છે. રામનામનું રટણ કરનાર ભક્તની મહાવીર શ્રીહનુમાનજી રક્ષા કરે છે.



# વૈશ્વિક સહકારી સપ્તાહ અંતર્ગત રેડિયો રાજકોટ ૮૯.૬ એફએમ ઉપર સહકારી અગ્રણીઓના ઈન્ટરવ્યૂનું પ્રસારણ થશે

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના ચેરમેનશ્રી દિનેશભાઈ પાઠકની મુલાકાત

રાજકોટ, અત્યારે વૈશ્વિક સહકારી સપ્તાહ (૨૯ જૂન થી ૪ જુલાઈ)ની ઉજવણી ચાલી રહી છે. તેના ભાગરૂપે૮૯.૬ એફએમ રેડિયો રાજકોટ દ્વારા સહકારી પ્રવૃત્તિઓ અને તેના મહત્વને જન-જન સુધી પહોંચાડવા માટે એક વિશેષ ટૉક શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ શ્રેણી અંતર્ગત, સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના ચેરમેન શ્રી દિનેશભાઈ પાઠકનો એક વિસ્તૃત અને માહિતીસભર ઈન્ટરવ્યુ પ્રસારિત કરવામાં આવશે. ઈન્ટરવ્યુ દરમિયાન શ્રી દિનેશભાઈ પાઠકે સહકારી બેંકોની કાર્યપદ્ધતિ, સામાન્ય માનવીના આર્થિક ઉત્થાનમાં તેનું યોગદાન અને ભવિષ્યના આયોજનો અંગે ખૂબ જ સરળ અને સચોટ શૈલીમાં માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

આ ખાસ કાર્યક્રમનું પ્રસારણ તા. ૪ જુલાઈ ૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન ૮૯.૬ એફએમ રેડિયો રાજકોટ પર કરવામાં આવશે. આ બે કલાકના વિશેષ પ્રસારણ દરમિયાન શ્રી દિનેશભાઈ પાઠકના ઈન્ટરવ્યુ ઉપરાંત સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા અન્ય તજજ્ઞો અને આગેવાનોના મંતવ્યો પણ રજૂ કરવામાં આવશે, જે શ્રોતાઓમાટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.




૮૯.૬ એફએમ રેડિયો રાજકોટની ટીમ દ્વારા રાજકોટ અને આસપાસના વિસ્તારના તમામ નાગરિકો તેમજ સહકારી ક્ષેત્રના હિતધારકોને આ પ્રેરણાદાયી અને માહિતીસભર કાર્યક્રમ સાંભળવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કાર્યક્રમ વિગત : વિષય: સહકાર સપ્તાહ વિશેષ ટોક શો, પ્રસારણ તા. ૪ જુલાઈ, સવારે ૧૦ થી ૧૨ સુધી તેમજ આખો દિવસ, રેડિયો સ્ટેશન: ૮૯.૬ એફએમ રેડિયો રાજકોટ (89.6 FM Radio Rajkot, Website: www.radiroajkot.in તેમજ યુટ્યુબમાં પણ ફુલ ઈન્ટરવ્યુ જોઈ શકશો.

સહકારી બેન્કિંગ ક્ષેત્રે ૩૮ વર્ષ જેટલો દીર્ઘકાલીન અનુભવી અને લાંબા સમયથી સક્રિય એવા શ્રી હિતેશભાઈ શુક્લ દ્વારા આ મુલાકાત લેવામાં આવી હતી તેમજ સહકાર વિષયમાં રદ્ધ કરી ડોક્ટ્રેટ થયેલ છે, સહકાર ભારતી સાથે સક્રિય રીતે જોડાયેલ છે તથા હાલમાં તેઓ કો-ઓપરેટિવ એજ્યુકેશન અને ટ્રેનિંગનું કામકાજ કરી રહ્યા છે.

આ ઉપરાંત આવતા દિવસોમાં અન્ય સહકારી આગેવાનો જેવા કે, વિજય કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ.ના ચેરમેન શ્રી નિકુંજભાઈ ધોળકિયા, ધરતી કો ઓપરેટિવ બેંક લિ. મેનેજીંગ ડિરેક્ટર શ્રી રાજુભાઈ ભંડેરી, રાજકોટ સહકારી સંઘના સીઈઓ શ્રીમતિ જયશ્રીબેન ત્રિવેદી વગેરેના ઈન્ટરવ્યૂ પ્રસારિત થશે.

તે પૈકી (૧) વિજય કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ.ના ચેરમેન શ્રી નિકુંજભાઈ ધોળકિયા વ્યવસાયેએડવોકેટ છે. તેઓ અગાઉ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. માં શાખા વિકાસ સમિતિમાં સેવા આપી ચૂક્યા છેઅને હાલમાં અનેક સામાજિક સંસ્થાઓ સાથે સક્રિયપણે જોડાયેલા છે. (૨) ધરતી કો ઓપરેટિવ બેંક લિ.મેનેજીંગ ડિરેક્ટર શ્રી રાજુભાઈ ભંડેરી યુવા સહકારી અગ્રણી છે અને અનેક સંસ્થામાં સક્રિય

યોગદાન પૂરું પડે છે. (૩) રાજકોટ જિલ્લા સહકારી સંઘના મહિલા સીઈઓ શ્રીમતી જયશ્રીબેન ત્રિવેદી ફરજબજાવી રહ્યા છે. તેઓ રાજકોટ જિલ્લા સંઘમાં છેલ્લા ૩૨ વર્ષથી દીર્ઘકાલીન સેવાઓ આપી રહ્યા છે અને ગૌરવની વાતએ છે કે સમગ્ર ગુજરાતમાં ફક્ત મહિલા સીઈઓ છે તે પૈકી એક છે.

# રાજકોટમાં શેઠ જયંતિલાલ ફુંડલિયા મેમોરિયલ કપ-૨૦૨૬ રીતે સંપન્ન

## ધી રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક અને ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના સંયુક્ત આયોજનમાં ૨૭ ટીમોની જોરદાર ટક્કર



રાજકોટ

ધી રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ અને ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન, રાજકોટના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'શેઠ શ્રી જયંતિલાલ ફુંડલિયા મેમોરિયલ કપ-૨૦૨૬' ફૂટબોલ ટુર્નામેન્ટનો ઉત્સાહભેર અને ભવ્ય સમાપન થયો હતો. રેલવે લોકો કોલોની સ્થિત આધુનિક સુવિધાઓથી સજ્જ ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી આ ટુર્નામેન્ટમાં અંડર-૧૪ અને અંડર-૧૭ વિભાગની કુલ ૨૭ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓએ ઉત્તમ રમતીકૌશલ્ય, ટીમ્વર્ક અને રમત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. પ્રેક્ષકોની ભારે ઉપસ્થિતિ અને ઉત્સાહભેર પ્રોત્સાહન વચ્ચે રમાયેલી ગેમોએ સમગ્ર વાતાવરણને રોમાંચક બનાવી દીધું હતું. અંડર-૧૪ ફાઈનલમાં માસ્ટર હ્લઝ્રએ રૂઝ્રને ૨-૦થી હરાવી ચેમ્પિયનશિપ જીતી હતી, જ્યારે અંડર-૧૭ ફાઈનલમાં માસ્ટર હ્લઝ્રએ ્યજી વાડીને ૧-૦થી પરાજય આપી ટ્રોફી પોતાના નામે કરી હતી. આમ માસ્ટર હ્લઝ્રએ બંને વિભાગમાં ચેમ્પિયન બની ડબલ સિદ્ધિ મેળવી રાજકોટના ફૂટબોલ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી. સમાપન સમારોહમાં વિજેતા અને રનર-અપ ટીમોને ટ્રોફી, મેડલ અને આકર્ષક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. બેન્કના સીઈઓ ડૉ. પુરુષોત્તમ પીપરીયાએ જણાવ્યું હતું કે રમતગમત યુવાનોમાં શિસ્ત, ટીમ્વર્ક, નેતૃત્વ અને આત્મવિશ્વાસ જેવા ગુણો વિકસાવે છે અને આવી સ્પર્ધાઓથી સ્થાનિક પ્રતિભાને યોગ્ય મંચ પ્રાપ્ત થાય છે. ટુર્નામેન્ટના સફળ આયોજનમાં બેન્કના ડેપ્યુટી જનરલ મેનેજર પ્રકાશ શંખાવાલા, આસિસ્ટન્ટ જનરલ મેનેજર જુલીબેન પીપરીયા તેમજ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ ગુણવંતભાઈ દેલાવાળા, સેક્રેટરી રોહિત બુંદેલા સહિતના હોદ્દેદારોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સમગ્ર આયોજન સુવ્યવસ્થિત અને પારદર્શક રીતે પૂર્ણ થયું હતું.

# CGST ભવનના સ્થાપના વર્ષ નિમિત્તે રક્તદાન કેમ્પ

## શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી આયોજન

રાજકોટ

પ્રવર્તમાન ઉનાળાની ગરમીની સીઝનમાં રક્તની જરૂરીયાત ઉભી થયેલી છે, સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ માટે નિશુલ્ક લોહી મળી રહે તે માટે પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રક્તદાન કરી અમૃત્ય માનવ જીંદગીઓ બચાવવા નિમિત્ત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે ત્યારે CGST ભવનનાં ૬માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ભવન રાજકોટ દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓના લાભાથે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો હતો. રક્તદાન કેમ્પમાં ૩૯ લોકોએ



રક્તદાન કરી માનવતા મહેકાવી રક્તદાન કેમ્પમાં સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ભવન રાજકોટના કમિશનર વી.શિવકુમાર તથા આસીસ્ટન્ટ કમિશરે પણ રક્તદાન કર્યું હતું.આપના ઘરે આવતા પ્રસંગોમાં જન્મદિવસ નિમિત્તે કે કોઈ વ્યક્તિના સ્મૃતિપદ દિવસ નિમિત્તે તથા અન્ય પ્રસંગોપાત રક્તદાન કેમ્પનું પણ આયોજન કરો તો આ તકલીફનું આંશિક નિવારણ થઈ શકે તેમ જ રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાથે રક્તદાન કેમ્પ, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તેમજ કોઈપણ જીવદયાના સેવાના કાર્ય માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી ૯૪૨૮૨ ૦૦૬૬૦ સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# જીવાપર ગામે રૂ. ૧૪૫ લાખના ખર્ચે નિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિર ખુલ્લુ મૂકતા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા

## આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર ઉપરાંત આધુનિક લેબોરેટરી, પ્રસૂતિ વિભાગ,રસીકરણ, પોસ્ટમોર્ટમ સહિત છ બેડની સુવિધા

રાજકોટ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ તાલુકાના જીવાપર ગામે આયુષ્માન આરોગ્ય મંદિર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આયુષ્માન આરોગ્ય મંદિર ખુલ્લુ મુકતા મંત્રીશ્રી કુંવરજીભાઈએ જણાવ્યું હતું કે, લોકોને નજીકના સ્થળે આરોગ્યની પૂરતી સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજકોટ જિલ્લામાં જસદણ, વિંછીયા પંથકમાં પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રના નિર્માણથી ગ્રામજનો માટે સ્થાનિક સ્તરે સારવાર ઉપલબ્ધ થઈ રહી હોવાનું મંત્રીશ્રીએ આનંદ સાથે જણાવ્યું હતું. લોકોનું જીવન નિરામય બની રહે તે માટે આયુષ્માન આરોગ્ય મંદિર ખૂબ મદદરૂપ બનશે, તેવો વિશ્વાસ વ્યક્ત કરતા શ્રી કુંવરજીભાઈએ જણાવ્યું હતું કે, નાના બાળકો, મહિલાઓ સહિત તમામ વર્ગના લોકોને શ્રેષ્ઠ સારવારની સુવિધા મળી રહે તે પ્રકારે આરોગ્ય મંદિરમાં વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે.

માત્ર આરોગ્ય ક્ષેત્રે જ નહી, પરંતુ રોડ રસ્તા, સિંચાઈ, પીવાના પાણી, શિક્ષણ અને રોજગારી સહિતના ક્ષેત્રોમાં પણ અનેક વિકાસ કામો હાલ ચાલી રહ્યા છે. મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ રૂ. ૧૪૫ લાખના ખર્ચે નિર્મિત આરોગ્ય મંદિરનાં લોકાર્પણ બાદ ત્યાં વિવિધ વિભાગમાં ઉપલબ્ધ સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. આધુનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે માહિતી આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી જોષીએ જણાવ્યું હતું કે, કેન્દ્રમાં ઓ.પી.ડી. સાથે છ બેડની સુવિધા, સગર્ભા સ્ત્રીઓ માટે પ્રસૂતિની સગવડ, સગર્ભા માતાઓ અને નવજાત બાળકો માટે રસીકરણ, ઈમરજન્સી ડ્રેસિંગ અને



મેડિકોલીગલ કેસનું પોસ્ટમોર્ટમ, આયુષ્માન કાર્ડ તથા આભા કાર્ડની સુવિધા સહિત વિવિધ રોગોનાં નિદાન અને સારવારની સુવિધાઓનો લાભ આસપાસના ગામજનોને મળશે. લોકાર્પણ પ્રસંગે અગ્રણીઓશ્રી ભાવેશભાઈ વેકરીયા તેમજ શ્રી ચંકીતભાઈ રામાણીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ડો. ચંદનકુમાર રામે જસદણ, વિંછીયા પંથકમાં ઉપલબ્ધ આરોગ્ય કેન્દ્રની માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં જસદણ તાલુકા પંચાયત પ્રમુખશ્રી ભાવનાબેન વેકરીયા, સરપંચશ્રી જનુબેન મિયાત્રા, મામલતદારશ્રી મહેશભાઈ બલિયા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ સહીત આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ત્રણ રક્તદાન કેમ્પમાં ૧૯૮ બોટલ રક્ત એકત્ર

## સિવિલ હોસ્પિટલને ૧૫૦ અને AIIMS રાજકોટને ૪૮ બોટલ અર્પણ; ભાજપ યુવા મોરચા, ICAI રાજકોટ બ્રાન્ચ અને રોટરી ક્લબ ઓફ રાજકોટની સેવાભાવી પહેલ



રાજકોટ

રાજકોટ સિવિલ હોસ્પિટલ તથાAIIMS રાજકોટના લાભાથે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશના સહયોગથી શહેરમાં ત્રણ અલગ-અલગ સંસ્થાઓ દ્વારા વિશાળ રતરે રક્તદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ મહાનગર ભાજપ યુવા મોરચા, ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા ICAI રાજકોટ બ્રાન્ચ તથા રોટરી ક્લબ ઓફ રાજકોટના સંયુક્ત પ્રયાસોથી કુલ ૧૭૭ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. જેમાંથી ૨૧૦ બોટલ રાજકોટ સિવિલ બ્લડ બેન્ક અને ૪૭ બોટલ AIIMS રાજકોટને આપવામાં આવી હતી.

રાજકોટ મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા યોજાયેલા કેમ્પમાં ૧૫૭ લોકોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું, જેમાંથી ૬૦ બોટલ રાજકોટ સિવિલ બ્લડ બેન્ક તથા ૧૭ બોટલ છૈંસ્જી રાજકોટને આપવામાં આવી હતી. ICAI રાજકોટ બ્રાન્ચના ચેરમેન CA મૌલિક બગડાઈ, સેક્રેટરી ઝ્રછ જયેશ ધામેજા અને ટીમના પ્રયાસોથી યોજાયેલા કેમ્પમાં ૮૭ બોટલ રક્ત એકત્ર કરી રાજકોટ સિવિલ બ્લડ બેન્કને અર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે રોટરી ક્લબ ઓફ રાજકોટના પ્રમુખ જયંતભાઈ અગ્રવાલ, સેક્રેટરી મિતેશભાઈ મહેતા, પ્રોજેક્ટ ચેરમેન બ્રિજેશભાઈ સગપરીયા અને ટીમના આયોજન હેઠળ યોજાયેલા કેમ્પમાં ૩૪ બોટલ રક્ત એકત્ર કરી રાજકોટ સિવિલ બ્લડ બેન્કને આપવામાં આવ્યું હતું. ત્રણેય કેમ્પમાં રાજકોટ પી.ડી.યુ. મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગના ડોક્ટરો, ટેક્નિશિયન ટીમ તેમજ AIIMS રાજકોટના ડોક્ટરોએ રક્ત એકત્ર કરવાની કામગીરી સંભાળી હતી અને સમગ્ર પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ તમામ રક્તદાતાઓ તથા સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ દર્દીઓને નવું જીવન મળી શકે છે. તેમણે જન્મદિવસ, પુણ્યતિથિ તથા અન્ય પ્રસંગોએ પણ રક્તદાન કેમ્પ યોજી સમાજસેવામાં જોડાવા અપીલ કરી હતી. સાથે જ રક્તદાન, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન સહિતના સેવાકાર્યો માટે ફાઉન્ડેશનનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો.

# કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ ખાતે બી.કોમ. પ્રથમ વર્ષના વિદ્યાર્થીનીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

રાજકોટ:શ્રીમતી કે.એસ.એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ ખાતે બી.કોમ. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓને કોલેજ ના શૈક્ષણિક વાતાવરણ, હ્રૂૈઁ (દ્રઈ-૨૦૨૦) હેઠળના અભ્યાસક્રમ, વિવિધ શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ ઉપલબ્ધ સુવિધાઓથી પરિચિત કરાવવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રિન્સિપાલ ડૉ. સ્નેહલબેન પલાણ દ્વારા નવી વિદ્યાર્થીનીઓનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે પોતાના માર્ગદર્શનમાં ઉચ્ચ શિક્ષણનું મહત્વ, નિયમિત અભ્યાસ, શિસ્ત, સમયપાલન, વ્યક્તિત્વ વિકાસ તથા મૂલ્યનિષ્ઠ જીવન જીવવા માટે પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

બી.કોમ. વિભાગના અધ્યક્ષ ડૉ. રમેશ ગાવિત દ્વારા વિદ્યાર્થીનીઓને કોલેજ માં ઉપલબ્ધ વિવિધ તકોનો લાભ લઈ સર્વાંગી વિકાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના સંયોજક ડૉ. તુલસી રાવલ દ્વારા હ્રૂૈઁ અંતર્ગત અભ્યાસક્રમની રચના, ક્રેડિટ સિસ્ટમ, વિષયોની પસંદગી, આંતરિક મૂલ્યાંકન, સેમેસ્ટર પરીક્ષા પદ્ધતિ, શૈક્ષણિક નિયમો તથા કોલેજ માં કાર્યરત વિવિધ કમિટી અંતર્ગત થતી પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ડૉ. જાગૃતિ કાનાણી અને ડૉ. દેવદત્ત વ્યાસ દ્વારા વિદ્યાર્થીનીઓને કોલેજ ની વિવિધ સમિતિઓ, લાઈબ્રેરી, ડિજિટલ લર્નિંગ સુવિધાઓ, મેન્ટર-મેન્ટી સિસ્ટમ, સ્કિલ ડેવલપમેન્ટ કોર્સ, પ્લેસમેન્ટ અને કારકિર્દી માર્ગદર્શન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# તનૈરાએ હસ્તકલા આધારિત સાડીઓ અને એથનિક વસ્ત્રોના ખાસ કલેક્શન પર સેલ શરૂ કર્યું

રાજકોટ:ટાટાની પ્રોડક્ટ તનૈરાએ પોતાના સેલની જાહેરાત કરી છે, જેના અંતર્ગત ગ્રાહકોને હસ્તકલા આધારિત સાડીઓ અને એથનિક વસ્ત્રો આકર્ષક કિંમતે ખરીદવાની તક મળશે. ૧ જુલાઈ, ૨૦૨૬થી શરૂ થયેલા આ સેલમાં પસંદગીની સાડીઓ પર ૪૦ ટકા સુધી અને કુર્તા તેમજ કુર્તા સેટ પર ૫૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ તનૈરાના તમામ સ્ટોર તેમજ ઓનલાઈન ઉપલબ્ધ છે. ઉપરાંત, એન્સર્કલ મેમ્બર્સને સેલના પ્રથમ પાંચ દિવસ દરમિયાન વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટનો પણ લાભ મળશે. લગ્ન, તહેવારો અને સમગ્ર સિઝન દરમિયાન આવતા વિવિધ ઉજવણીના પ્રસંગો માટે કાયમી મૂલ્ય ધરાવતા વસ્ત્રો ખરીદવાની આ એક ઉત્તમ તક છે.

આ સેલ અંગે તનૈરાના ચીફ સેલ્સ એન્ડ માર્કેટિંગ ઓફિસર શ્રી સોમપ્રભ કુમાર સિંહે જણાવ્યું હતું કે, "તનૈરાની દરેક રચના ભારતની સમૃદ્ધ કાપડ પરંપરાથી પ્રેરિત છે અને પ્રમાણિકતા સાથે તૈયાર કરવામાં આવે છે. અમારા સિઝન સેલ દ્વારા અમે ગ્રાહકોને હસ્તકલા આધારિત સાડીઓ અને એથનિક વસ્ત્રોના ખાસ પસંદ કરાયેલા કલેક્શનનો અનુભવ કરવા આમંત્રિત કરીએ છીએ, જે પરંપરાગત કારીગરી અને કાયમી આકર્ષણની ઉજવણી કરે છે." આગામી મહિનાઓમાં લગ્ન, તહેવારો અને અન્ય ખાસ પ્રસંગોની તૈયારીઓ શરૂ થતાં તનૈરાનો આ સેલગ્રાહકો માટે હસ્તકલા આધારિત સાડીઓ ઉપરાંત શુદ્ધ અને કુદરતી કાપડમાંથી તૈયાર કરાયેલા આકર્ષક કુર્તા, કુર્તા સેટ, બ્લાઉઝ અને અનસ્ટીચ્ડ ડ્રેસ મટિરિયલના ખાસ પસંદ કરાયેલા કલેક્શનને શોધવાની ઉત્તમ તક છે.

# સદગત હેમીબેન પોકરના ચક્ષુદાનથી બે લોકોને મળશે નવી દ્રષ્ટિ

## અર્હમ ફાઉન્ડેશનની ટીમે સફળતાપૂર્વક ચક્ષુદાન પ્રક્રિયા પૂર્ણ કરી

રાજકોટ:પોકર પરિવારના સ્વ.હેમીબેન મોહનભાઈ પોકર ઉ.વ. ૮૫ સ્વર્ગવાસ થતા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી તેમજ મહાવીર ઈમિટિશનના અતુલભાઈ મહેતાના પ્રયાસથી પોકર પરિવારના શ્રી મનુભાઈ મોહનભાઈ પોકર, શ્રી રોહિતભાઈ મનુભાઈ પોકર, શ્રી શૈલેષભાઈ મનુભાઈ પોકરે સ્વ.હેમીબેન મોહનભાઈ પોકરના બન્ને ચક્ષુઓનું દાન કરવાનો સમાજ ઉપયોગી નિર્ણય લીધો હતો. ચક્ષુદાનમાં અર્હમ ફાઉન્ડેશનના આંખના સર્જન ડો. ધર્મેશભાઈ શાહ તેમજ તેમની ટીમ દ્વારા સેવા અર્પણ કરવામાં આવેલ હતી. આ તકે ૨ વ્યક્તિઓના જીવનમાં પ્રકાશની રોશની પથરાશે. પોકર પરિવાર તરફથી ચક્ષુદાન કરવાનો નિર્ણય સમાજ માટે પ્રેરણા સમાન છે. મહાવીર ઈમિટિશનના અતુલભાઈ મહેતા તેમજ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ સેવાની તક આપવા બદલ પોકર પરિવારનો માન્યો હતો. આપના ઘરે આવતા પ્રસંગોમાં જન્મદિવસ નિમિત્તે કે કોઈ વ્યક્તિના સ્મૃતિપદ દિવસ નિમિત્તે અન્ય પ્રસંગોપાત રક્તદાન કેમ્પનું પણ આયોજન કરો તો આ તકલીફનું આંશિક નિવારણ થઈ શકે તેમ જ રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાથે રક્તદાન કેમ્પ, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તેમજ કોઈપણ જીવદયાના સેવાના કાર્ય માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી ૯૪૨૮૨ ૦૦૬૬૦ સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લામાં તાલુકાકક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૨ જુલાઈએયોજાશે: તા. ૧૦ જુલાઈ સુધી પ્રશ્નો મોકલી શકાશે

રાજકોટ

રાજકોટ જિલ્લામાં તાલુકાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૨ જુલાઈ, ૨૦૨૬ને બુધવારે મામલતદાર કચેરી ખાતે યોજાશે. જે અંગે પ્રશ્નો બે નકલમાં અરજદારોએ સંબંધકર્તા મામલતદારને તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં મોકલવાના રહેશે. આ કાર્યક્રમમાં કર્મચારીઓની નોકરી અંગે કોર્ટમાં કેસ ચાલુ હોય તે બાબત, ન્યાયિક કે અર્ધન્યાયિક બાબતને લગતા પ્રશ્નો અને આ કાર્યક્રમમાં અગાઉ રજૂ થયેલા પ્રશ્નો ફરીથી રજૂ કરવાના રહેશે નહી. તેમજ પ્રથમ વખત અરજી કરતા હોય તેવા પ્રશ્ન રજૂ કરવા નહીં, આ માટે એક અરજીમાં એક જ પ્રશ્ન મોકલી શકાશે. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' માટેની અરજી એમ લખવાનું રહેશે. અરજી બે નકલમાં જરૂરી પૂરાવા સાથે આપવાની રહેશે, તેમ જિલ્લા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# ઈરાનની તેલ ટેન્કરોને હોર્મુઝ સ્ટ્રેટમાં માન્ય રૂટનો ઉપયોગ કરવા ચેતવણી

## પર્શિયન ગલ્ફનું સાંકડું મુખ ઈરાન યુદ્ધનો કાયમી અંત લાવવા માટેની વાટાઘાટોમાં મુખ્ય મુદ્દા તરીકે ઉભરી આવ્યું




તેહરાન,

અમેરિકા સાથે શાંતિ વાટાઘાટો વચ્ચે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, ઈરાનના સંયુક્ત લશ્કરી કમાન્ડે ગુરુવારે ચેતવણી આપી હતી કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા તમામ તેલ ટેક્રોએ તેના મંજૂર માર્ગોનો ઉપયોગ કરવો પડશે નહીંતર "જબરદસ્ત પ્રતિક્રિયા"નો સામનો કરવો પડશે, જેનાથી આંતરરાષ્ટ્રીય ઉર્જા પુરવઠા માટે મહત્વપૂર્ણ જળમાર્ગ પર ફરીથી તણાવ વધશે. પર્શિયન ગલ્ફનું સાંકડું મુખ, સ્ટ્રેટ, ઈરાન યુદ્ધનો કાયમી અંત લાવવા માટેની વાટાઘાટોમાં મુખ્ય મુદ્દાઓમાંનો એક તરીકે ઉભરી આવ્યું છે.

ઈરાની રાજ્ય ટેલિવિઝન દ્વારા અહેવાલ કરાયેલ ખાતમ અલ-અંબિયા લશ્કરી કમાન્ડનું નિવેદન બુધવારે કતારમાં યુએસ અને ઈરાની રાજદ્વારીઓ મધ્યસ્થીઓ સાથે મળ્યા પછી આવ્યું છે.

ઈરાન તરફથી ધમકી શા માટે ઉભી થઈ તે સ્પષ્ટ નથી. જો કે, યુએસ લશ્કરના સેન્ટ્રલ કમાન્ડે બહેરીનમાં મધ્યપૂર્વીય રાષ્ટ્રોના અધિકારીઓ સાથેની બેઠક વિશે એક નિવેદન બહાર પાડ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે "નેતાઓએ સ્ટ્રેટ દ્વારા મુક્ત વાણિજ્ય પ્રવાહ માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો".

આ વાક્યથી ઈરાન ગુસ્સે થઈ ગયું હશે, જે ફેબ્રુઆરીમાં યુદ્ધની શરૂઆતમાં જ મૃત્યુ પામેલા સ્વર્ગસ્થ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કાર માટે આ સપ્તાહના અંતે શરૂ થતી તૈયારીઓ કરી રહ્યું છે.

"હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનના ઈસ્લામિક રિપબ્લિકના નેવિગેશન પ્રોટોકોલનું પાલન કરવામાં કોઈપણ નિષ્ફળતા, નિર્ધારિત માર્ગથી વિચલન અથવા અવગણનાનો સામનો સશસ્ત્ર દળો તરફથી તાત્કાલિક અને બળપૂર્વક કરવામાં આવશે, જે ઉલ્લંઘન કરનારા જહાજોની સુરક્ષાને જોખમમાં મૂકે છે," ઈરાની નિવેદનમાં જણાવાયું છે.

તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સ્ટ્રેટમાં યુએસ દળો દ્વારા દખલગીરી "ઝડપી અને નિર્ણાયક પ્રતિક્રિયા" સાથે કરવામાં આવશે. ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સે ૬૦ દિવસ માટે ચાર્જ ચૂકવ્યા વિના જહાજોને પસાર થવા દેવા માટે વચગાળાના કરારના ભાગ રૂપે સંમતિ આપી હતી. પરંતુ તેહરાને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેણે જહાજોના રૂટને નિયંત્રિત કરવા જોઈએ અને બાદમાં પેસેજ માટે ફી વસૂલવી જોઈએ, જે જળમાર્ગમાં દાયકાઓની પ્રથાને તોડી નાખે છે.

# મુક્ત વેપાર કરાર બાદ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે દ્વિપક્ષીય વેપાર આગામી વર્ષોમાં બમણો થશે

## પીએમ મોદી આવતા અઠવાડિયે ન્યુઝીલેન્ડની મુલાકાત લેશે

નવીદિલ્હી,

પીએમ મોદી આવતા અઠવાડિયે ન્યુઝીલેન્ડની મુલાકાત લેશે. ન્યુઝીલેન્ડના પીએમ ક્રિસ્ટોફર લક્સને શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ માહિતી શેર કરી. તેમણે ઠ પર કહ્યું કે બંને દેશોના નેતાઓ ન્યુઝીલેન્ડ-ભારત મુક્ત વેપાર કરાર દ્વારા તેમના સંબંધોને એક નવા સ્તરે લઈ જશે.

ન્યુઝીલેન્ડના પીએમ ક્રિસ્ટોફર લક્સને એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "મને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે ન્યુઝીલેન્ડની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત લેશે. ભારત વિશ્વની સૌથી મોટી અને સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે અને ન્યુઝીલેન્ડની આર્થિક સમૃદ્ધિ માટે એક મહત્વપૂર્ણ દેશ છે. અમે એપ્રિલમાં હસ્તાક્ષર કરાયેલ ન્યુઝીલેન્ડ-ભારત મુક્ત વેપાર કરાર દ્વારા અમારા સંબંધોને એક નવા સ્તરે લઈ જઈ રહ્યા છીએ, જે ન્યુઝીલેન્ડમાં વધુ નોકરીઓનું સર્જન કરશે, નિકાસને વેગ આપશે અને આર્થિક વિકાસને મજબૂત બનાવશે. આ ૧.૪ અબજ લોકોના બજારમાં માલ અને સેવાઓની નિકાસ વધારવા, કિવી સમુદાયોમાં વધુ રેમિટન્સ લાવવા, નોકરીઓનું સર્જન કરવા અને વેતન વધારવા માટે નવી તકો ખોલશે."

૬ મેના રોજ, ન્યુઝીલેન્ડના વેપાર અને રોકાણ મંત્રી, ટોડ મેકલેએ જણાવ્યું હતું કે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે દ્વિપક્ષીય વેપાર થોડા વર્ષોમાં બમણો થવાની અપેક્ષા છે કારણ કે બંને દેશો ઉચ્ચ-ગુણવત્તાવાળા મુક્ત વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપે છે. મંત્રી ટોડ મેકલેએ જણાવ્યું હતું કે એફટીએ ન્યુઝીલેન્ડના ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરે છે જેઓ ભારતીય બજારમાં સરળતાથી ઉપલબ્ધ ઉચ્ચ ગુણવત્તાની ચીજવસ્તુઓ અને સેવાઓ ઈચ્છે છે.

# એર ઈન્ડિયા એક્સપ્રેસે ઓમાન અને કુવૈત ફ્લાઈટ્સ ફરી શરૂ કરી

નવી દિલ્હી,

એર ઈન્ડિયા એક્સપ્રેસે તેના બાકીના સ્થગિત સ્થળોએ સેવાઓ ફરી શરૂ કર્યા પછી પશ્ચિમ એશિયામાં તેના ફ્લાઈટ નેટવર્કને સંપૂર્ણ રીતે પુનઃસ્થાપિત કરવાની જાહેરાત કરી છે. એરલાઈને ગુરુવારે પુષ્ટિ આપી હતી કે ઓમાન અને કુવૈતની કામગીરી તબક્કાવાર ફરી શરૂ થશે, જે તેના સમગ્ર પ્રાદેશિક નેટવર્કમાં ફ્લાઈટ્સ પરત ફરશે.

ટાટા ગ્રુપની માલિકીની કેરિયરે આ ક્ષેત્રમાં તાજેતરના સંઘર્ષને કારણે પશ્ચિમ એશિયાના કેટલાક સ્થળોએ ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે સ્થગિત કરી હતી. તાજેતરના નિર્ણય સાથે, બધા અસરગ્રસ્ત રૂટ હવે ફરીથી સેવામાં લાવવામાં આવી રહ્યા છે.

એરલાઈન અનુસાર, ઓમાનમાં કોઝિકોડ અને સલાલાહ વચ્ચે ફ્લાઈટ્સ ૨ જુલાઈથી ફરી શરૂ થઈ છે. કોઝિકોડ અને કુવૈતને જોડતી સેવાઓ ૩ જુલાઈથી ફરી શરૂ થશે, જ્યારે બેંગલુરુ અને કુવૈત વચ્ચે ફ્લાઈટ્સ ૪ જુલાઈથી શરૂ થશે. એરલાઈને ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં આ રૂટ પર ફ્લાઈટ્સની સંખ્યા ધીમે ધીમે વધારવામાં આવશે.

એર ઈન્ડિયા એક્સપ્રેસ હાલમાં ભારત અને પશ્ચિમ એશિયા વચ્ચે લગભગ ૭૮૦ સાપ્તાહિક ફ્લાઈટ્સ ચલાવે છે. તેનું નેટવર્ક ૧૮ ભારતીય શહેરોને સમગ્ર પ્રદેશના સ્થળો સાથે સીધા જોડે છે.

૧૦૦ થી વધુ વિમાનોનો કાફલો ધરાવતી એરલાઈન દરરોજ ૫૦૦ થી વધુ ફ્લાઈટ્સ ચલાવે છે.

# હલાલા અને ટ્રિપલ તલાક જેવી ધાર્મિક રસમો અંતરાત્માને હચમચાવી નાખે તેવા કાળા પ્રકરણો

## ધાર્મિક વિધિઓના ચક્રવ્યૂહમાં ફસાવીને મહિલાઓનું જાતીય શોષણ કરવાની મંજૂરી આપી શકાય નહીં : અલહાબાદ હાઈકોર્ટ



પ્રયાગરાજ,

અલહાબાદ હાઈકોર્ટે કહ્યું કે નિકાહ, હલાલા અને ટ્રિપલ તલાક જેવા ધાર્મિક વિધિઓના ચક્રવ્યૂહમાં ફસાવીને મહિલાઓનું જાતીય શોષણ કરવાની મંજૂરી આપી શકાતી નથી. આ આપણા સમાજનું એક કાળું પાનું છે, જે બંધારણીય મૂલ્યો, સમાનતા અને માનવીય ગૌરવની વિભાવનાથી ઘણું દૂર છે. આ કૃત્યો માત્ર કાયદાકીય દ્રષ્ટિએ ગુના નથી, પરંતુ તે સમાજના સામૂહિક અંતરાત્માને પણ હચમચાવી નાખે છે.

આ અવલોકન સાથે, ન્યાયાધીશ જેજે મુનીર અને ન્યાયાધીશ તરુણ સક્સેનાની ડિવિઝન બેન્ચે પીડિતાના પૂર્વ પતિ, કાકા, મૌલાના અને અન્ય સંબંધીઓ દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવી દીધી. કોર્ટે જણાવ્યું હતું કે વ્યક્તિગત કાયદાના આડમાં ગુનાઓને રક્ષણ આપી શકાતું નથી. પ્રથમ દ્રષ્ટિએ, આ કેસ સગીર પર ઈરાદાપૂર્વક અને આયોજિત સામૂહિક બળાત્કાર હોવાનું જણાય છે, જેની સંપૂર્ણ તપાસ જરૂરી છે.

આ કેસ અમરોહાના સૈદનાગલી પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. એફઆઈઆર મુજબ, પીડિતાના લગ્ન ૨૦૧૫ માં થયા હતા જ્યારે તે માત્ર ૧૫ વર્ષની હતી. ત્યારબાદ, તે ટ્રિપલ તલાક, નિકાહ હલાલા અને ફરીથી નિકાહના ચક્રમાં ફસાઈ ગઈ હતી અને તેનું સતત જાતીય શોષણ થતું હતું. પીડિતાનો આરોપ છે કે ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ, હલાલાના બહાને તેને ફરીથી લગ્નમાં ફસાવવામાં આવી અને તેની સાથે ક્રૂરતાનો ભોગ બનવામાં આવ્યો. અંગત કાયદા અને ધાર્મિક પ્રથાઓનો ઉલ્લેખ કરીને, આરોપીઓએ કેસ રદ કરવા અને તેમની ધરપકડ પર રોક લગાવવા માટે ચાર અલગ અલગ અરજીઓ દાખલ કરી. જોકે, કોર્ટે કઠોર ટિપ્પણીઓ સાથે અરજીઓ ફગાવી દીધી.અરજીકર્તાઓના વકીલે દલીલ કરી હતી કે ૨૦૧૬ માં ટ્રિપલ તલાક (તલાક-એ-બિદ્દત) શરિયા કાયદા હેઠળ માન્ય હતો. નિકાહ હલાલા ઈસ્લામિક કાયદા અનુસાર એક માન્ય વિધિ છે. પીડિતાએ પરસ્પર સંમતિથી છૂટાછેડાનો હુકમનામું મેળવ્યું હતું.

# રામ મંદિર દાન ચોરી કેસમાં નિષ્પક્ષ તપાસની સંઘની હાકલ

## RSSના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ પણ હિન્દુઓને સંયમ રાખવા હાકલ કરી

અયોધ્યા,

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરમાં દાનની કથિત ઉચાપતની નિષ્પક્ષ તપાસની હાકલ કરતા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) એ શુક્રવારે કહ્યું કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે આ કેસમાં કડક કાર્યવાહી જરૂરી છે, અને ઉમેર્યું કે ભક્તો આ ઘટનાથી 'દુઃખી' છે.

એક વીડિયો નિવેદનમાં, RSS ના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ પણ હિન્દુઓને સંયમ રાખવા હાકલ કરી, કહ્યું કે હિન્દુ વિરોધી જૂથોને હિન્દુ ધર્મ વિશે ખોટી માહિતી ફેલાવવા માટે આ તકનો દુરુપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

વધુમાં, તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળની ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી વિશેષ તપાસ ટીમ (SIT) આ મામલે તટસ્થ તપાસ કરશે.

"અયોધ્યામાં રામ મંદિરમાં ચોરીના આરોપોથી ભગવાન રામના ભક્તો અને સમાજને દુઃખ થયું છે," હોસાબલેએ કહ્યું. "યુપી સરકારે SIT ની રચના કરીને તપાસ શરૂ કરી છે. દોષિતો સામે કડક કાર્યવાહી થાય તે સુનિશ્ચિત કરવું મહત્વપૂર્ણ છે.""આરએસએસ માને છે કે કડક કાર્યવાહી જરૂરી છે અને ભક્તોની શ્રદ્ધા જળવાઈ રહે તે માટે પગલાં લેવા જોઈએ.

# તિબેટીયન યુવકનું મુક્ત તિબેટની માગ સાથે યુએન હેડક્વાર્ટરની બહાર આત્મવિલોપન

## તિબેટમાં છેલ્લા ૧૭ વર્ષમાં ૧૫૦ થી વધુ લોકોએ ચીની કબજાનો વિરોધ કરવા માટે આત્મવિલોપન કર્યું

ન્યૂ યોર્ક,

અમેરિકાના ન્યૂ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયની બહાર એક ૪૨ વર્ષીય તિબેટીયન વ્યક્તિએ આત્મદાહ કર્યો. તે તિબેટીયન ધ્વજ સાથે વિરોધ કરી રહ્યો હતો અને આ ઘટનામાં તેનું મૃત્યુ થયું. ન્યૂ યોર્ક પોસ્ટ અનુસાર, આ વ્યક્તિની ઓળખ લોબગા રંગઝેન તરીકે થઈ છે, જે લગભગ બે દાયકાથી અમેરિકામાં રહેતો હતો. આ ઘટના ગુરુવારે સાંજે ૭ વાગ્યાની આસપાસ મેનહટનમાં પૂર્વ ૪૩મી સ્ટ્રીટ અને ફર્સ્ટ એવન્યુ નજીક બની હતી.જેમ જેમ રંગઝેનના શરીરમાં આગ લાગી, તેમ તેમ પસાર થતા વાહનોએ હોર્ન વગાડવાનું શરૂ કર્યું. તે થોડા સમય પછી પડી ગયો. બે કટોકટી કર્મચારીઓએ લગભગ એક મિનિટમાં અગ્નિશામક યંત્ર વડે આગ બુઝાવી દીધી. તેને તાત્કાલિક બેલેવ્યુ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. ઘટના પછી તરત જ, પોલીસે વિસ્તારને ઘેરી લીધો અને તપાસ શરૂ કરી. એક કલાક પછી પણ ઘટનાસ્થળે તિબેટીયન ધ્વજ હાજર હતો.

પોલીસકર્મીઓ એક કાગળ લઈને જતા જોવા મળ્યા જેમાં લખ્યું હતું, "તિબેટમાંથી ચીન બહાર." આ સૂત્ર તિબેટની સ્વતંત્રતા ચળવળ અને "મુક્ત તિબેટ અભિયાન" સાથે સંકળાયેલું છે. "મુક્ત તિબેટ અભિયાન" જૂથ અનુસાર, માર્ચ ૨૦૦૯ થી તિબેટમાં ૧૫૦ થી વધુ લોકોએ ચીની કબજાનો વિરોધ કરવા માટે આત્મદાહ આપ્યો છે. ઘણા વિરોધીઓએ "દલાઈ લામા માટે લાંબા આયુષ્ય, તિબેટમાં તેમના પાછા ફરવા, પંચેન લામાની મુક્તિ, અને તિબેટમાં માનવ અધિકારો અને સ્વતંત્રતા" ની માંગણી કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા.

# પાકિસ્તાનમાં મુસાફરોથી ભરેલી બસ ખાઈમાં પડી જતા ૪૦ લોકોના મોત નિપજયાં

## ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાની ઘટનામાં આઠ લોકોને ઈજા

ક્વેટા,

ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં બસ ખાડામાં પડી જતાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૪૦ લોકોના મોત થયા હતા. પેશાવર જતી બસ બલુચિસ્તાનના ક્વેટાથી રવાના થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે બસ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લામાં પહોંચી ત્યારે આ અકસ્માત થયો હતો. પ્રારંભિક તપાસ સૂચવે છે કે બસની બ્રેક ફેઈલ થઈ ગઈ હતી, જેના કારણે પર્વતીય પ્રદેશમાં તીવ્ર વળાંક લેતી વખતે ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો. બસ રસ્તા પરથી લપસી ગઈ અને ખાડામાં પડી ગઈ. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

બલૂચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝ બુગતીના મીડિયા અને રાજકીય બાબતોના સહાયક શાહિદ રિંદે જણાવ્યું હતું કે, "પ્રારંભિક અહેવાલો અનુસાર, અકસ્માતમાં ૪૦ લોકો માર્યા ગયા છે અને આઠ અન્ય ઘાયલ થયા છે." તેમણે ઉમેર્યું હતું કે, "બંને પ્રાંતોના જિલ્લા વહીવટીતંત્ર, બચાવ ટીમો અને અન્ય સંબંધિત વિભાગો અસરગ્રસ્ત લોકોને મદદ કરી રહ્યા છે."

# હૈદરાબાદમાં ડીએસપીના ઘરે દરોડામાં ૨૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ મળી આવી

## અપ્રમાણસર સંપત્તિના કેસમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ ૧૬ સ્થળોએ દરોડા પાડ્યા

હૈદરાબાદ,

તેલંગાણામાં નાયબ પોલીસ અધિક્ષક સંકીરેડ્ડી ભીમ રેડ્ડી પર તેમના જાણીતા આવક સ્ત્રોતોથી ઘણી વધુ સંપત્તિ એકઠી કરવાનો આરોપ છે. આમાં વિલા, લક્ઝરી એપાર્ટમેન્ટ, કોમર્શિયલ પ્રોપર્ટી, ૫૦ એકરથી વધુ જમીન, રોકડ, સોનું અને રોકાણનો સમાવેશ થાય છે. ત્યારબાદ, ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ ગુરુવારે અપ્રમાણસર સંપત્તિનો કેસ નોંધ્યો અને ૧૬ સ્થળોએ દરોડા પાડ્યા.

એસીબીએ હૈદરાબાદમાં પોલીસ કોમ્પ્યુટર સર્વિસીસના ડીએસપી સંકીરેડ્ડી ભીમ રેડ્ડી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ (૨૦૧૮ માં સુધારેલ) ની કલમ ૧૩(૧) અને ૧૩(૨) હેઠળ કેસ નોંધ્યો છે. એવો આરોપ છે કે તેમણે તેમના રોજગાર દરમિયાન ભ્રષ્ટાચાર અને અન્યાયી માધ્યમો દ્વારા તેમની જાણીતી આવક કરતાં વધુ સંપત્તિ એકઠી કરી હતી. તેમના ઘર અને તેમના સંબંધીઓ, મિત્રો, કથિત બેનામીદારો અને સહયોગીઓ સાથે જોડાયેલા ૧૫ અન્ય સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.મળી આવેલી મિલકતોમાં ઈબ્રાહિમબાગમાં વસેલા મીડોઝ ખાતે એક વિલા, પેન્ટહાઉસ સાથેનું જી+૨ ઘર અને ટેલિકોમ નગરમાં બીજો ફ્લેટ, ગચીબોવલીમાં ક્રાંતિ ઝિઓન એપાર્ટમેન્ટ્સમાં એક ફ્લેટ, તેલ્લાપુરમાં બે ફ્લેટ, મણિકોંડામાં લેક્રોહિલ્સ રોડ પર જી+૫ કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં એક ભાગ, મણિકોંડા મારીચેટ્ટુ જંકશન નજીક ૩,૦૦૦ ચોરસ ફૂટ કોમર્શિયલ જગ્યા અને નાગોલે, પટણચેરુ, પ્રગતિ રિસોર્ટ્સ અને મોમિનપેટમાં ઘણા ખાલી પ્લોટનો સમાવેશ થાય છે.એસીબીને સંગારેડ્ડી જિલ્લાના ઝહીરાબાદમાં ૩.૫ એકર ખેતીની જમીન, કર્ણાટકમાં ૬ એકર અને ૩૮ એકર જમીન, બેંગલુરુ નજીક દેવનહલ્લીમાં એક એકર, વિકારાબાદ જિલ્લાના મોમિનપેટમાં બે એકર અને મુચિંતાલા ગામમાં ૪.૨૦ એકર જમીન સંબંધિત દસ્તાવેજો પણ મળ્યા છે.

# નારી શક્તિ: વચનોથી લઈને કાર્યસિદ્ધિ સુધી - બ્રિક્સમાં ભારતનું યોગદાન

ભારતે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહયોગ અને ટકાઉપણું માટે નિર્માણ"ની થીમ હેઠળ બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળ્યું. મહિલાઓના મુદ્દાઓમાં આપણું યોગદાન ઘણું જ ખાસ રહ્યું છે. અહીં અમે માત્ર કોઈ નારો આપવા કે વખાણ કરવા માટે સફળ વાર્તાઓનો સંગ્રહ રજૂ નથી કરી રહ્યા. પરંતુ, અમે એક કાર્યકારી માળખું લાવ્યા છીએ જે કરોડો મહિલાઓ સુધી પહોંચ્યું છે. આ માળખું ભારત પૂરતું મર્યાદિત નથી. અહીંથી શરૂ થઈને તે જ્યાં પણ પહોંચે છે, ત્યાંની જરૂરિયાતો અને પરિસ્થિતિઓને અનુરૂપ વધુ વિકસવા અને વિસ્તરવા માટે સજ્જ રહે છે.

આ જ ભારતની ખાસ વાત છે. એક દાયકાથી વધુ સમયથી, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતે મહિલા-નેતૃત્વ વિકાસને રાષ્ટ્રીય મિશન તરીકે અપનાવ્યું છે અને આ એવા સ્તરે પ્રાપ્ત કર્યું છે જેની બરાબરી બહુ ઓછા દેશો કરી શકે છે. ૨૦૨૩માં G20ના પ્રમુખપદ દરમિયાન, ભારતે વૈશ્વિક માનસિકતાને "મહિલા વિકાસ"થી "મહિલા-નેતૃત્વ વિકાસ"માં બદલવામાં મદદ કરી છે. આ ફક્ત શબ્દોમાં પરિવર્તન નહોતું, પણ વિચારસરણીમાં પણ પરિવર્તન હતું. મહિલાઓને ફક્ત લાભાર્થી તરીકે જોવાના બદલે તેમને નેતા તરીકે જોવામાં આવ્યા. કોચીમાં, અમે આ જ પરિવર્તનનો પ્રશ્ન ઉઠાવી રહ્યા છીએઃ એક વાર કોઈ સંકલ્પ કરવામાં આવે, પછી તેને મોટા પાયે દેશના છેલ્લા ગામની છેલ્લી મહિલા સુધી કેવી રીતે પહોંચાડવો? ભારતે છેલ્લા દસ વર્ષમાં આ પ્રશ્નનો જવાબ આપ્યો છે, ફક્ત સિદ્ધાંતમાં જ નહી, પરંતુ વ્યવહારમાં પણ.

આ વિચારસરણી ભારત માટે નવી નથી, પણ ખૂબ જૂની છે. વિકાસ જેવી આધુનિક સંકલ્પનાઓ પ્રચલિત થાય તે પહેલાંથી જ ભારતીય સંસ્કૃતિએ નારીને શક્તિ, જ્ઞાન અને સમૃદ્ધિના સ્ત્રોત તરીકે સ્વીકારી છે. આ ત્રણ એવા આધારસ્તંભો છે જેના પર કોઈપણ સમાજ પ્રગતિ કરે છે, અને તેમની પૂજા દેવી દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મીના રૂપમાં કરવામાં આવે છે. દૈવી શક્તિને "શક્તિ" કહેવામાં આવે છે, અને એક પ્રખ્યાત સંસ્કૃત શ્લોક અનુસાર, જ્યાં સ્ત્રીઓનું સન્માન કરવામાં આવે છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે. આ આદર ફક્ત દેખાડો માટે નહોતોઃ લોપામુદ્રા અને ઘોષા જેવા સ્ત્રી ઋષિઓએ ઋગ્વેદના મંત્રો રચ્યા હતા, જ્યારે ગાર્ગી અને મૈત્રેયી જેવા તત્વજ્ઞાનીઓએ ઉપનિષદોની પ્રખ્યાત ચર્ચાઓમાં પોતાનો વિચાર દ્રઢતાપૂર્વક રીતે રજૂ કર્યો હતો. તેથી, ભારત માટે, મહિલાઓ દ્વારા સંચાલિત વિકાસ એ કોઈ બીજા પાસેથી ઉધાર લીધેલો વિચાર નથી, પરંતુ એક પ્રાચીન વિચારનું આધુનિક સંસ્કરણ છે.શરૂઆત નિર્ણય લેવાની પ્રક્રિયાથી કરીએ. ભારતની પંચાયતી રાજ સંસ્થાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી લગભગ અડધી મહિલાઓ છે, આ વિશ્વમાં ચૂંટાઈ આવેલી મહિલા જનપ્રતિનિધિઓના સૌથી મોટા સમૂહોમાંનું એક છે. વધુમાં, નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩, સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખે છે. મહિલાઓના નેતૃત્વ હેઠળનો વિકાસ પ્રતિનિધિત્વ સાથે સમાપ્ત થતો નથી; પરંતુ



-શ્રીમતી અન્નપૂર્ણા દેવી

તે ત્યાંથી શરૂ થાય છે. જે વ્યવસ્થાઓ મહિલાઓને સેવાઓ પૂરી પાડે છે પરંતુ તે સેવાઓ નક્કી કરતા નિર્ણયોમાં તેમને સામેલ કરતું નથી તે ખરેખર મહિલાઓના નેતૃત્વ હેઠળ વિકાસ મોડેલ કહી શકાય નહી.

ભારતનું સેવા વિતરણ માળખું ત્રણ ઘટકો પર આધારિત છે જે એકસાથે કામ કરે છે. પહેલો ઘટક છે ઍક્સેસ: ડિજિટલ જાહેર માળખાકીય સુવિધાઓ મહિલાઓને સીધા લાભ પહોંચાડે છે. આધાર-લિંક્ડ ટ્રાન્સફર એ મધ્યસ્થીઓની ભૂમિકાને દૂર કરી છે જેમણે અગાઉ સહાય તેમના સુધી પહોંચે તે પહેલાં જ તેને ડાયવર્ટ કરી દીધી હતી. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMTVY) આ સુલભતાનું વ્યવહારુ ઉદાહરણ છે. ૪.૨૬ કરોડથી વધુ માતાઓએ તેમના આધાર-લિંક્ડ ખાતાઓ દ્વારા સીધા ૨૦,૦૬૦ કરોડથી વધુના માતૃત્વ લાભો મેળવ્યા છે. બીજો ઘટક સંસ્થાઓ છેઃ DAY-NRLM હેઠળ, ૧૦.૦૫ કરોડથી વધુ ગ્રામીણ મહિલાઓને ૯૯૦,૦૦૦થી વધુ સ્વ-સહાય જૂથોમાં સંગઠિત કરવામાં આવી છે, જે વિશ્વની મહિલાઓની આગેવાની હેઠળની સમુદાય સંસ્થાઓનું સૌથી મોટું નેટવર્ક છે. ત્રીજો ઘટક ગતિશીલતા છે - તળિયે રહેવાને બદલે મૂલ્ય શૃંખલાને ઉપર લઈ જવા માટે સભાનપણે પસંદ કરાયેલ માર્ગ. ભારત હવે ૬૫,૯૪૯ સ્વ સહાય જૂથોની મહિલાઓને બિઝનેસ કોરસપોન્ડન્ટ એજન્ટ્સ (BC સખીઓ) તરીકે નિયુક્ત કરી રહ્યું છે, જે દૂરના વિસ્તારોમાં ડિપોઝિટ, ક્રેડિટ, રેમિટન્સ અને પેન્શન સેવાઓ પહોંચાડે છે. જે મહિલાઓ એક સમયે લાભ માટે કતારમાં ઉભી રહેતી હતી તેઓ હવે તે લાભ અન્ય લોકો સુધી પહોંચાડી રહી છે.એકંદરે, આ બધું મળીને ભાગીદારીને આવક અને માલિકીમાં પરિવર્તિત કરે છે. લખપતિ દીદી પહેલ હેઠળ, ૧.૪૮ કરોડ મહિલા સ્વ-સહાય જૂથો જૂન ૨૦૨૫ સુધીમાં ઓછામાં ઓછા ૧ લાખની વાર્ષિક કમાણી સુધી પહોંચી ગયા હતા અને જાન્યુઆરી ૨૦૨૬માં ઉદ્યોગસાહસિકતા પર કેન્દ્રિત રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી જેનો હેતુ ૫૦,૦૦૦ સમુદાય સંસાધન વ્યક્તિઓ દ્વારા વધારાની ૫૦ લાખ મહિલાઓને તાલીમ આપવાનો છે. વિકાસનો આ જ માર્ગ ઔપચારિક વ્યવસાયોમાં પણ દેખાય છેઃ PMMY હેઠળ વિતરિત કરાયેલી ૬૯ ટકા લોન અને સ્ટેન્ડ-અપ ઈન્ડિયા લાભાર્થીઓમાંથી ૮૪ ટકા મહિલાઓ છે. DPIIT દ્વારા માન્યતા પ્રાપ્ત ૨.૧૨ લાખ સ્ટાર્ટઅપ્સમાંથી, ૧.૦૨ લાખથી વધુ ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર અથવા શેરહોલ્ડર ધરાવે છે, અને આમાંના ઘણા સ્ટાર્ટઅપ્સ મોટા શહેરોમાં નહી, પણ નાના શહેરોમાં છે. અમે BRICSને માત્ર આ બ્રાન્ડ નામો તરીકે નહી, પરંતુ તેમની પાછળની વાર્તાઓ પ્રદાન કરીએ છીએઃ પહેલા ઍક્સેસ, પછી સંસ્થાઓ અને પછી લાભાર્થીથી ઉદ્યોગસાહસિક સુધીનો વ્યવસ્થિત માર્ગ.આંકડા પણ આ પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. ભારતમાં કાર્યકારી વસ્તીમાં મહિલાઓની ભાગીદારી ૨૦૧૭-૧૮માં ૨૩.૩ ટકાથી વધીને ૨૦૨૩-૨૪માં ૪૧.૭ ટકા થઈ ગઈ છે, અને આ સમયગાળા દરમિયાન મહિલાઓમાં બેરોજગારીનો દર ૫.૬ ટકાથી ઘટીને ૩.૨ ટકા થયો છે. હવે જ્યારે પહેલા કરતાં વધુ મહિલાઓ કાર્યબળનો ભાગ બની છે, ત્યારે અમારું ધ્યાન આગામી પગલાં પર છેઃ તેમના કાર્ય અને કમાણીની ગુણવત્તામાં વધુ સુધારો લાવવાનો છે.આ વર્ષે, મહિલાઓના કાર્ય માટે ચાર પ્રાથમિકતા ક્ષેત્રો ઓળખવામાં આવ્યા છે અને તેમાંથી એક સીધો આપણા અનુભવ સાથે જોડાયેલો છેઃ જળવાયુ કાર્યવાહી, ખાદ્ય સુરક્ષા અને પોષણમાં મહિલાઓની ભૂમિકા. પુરાવા સ્પષ્ટપણે આ દર્શાવે છેઃ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ, મહિલા-નેતૃત્વ વિકાસ એ ફક્ત સરકારી જાહેરાત નથી, પરંતુ એક એવી વ્યવસ્થા છે જે દરેક ભાગને એવી રીતે જોડીને વિકસાવવામાં અને સંચાલિત કરવામાં આવે છે કે તે છેલ્લી મહિલા સુધી પહોંચી શકે જેના માટે તે બનાવવામાં આવી હતી. જુલાઈમાં કોચીમાં યોજાનારી મંત્રી સ્તરની બેઠકમાં, ભારત આ મોડેલને એક યોગદાન તરીકે રજૂ કરશે, નહીં કે એવા ઉકેલ તરીકે કે જેને બીજાઓએ અપનાવવું જોઈએ. ઉદ્દેશ્ય એ છે કે અન્ય લોકો તેમાંથી શીખે અને તેને પોતાની પરિસ્થિતિઓમાં સુસંગત કરે. આ વ્યવસ્થા, અને તેની સફળતાનો પુરાવો, તે છે જે ભારત બ્રિક્સ સમક્ષ રજૂ કરી રહ્યું છે. આ આદાન-પ્રદાન બંને તરફથી છેઃ ભારત કોચીમાં તેના બ્રિક્સ ભાગીદારોના શ્રેષ્ઠ અભ્યાસોમાંથી શીખવા અને તેના અનુભવો શેર કરવા તૈયાર છે.

# મોટા ગજાના બુટલેગર કમ સપ્લાયર કુખ્યાત ફીરોઝ મેણું અને તેની ગેંગમાં સામેલ ૨૦ બુટલેગરો સામે ગુજસીટોક



## દસ આરોપીઓની ધરપકડ, છ જેલમાં, ચાર વોન્ટેડ : નાના પાયે દારૂનો ધંધો શરૂ કરનાર ફીરોઝ ભ્રષ્ટ પોલીસ અફસરોના આશીર્વાદથી સૌરાષ્ટ્રનો મોટા ગજાનો બુટલેગર બની ગયો હતો

રાજકોટ: દારૂની છુટક બોટલોનું વેંચાણ કર્યા બાદ ભ્રષ્ટ પોલીસ અધિકારીઓના ચાર હાથને કારણે સૌરાષ્ટ્રના મોટા ગજાના બુટલેગર કમ સપ્લાયર બની ગયેલા ફીરોઝ હાસમ મેણું અને તેના નેટવર્ક સાથે સંકળાયેલા ૧૯ સભ્યો વિરુદ્ધ રાજકોટ ક્રાઈમ બ્રાંચે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી દસ સભ્યોની ધરપકડ કરી છે. છ સભ્યોનો જેલમાંથી કબજો મેળવવા અને વોન્ટેડ ચારને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે. ગુજરાતમાં એક સાથે ૨૦ બુટલેગરો સામે ગુજસીટોકનો આ પ્રથમ કેસ મનાય છે. સૌરાષ્ટ્રમાં હાલમાં દારૂ સપ્લાય કરતાં મોટાભાગના બુટલેગરોને આ ગુજસીટોકનાં ગુનામાં આવરી લઈ ક્રાઈમ બ્રાંચે અંગ્રેજી દારૂની સપ્લાય ચેનને તોડી નાખવાનો પ્રયાસ કર્યો છે.

અંદાજે ૨૫ વર્ષ પહેલા અંગ્રેજી દારૂનું છુટક વેંચાણ કરનાર બુટલેગર ફીરોઝે ગુજરાતની નશાબંધીની નીતિ કેટલી ખોખલી છે તે વારંવાર સાબિત કરી દીધું છે. નાના પાયે શરૂઆત કર્યા બાદ ભ્રષ્ટાચારી પોલીસ અધિકારીઓની મદદથી ફીરોઝ બુટલેગર, બાદમાં મોટો બુટલેગર અને પછી તેનાથી પણ એક કદમ આગળ વધી સપ્લાયર બની ગયો હતો. છેલ્લા ઘણાં વર્ષોથી પોલીસ અને કાયદાની એસીતેસી કરી સૌરાષ્ટ્રભરમાં અંગ્રેજી દારૂનું નેટવર્ક ચલાવતો હતો.ભ્રષ્ટ પોલીસને ફીરોઝનું નેટવર્ક અટકાવવામાં કોઈ રસ ન હતો, તેથી ફીરોઝ એક ગુનામાંથી છુટી ફરીથી નેટવર્ક શરૂ કરી દેતો હતો.

થોડા દિવસો પહેલા એસએમસીએ કુવાડવા રોડ પોલીસની હદમાંથી તેનો ૭૦ લાખનો દારૂ પકડતાં શહેર પોલીસની આબરૂનું વધુ એક વખત ધોવાણ થયું હતું. ગાંધીનગર સુધી તેના પ્રત્યાઘાતો પડતાં કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ વસાવાને ઈન્કવાયરી પહેલા જ સસ્પેન્ડ કરી દેવાયા હતા. આ કેસ પછી ક્રાઈમ બ્રાંચના ડીસીપી જગદીશ બાંગરવાએ ફીરોઝ આણી ટોળકી વિરુદ્ધ લગામ કસવા કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો, જેના ભાગરૂપે ક્રાઈમ બ્રાંચે ફીરોઝ આણી ટોળકીની ક્રાઈમ કુંડળી એકત્ર કરી ગુજસીટોકની દરખાસ્ત તૈયાર કરી હતી.આખરે આજે ક્રાઈમ બ્રાંચે ગુનો નોંધ્યો છે. આ ગુજસીટોકના ગુનામાં સૌરાષ્ટ્રભરમાં અંગ્રેજી દારૂનું નેટવર્ક ચલાવતા મોટાભાગના બુટલેગરોને સાંકળી લેવાયા છે, જેમાં ધવલ સાવલીયા અને હર્ષદ ઉર્ફે મહાજન માંડલીયા વગેરેનો પણ સમાવેશ થાય છે.

**ધરપકડ કરાયેલા દસ આરોપીઓ:**ક્રાઈમ બ્રાંચે ફીરોઝની ગેંગના જે દસ આરોપીઓની ધરપકડ કરી છે તેમાં ચંદ્રેશ ઉર્ફે કાળીયો જગદીશ ચાઉં (રહે. રાધેશ્યામ સોસાયટી શેરી નં.૬, કોઠારીયા રોડ), ધવલ ઉર્ફે શિવ બકુલ વડનગરા (રહે. કિર્તિધામ સોસાયટી શેરી નં.૧, દેવપરા), યશપાલસિંહ ઘનુભા જાડેજા (રહે. ખાનપર (ધુનડા), તા. મોરબી), મનોજ ઉર્ફે શિવો રમેશ પોબારૂ (રહે. અમૃતધારા રેસિડેન્સી, રેલનગર), મોહસિન ઉર્ફે ચીનલો દીલાવર કુરેશી (રહે. લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી), જય ઉર્ફે જયશન રસિક સાવલીયા (રહે. આસોપાલવ સોસાયટી, કોઠારીયા રોડ), મોહસિન મહમદ ભાયા (રહે. બેડી, જામનગર), બકુલ ઉર્ફે જગદીશ દીનેશ નંદેસણીયા (રહે. વઢવાણ, સુરેન્દ્રનગર), રાહુલ બોદાભાઈ વકાતર (રહે. કણકોટ રોડ) અને નિર્મળ હંસરાજ માણેક (રહે. જિલ્લા ગાર્ડન ચોક)નો સમાવેશ થાય છે.

મુખ્ય સૂત્રધાર ફીરોઝ (રહે. નિલકંઠ પાર્ક શેરી નં.૩, કોઠારીયા રોડ) રાજકોટ જેલમાં, હર્ષદ ઉર્ફે મહાજન માણેકલાલ માંડલીયા (રહે. વૃંદાવન પાર્ક સોસાયટી શેરી નં.૧, દેવપરા) નવસારી જેલમાં, ધવલ રસિક સાવલીયા જેતપુર સબ જેલમાં, ઈમરાન ઉર્ફે બોબડો ઉર્ફે ખલી હારૂન કાલવા (રહે. ભાવનગર) ડીસા સબ જેલ, પ્રશાંત ઉર્ફે પાસો કિશોર પરમાર વડોદરા સેન્ટ્રલ જેલ અને યુસુફ ઉર્ફે ડાંગી હસન હીગોરા ડીસા જેલમાં છે. આ છએ આરોપીઓ અલગ-અલગ ગુનામાં જેલની હવા ખાઈ રહ્યા છે. જ્યાંથી હવે ક્રાઈમ બ્રાંચ કબજો મેળવશે.

ફીરોઝ અને તેની ટોળકી વિરુદ્ધ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ખૂનની કોશિષ, હુમલા કરવા, ગેરકાયદે મંડળી રચી હુમલા કરવા, અપહરણ, ગોંધી રાખવું, એટ્રોસિટી, જાનથી મારી નાખવાની ધમકી આપવી, આર્મ્સ એક્ટ, બોગસ દસ્તાવેજો બનાવવાના અને બીજા રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં અંગ્રેજી દારૂ મંગાવી તેનું સમગ્ર સૌરાષ્ટ્રમાં વેંચાણ કરવા અંગે અત્યાર સુધીમાં અધધ કહી શકાય તેટલા ૩૦૦થી વધુ ગુના નોંધાયા છે.

ક્રાઈમ બ્રાંચે નિયમ મુજબ ૨૦૧૭થી લઈ ૨૦૨૬ સુધીમાં નોંધાયેલા ૨૭૨ ગુના ધ્યાને લઈ ગુજસીટોકની દરખાસ્ત તૈયાર કરી હતી. આ ટોળકીની ગુનાઈત પ્રવૃતિને કારણે સમાજમાં ભય તો ફેલાતો હતો જ સાથોસાથ સૌરાષ્ટ્રમાં અનેક લોકો નશાના રવાડે પણ ચડી ગયા હતા. ફીરોઝ અને તેના સાગરીતો વિરુદ્ધ સમયાંતરે પાસા અને સંગઠીત ક્રાઈમની કલમ ૧૧૧ હેઠળ પગલાં લેવાયા હતા. પરંતુ તેનાથી કોઈ ફર્ક પડયો ન હોય તેમ આ ટોળકીએ પોતાની ગુનાઈત પ્રવૃતિઓ ચાલુ રાખતા આખરે સંગઠીત ગુનાઓને અંકુશમાં લેવા માટે બનાવાયેલા પોલીસ પાસેના હાલના એક માત્ર શસ્ત્ર ગુજસીટોકનો ઉપયોગ કરાયો હતો.

શહેરમાં છેલ્લા એકાદ વર્ષ દરમિયાન ક્રાઈમ બ્રાંચે પેંડા, મુરગા, બાટલી, ઓડીયા, ઈભલા, શામજી મક્કા, અલ્તાફ ઉર્ફે છ આંગળી, રામદેવ ડાંગર અને ફીરોઝ સહિત નવ ગેંગના ૧૧૩ સભ્યો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધ્યો છે. બીજી કઈ ગેંગ ગુજસીટોકની વ્યાખ્યામાં આવે છે તેની પણ હાલ ક્રાઈમ બ્રાંચ તપાસ કરી રહી છે. એકંદરે સંગઠીત બની ગુના આચરતી મોટાભાગની ટોળકીઓ ગુજસીટોકમાં પુરાઈ ગઈ છે. જોકે તેનાથી શહેરમાં ગુનાખોરી અટકી હોય તેવું નથી. હજુ પણ શેરીએ-ગલીએ ફુટી નીકળેલા લુખ્ખાઓ અને માથાભારે તત્વો પોલીસને પડકાર ફેંકી રહ્યા છે.

ગુજસીટોક હેઠળ ગુનો નોંધવા માટે તમામ આરોપીઓ વિરુદ્ધ કેટલી ફરિયાદો નોંધાઈ છે, કેટલા ગુનામાં ચાર્જશીટ, ચાર્જફ્રેમ થયા છે સહિતની માહિતી મેળવવી પડે છે. જેને કારણે સામાન્ય રીતે ગુજસીટોકની દરખાસ્ત તૈયાર કરવામાં ઓછામાં ઓછા બે મહિના કરતા વધુ સમય લાગે છે. પરંતુ ફીરોઝ આણી ટોળકી વિરુદ્ધ ક્રાઈમ બ્રાંચના એસીપી બી.બી. બસીયા, પીઆઈ એમ.આર. ગોંડલીયા અને પીએસઆઈ સી.બી. જાડેજાએ માત્ર અઠવાડિયામાં દરખાસ્ત તૈયાર કરી લીધી હતી. આ કેસની તપાસ ક્રાઈમ બ્રાંચે પોતાના હસ્તક રાખી છે.

ફીરોઝ અને તેની ટોળકીએ દારૂ સહિતની ગુનાઈત પ્રવૃતિઓ દ્વારા લાખો-કરોડોની મિલ્કતો એકત્રિત કર્યાનું મનાય છે. હવે નિયમ મુજબ ક્રાઈમ બ્રાંચ આ તમામ મિલ્કતો અંગે તપાસ કરી તેને ટાંચમાં લેવાની કાર્યવાહી કરશે. એટલું જ નહીં આ ગેંગ સાથે સંકળાયેલા અન્ય આરોપીઓ, ગેંગને આર્થિક મદદ કરનાર અને પડદા પાછળ રહી મદદ કરનારાઓ અંગે પણ તપાસ કરશે.

# બંધ ટ્રક પાછળ બાઈક ઘુસી જતા યુવકનું મોત

રાજકોટ:

રાજકોટથી શુક્લ પીપળીયા ગામ તરફ જઈ રહેલા એક યુવાનને રસ્તામાં કાળ આંબી ગયો હતો. મૂળ શુક્લ પીપળીયાનો અને હાલ રાજકોટના પેડક રોડ પર આવેલા બંગડીના કારખાનામાં મજૂરી કામ કરતો કરણ મહેશભાઈ સરવૈયા (ઉ.વ. ૨૦) ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ પોતાનું બાઈક લઈને વતન જઈ રહ્યો હતો.

બેડી ચોકડીથી સોખડા ચોકડી તરફ જતા ઓવરબ્રિજની નીચે ઉતરતા રોડ પર એક ટ્રક શંકાસ્પદ હાલતમાં પાર્ક કરેલો હતો. રાત્રિના અંધારામાં આ ઉભેલો ટ્રક ધ્યાને ન આવતા કરણનું બાઈક ટ્રકની પાછળના ભાગે ધડાકાભેર અથડાયું હતું. અકસ્માતમાં માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં કરણને તાત્કાલિક ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બે ભાઈઓમાં નાનો અને કમાવ દીકરો છીનવાઈ જતાં પરિવારમાં કટોકટી છવાઈ ગઈ છે. કુવાડવા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કંસારા બજારની પેઢીમાંથી ૪.૭૯ લાખની હાઈટેક ચોરી

રાજકોટ:રાજકોટના સોની બજારને અડીને આવેલા ઐતિહાસિક કંસારા બજારમાં તસ્કરોએ એક મોટી પેઢીને નિશાન બનાવી પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવાઓની હવા કાઢી નાખી છે. કંસારા બજારમાં આવેલી 'ત્રીભુવનદાસ દામોદરદાસ શેઠ' નામની વાસણો અને સિક્કાની જાણીતી પેઢીમાં ગત તારીખ ૨ જુલાઈ ૨૦૨૬ના રોજ મોડી રાત્રે ૩ થી ૪ વાગ્યાની વચ્ચે ચોરીની આ ઘટના બની હતી. પેઢીના માલિક સચીનભાઈ રસિકલાલ શેઠ કામ સબબ સુરેન્દ્રનગર ગયા હોવાથી દુકાન બંધ હતી.

અજાણ્યા ચાર જેટલા શાતિર તસ્કરોએ પેઢીની પાછળ આવેલી જૂના ગઢની રાંગની દીવાલનો સહારો લીધો હતો અને ત્યાંથી સીધા ત્રીજા માળેથી પેઢીની અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો ત્રીજા માળેથી નીચે ઉતરી બીજા માળે આવ્યા હતા અને ગલ્લા-કબાટ તોડીને કાઉન્ટરમાં રાખેલી ૧,૫૨,૦૦૦ની રોકડ રકમ ચોરી લીધી હતી. આ ઉપરાંત ઉપરના માળે પ્રદર્શનમાં રાખેલા ચાંદીના કિંમતી વાસણો, જર્મન સિલ્વરનો સામાન, એન્ટિક તાંબાના સિક્કા અને પિતળનો સામાન મળી કુલ ૩,૨૭,૨૫૦નો કિંમતી માલસામાન પણ તસ્કર ટોળકી ઉઠાવી ગઈ હતી.

સચીનભાઈ સુરેન્દ્રનગરથી પરત ફરતા પેઢીનું તાળું તૂટેલું અને સામાન વેરવિખેર જોતા ચોરી થઈ હોવાનો અહેસાસ થયો હતો. એ ડિવિઝન પોલીસે કુલ ૪,૭૯,૨૫૦ ની ચોરી અંગે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે ચારેય તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બાંદરામાં વીજ કરંટની લપેટમાં આવેલી પત્નીને બચાવવા જતાં પતિનું કરૂણ મોત

## વીજ શોકથી ઈજાગ્રસ્ત પત્ની સિવિલમાં દાખલ, ૪ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

ગોંડલ: ગોંડલ તાલુકાના બાંદરા ગામે ખેતમજૂરી કરતા મૂળ મધ્યપ્રદેશના એક શ્રમિક પરિવાર વાડીએ કામ કરતો હતો એ વખતે પત્નીનો પગ જીવતા વીજવાયર પર પડતાં તે કરંટની લપેટમાં આવી ગઈ હતી. પત્નીને બચાવવા માટે દોડેલા પતિને પણ વીજ કરંટ લાગતાં તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ૧૫ વર્ષના પુત્રએ લાકડીથી વાયર હટાવતાં માતાનો જીવ બચ્યો હતો, જેને ઈજાગ્રસ્ત હાલતમાં ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોંડલ તાલુકાના બાંદરા ગામે આવેલી પંકજભાઈ પરસોત્તમભાઈ ઘોણીયાની વાડીમાં મધ્યપ્રદેશના માલગાવ (બડવાળા) ના વતની કૈલાશભાઈ સત્યાભાઈ પાવરા અને તેમનાં ૩૫ વર્ષીય પત્ની મંતલીબેન રોજિંદા ક્રમ મુજબ વાડીએ કામ કરી રહ્યા હતા. આ દરમિયાન ખપાટ જેવા સાધનની જરૂર પડતાં તેઓ બાજુની વાડીએ ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે અચાનક મંતલીબેનનો પગ નીચે પડેલા જીવતા વીજવાયર પર આવી જતાં તેમને જોરદાર કરંટ (શોર્ટ) લાગ્યો હતો અને તેઓએ બૂમાબૂમ કરી મૂકી હતી.

પત્નીની ચીસાચીસ સાંભળીને પતિ કૈલાશભાઈ તેમને બચાવવા માટે દોડી ગયા હતા. તેમની સાથે તેમનો ૧૫ વર્ષનો પુત્ર વીરેન પણ હાથમાં લાકડી લઈને દોડયો હતો. પુત્ર વીરેને લાકડીની મદદથી માતાને વીંટળાયેલો જીવંત વીજ વાયર દૂર કર્યો હતો, જેથી માતાનો જીવ બચી ગયો હતો. બચાવ કામગીરી દરમિયાન કૈલાશભાઈને ભારે કરંટ લાગી જતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે મંતલીબેનને ઈજા પહોંચતા તેમને સારવાર અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ગોઝારી ઘટનાને પગલે મૃતક દંપતીના ત્રણ દીકરા અને એક દીકરી એમ કુલ ૪ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. બનાવની જાણ થતાં જ તેમના સગાસંબંધીઓ સરકારી હોસ્પિટલે દોડી આવ્યા હતા. હોસ્પિટલ પરિસરમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. હાલ ગોંડલ તાલુકા પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.

## વોર્ડન સહિતના જવાબદારોની ગંભીર બેદરકારીથી છાત્રએ જીવ ગુમાવ્યો

# હોસ્ટેલની ગેલેરીમાં માતા સાથે ફોન પર વાત કરતા વિદ્યાર્થીનું વીજશોક લાગતા મોત

રાજકોટ:રાજકોટના કણકોટ ખાતે આવેલી સરકારી એન્જિનિયરીંગ કોલેજની હોસ્ટેલમાં સત્તાધીશો અને રેક્ટરની ગુનાહિત બેદરકારી સામે આવી છે.

ઈન્ટર્નશીપના પ્રથમ દિવસે જ નોકરી પૂરી કરીને હોસ્ટેલ પરત ફરેલો રોબોટીક્સ વિભાગનો તેજસ્વી વિદ્યાર્થી ધ્રૂવનાઈ મદનમોહન રાત્રે ૯.૩૦ વાગ્યે હોસ્ટેલની ગેલેરીમાં ઊભો-ઊભો તેની માતા સાથે ફોન પર વાત કરી રહ્યો હતો. આ દરમિયાન અચાનક તે ખુલ્લા વીજ વાયરના સંપર્કમાં આવી જતાં કરંટ લાગ્યો હતો.ધ્રૂવનાઈ મૂળ બિહારના દરભંગાનો વતની હતો અને તેનો પરિવાર હાલ વાપી રહે છે. તે બે બહેનોનો એકનો એક ભાઈ હતો. આ અકસ્માત બાદ સમગ્ર હોસ્ટેલ પરિસરમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મૃતક યુવાનના પરિવારજનો વાપીથી રાજકોટ આવવા રવાના થયા છે.

માતાનો ફોન આવ્યા બાદ ધ્રૂવનો અન્ય એક મિત્ર મનુ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. મનુએ પોતાના જીવની પરવા કર્યા વગર, પગમાં ચપ્પલ પહેરીને પાણીમાં ઉતરી ધ્રૂવને જોરથી ખેંચીને વાયરથી અલગ કર્યો હતો. ત્યારબાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તેનું મૃત્યુ થયું હતું.

જ્યારે ધ્રૂવ વીજ કરંટની ઝપેટમાં આવ્યો ત્યારે તે વાયર સાથે ચોંટી ગયો હતો અને જીવ બચાવવા માટે ''બચાવો... બચાવો...''ની બૂમો પાડી રહ્યો હતો. જોકે, હોસ્ટેલમાં કોઈએ આ અવાજ સાંભળ્યો નહોતો. બીજી તરફ, ફોનના બીજા છેડે વાપી બેઠેલી માતાને પુત્ર પર મોટી આફત આવી હોવાનો અહેસાસ થતાં જ તેમણે તાત્કાલિક રાજકોટ હોસ્ટેલમાં રહેતા ધ્રૂવના મિત્ર શૌર્ય યાદવને ફોન કરીને જાણ કરી હતી.

હોસ્ટેલના અન્ય વિદ્યાર્થીઓએ તંત્ર સામે ભારે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, છેલ્લા બે દિવસથી હોસ્ટેલ પરિસરમાં વીજ શોકની ગંભીર સમસ્યા હતી. ગુરૂવારે રાત્રે ૧૨ વાગ્યે વિદ્યાર્થીઓએ વીજ શોક લાગતો હોવાનો વીડિયો બનાવીને વોચમેનને મોકલી ફરિયાદ પણ કરી હતી. શુક્રવારે સવારે ઈલેક્ટ્રિક ટેકનિશિયન આવ્યા ખરા, પરંતુ બધું સરખું થઈ ગયું છે તેમ કહીને રવાના થઈ ગયા હતા. તંત્રની આ વેઠ ઉતારવાની નીતિને કારણે આખરે એક વિદ્યાર્થીએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે.

# રોડ વચ્ચે થાર ઉભી રાખી માથાભારે શખસની ધમાલ

## ફાલ્કન પંપના માલિકને હાથ-પગ ભાંગી નાખવાની ધમકી દીધા બાદ પોલીસના પટ્ટા ઉતરાવી દેવા કહ્યું

રાજકોટ:

રાજકોટમાં પોલીસની ઓસરતી ધાકને કારણે લુખ્ખા તત્વો બેલગામ બની રહ્યા છે જેને સમર્થન આપતો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વાવડી વિસ્તારમાં રોડ વચ્ચે કાળા કાચવાળી પોતાની થાર કાર ઊભી રાખી ટ્રાફિક જામ કરનાર એક શખ્સે પહેલા એક ઉદ્યોગપતિ સાથે ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આટલેથી ન અટકતા, ઘટનાસ્થળે પહોંચેલી જનરક્ષક ૧૧૨ ની પોલીસ તેને ચોકીએ લઈ જતાં, ત્યાં પણ આરોપીએ કાયદાનો કોઈ ડર રાખ્યા વિના પોલીસ કર્મચારીના જ પટ્ટા ઉતરાવી દેવાની અને હાથ-પગ તોડી નાખવાની ધમકી આપી ઉદ્ધત વર્તન કર્યું હતું. આ મામલે પોલીસ સ્ટેશનમાં થાર ચાલક સામે ઉદ્યોગપતિ, પોલીસ કર્મચારી દ્વારા અલગ-અલગ બે ગુના નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કાલવાડ રોડ પર રહેતા અને વાવડીમાં ફાલ્કન પંપ નામનું કારખાનું ચલાવતા ઉદ્યોગપતિ કરણભાઈ કમલનયનભાઈ સોજીત્રા શુક્રવારે પોતાની ફોર્ચ્યુનર ગાડી લઈને કારખાને જઈ રહ્યા હતા. સાડા દસ વાગ્યાની આસપાસ ૮૦ ફૂટ રોડ પર એચ.ડી.એ.સી. બેંક પાસે પહોંચતા રસ્તાની વચ્ચે એક મહીંદ્રા થાર નંબર GJ-03-PM-4581 ઊભી હતી, જેના કારણે ટ્રાફિક જામ થઈ રહ્યો હતો.કરણભાઈએ ગાડી સાઈડમાં લેવાનું કહેતા જ થાર ચાલક ગૌરવ ગોસ્વામી ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ગાળો આપી ધમકી આપી હતી કે, “તું મને ઓળખતો નથી, હું વાવડીમાં જ રહું છું. તારે રોજ અહીંથી જ નીકળવાનું છે ને, તારા હાથ-પગ ક્યારે ભાંગી જશે ખબર પણ નહીં પડે.” જેથી કરણભાઈએ તુરંત જ ૧૧૨ પોલીસ હેલ્પલાઈન પર ફોન કર્યો હતો.

પોલીસ કોન્સ્ટેબલ નિર્મળસિંહ ઝાલા સ્ટાફ સાથે ત્યાં પહોંચ્યા હતા અને ટ્રાફિક હળવો કરાવી બંને પક્ષોને વાવડી પોલીસ ચોકીએ લઈ ગયા હતા. થાર ગાડીમાં પ્રતિબંધિત કાળા કાચ હોવાથી જ્યારે પોલીસ કોન્સ્ટેબલે તેને પૂછપરછ કરી, ત્યારે આરોપી ગૌરવ ગોસ્વામીનો પિત્તો ગયો હતો. તેણે પોલીસ ચોકીમાં જ રાડારાડ કરીને ધમકી આપી હતી.આ સમયે ચોકીમાં હાજર એ.એસ.આઈ. ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને સ્ટાફે આવીને તેને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ગાળો આપતો જ રહ્યો હતો. આખરે તેને તાલુકા પોલીસ સ્ટેશન લાવીને કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસે ગોરવ ગોસ્વામી સામે ગુના નોંધી તપાસ હાથ ધરી છે.

## મુસ્લિમ શખ્સ સાથે ભાગીને માઉન્ટ આબુ સુધી ગયા બાદ

# પિતાએ ઠપકો આપતા પરત આવેલી પરિણીતાનો આપઘાત

રાજકોટ:દૂધસાગર રોડ પર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતી ૨૫ વર્ષીય નેપાળી પરિણીતાએ મુસ્લિમ શખ્સ સાથે ઘર છોડીને માઉન્ટઆબુ સુધી ગયા બાદ પિતાએ ઠપકો પરત ફર્યાના બીજા જ દિવસે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં પરિવારમાં શોક છવાયો છે.

બનાવની પ્રાપ્ત વિગત અનુસાર, દૂધસાગર રોડ ગુ.હા. બોર્ડ કવર્ટરમાં રહેતી ભગવતીબેન પવન પરિહાર(ઉ.વ.૨૫) નામની નેપાળી પરિણીતાએ સવારે પોતાના ઘરની બાજુમાં જ રહેતાં પિતા સુરજસિંગ કરણસિંગના ઘરે પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકને સંતાનમાં બે દીકરી એક દીકરો છે. વ્હેલી સવારે પતિ નોકરીએ ગયા બાદ ભગવતીબેને બાજુમાં જ રહેતા સગાના ઘરે હાથ પર બ્લેડથી કાપા માર્યા હતા. દીકરીનું ધ્યાન પડી જતા પિતા પોતાના ઘરે લઈ ગયા હતા. જે બાદ માતા જમુનાબેન થોડા સમય માટે બહાર નીકળતાં ભગવતીબેને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પરિણીતા ઘરેથી નીકળી માઉન્ટ આબુ સુધી પહોંચી ત્યારે તેણીના પિતાનો મુસ્લિમ યુવકને ફોનમાં મેસેજ આવ્યો હતો. ''અહીની ક્રાઈમ બ્રાંચ ત્યાંની પોલીસને જાણ કરશે તો પોલીસ ધોકાવ્યા વગર નહી મુકે'' જે જોઈ ડરી ગયેલા યુવકે પરિણીતાને લઈને રાજકોટ આવવું પડ્યું હતું. ભગાડી જનાર યુવક અપરણિત હતો.

ભગવતીબેન મંગળવારે ઘરેથી નીકળી ગયા બાદ તેણી એક મુસ્લિમ શખ્સ સાથે ભાગી ગઈ હોવાની માહિતી મળતાં પરિવાર ચિંતિત બન્યો અને થોરાળા પોલીસને જાણ કરવામાં આવી હતી. દરમિયાન બુધવારે ભગવતીબેન પરત ઘરે આવી જતાં બંને પક્ષ વચ્ચે પોલીસ સમક્ષ સમજાવટ અને સમાધાન થતાં પતિ તેમને ઘરે પરત લાવ્યો હતો. પતિએ જે બન્યું તે ભૂલી જઈને નવી શરૂઆત કરવાની વાત કહી તેમને સમજાવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.

# પાર્ક કરેલી બોલેરો અચાનક ચાલવા લાગતા બાળકનું મોત

રાજકોટ:

રાજકોટ નજીક આવેલા લોઠડા જીઆઈડીસી વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. લોઠડામાં આવેલા વરુણ કાસ્ટિંગ કારખાના પાસે રહેતા અને મૂળ મધ્યપ્રદેશના વતની અનિલભાઈ મખોડિયાનો ૧૦ વર્ષનો પુત્ર આર્યન ગઈકાલે પોતાના ઘર પાસે અન્ય બાળકો સાથે રમી રહ્યો હતો.

રમત ગમતના આ માહોલ દરમિયાન ત્યાં એક બોલેરો કાર પાર્ક કરેલી હતી. આ પાર્ક કરેલી બોલેરો કાર અચાનક કોઈપણ કારણોસર ઢાળ પર અથવા ગિયર મુક્ત થઈને આપમેળે ચાલવા લાગી હતી. રમવામાં મશગૂલ માસૂમ આર્યન કંઈ સમજે તે પહેલાં જ આ બોલેરો કાર તેના પર ફરી વળી હતી. ગંભીર રીતે કચડાઈ જવાથી આર્યનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આજીડેમ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# શબપેટીમાં સંતાડી એમ્બ્યુલન્સમાં દારૂની હેરાફેરી!

## એરપોર્ટ પાસેથી બેની ધરપકડ, ૨ વર્ષથી દારૂની હેરાફેરી કરતા હતા

રાજકોટ:બામણબોર ચેકપોસ્ટ તરફથી આવતી એક એમ્બ્યુલન્સ કારને એરપોર્ટ ત્રણ રસ્તા પાસે રોકી એરપોર્ટ પોલીસે તપાસ દરમિયાન ગાડીની પાછળ રાખેલી સફેદ શબપેટી (કોફિન)માંથી ઈંગ્લિશ દારૂ અને બિયરના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસે રૂ.૩.૬૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એમ્બ્યુલન્સ સહીત કુલ રૂ.૩,૬૪,૩૬૨નો મુદ્દામાલ કબજે લેવાયો છે.એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ કે.પી.તરેટીયા અને ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બામણબોર ચેકપોસ્ટ તરફથી આવતી એમ્બ્યુલન્સ કારમાં દારુની હેરાફેરી થતી હોવાની મળેલી બાતમીના આધારે ટીમે એમ્બ્યુલન્સની તપાસ દરમિયાન વિદેશી દારુ ઝડપી પાડ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી ડ્રાઈવર જયેશગીરી ગોસાઈ (ઉ.વ. ૩૬), રહે. રામપાર્ક સોસાયટી, ભોળાનાથના મંદિર પાસે, માર્કેટીંગ યાર્ડ, અને તેની બાજુમાં બેઠેલા ગીરીરાજસિંહ જાડેજાની (ઉ.વ. ૨૫), રહે. કૃષ્ણનગર શેરી નં. ૩, સબ સ્ટેશન પાછળ, પોપટપરા મેઈન રોડની ધરપકડ કરી લીધી છે. પોલીસે શબપેટી ખોલાવી તપાસ કરતાં અંદરથી અલગ-અલગ બ્રાન્ડનો ઈંગ્લિશ દારૂ અને બિયરના ટીન મળી આવ્યા હતા.

આરોપીઓ છેલ્લા બે વર્ષથી એમ્બ્યુલન્સનો ઉપયોગ દારૂની હેરાફેરી માટે કરતા હતા. દર્દી કે મૃતદેહ લઈ જતી એમ્બ્યુલન્સ પર સામાન્ય રીતે કોઈને શંકા ન જતી હોવાથી તેઓ સરળતાથી ચેકિંગમાંથી પસાર થઈ જતા હતા.